# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'યે રિશ્તા ક્યા...'ની અક્ષરાને બ્રેસ્ટ કેન્સર



પેજ-09

'બાપુ'એ અંગ્રેજોને ફરી ઘરભેગા કરી દીધા: અક્ષર અને કુલદીપ...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 32.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |


પેજ 5





કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંકે મધ્યમ-આવક સમૂહ અને વ્યૂહાત્મક...


29 JUNE-2024 SATURDAY


બ્રિટનમાં ચૂંટણી પહેલા સુનક અને સ્ટારમર વચ્ચે તકરાર




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79032.73 | ▼ | 210.45 |
| નિફ્ટી | 24010.60 | ▼ | 033.90 |
| સોનું | 71,586.00 | ▲ | 014.00 |
| ચાંદી | 87,607.00 | ▲ | 559.00 |


વર્ષ-13 । અંક-225 । વિક્રમ સંવત-2079 । જેઠ વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ગાડીઓ ડૂબી, પાવર કટ, સાંસદોનાં બંગલામાં પાણી ઘૂસ્યાં, ઘણાં વિસ્તારો નદીઓમાં ફેરવાયા

# દિલ્હીમાં દે ધનાધન 10 ઈંચ વરસાદ : 88 વર્ષનો રેકોર્ડ તૂટ્યો

(એજન્સી) નવી દિલ્હી I તા. 28

પાણીના એક-એક ટીપા માટે તરસતા દિલ્હીમાં આજે પાણી જ પાણી છે. છેલ્લા 24 કલાકમાં દિલ્હીમાં 228.1 મિમીથી વધુ વરસાદ નોંધાયો છે. અગાઉ 28 જૂન, 1936ના રોજ 235.5 મિમી વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે. લ્યુટિયન્સ દિલ્હીનો વિસ્તાર, જ્યાં સાંસદો, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રહે છે, એ પણ પાણીમાં ડૂબી ગયો છે. દિલ્હીમાં શુક્રવારે સવારે 3 વાગ્યાથી શરૂ થયેલો ભારે વરસાદ લગભગ સાડાત્રણ કલાક સુધી ચાલુ રહ્યો હતો, જેના કારણે સમગ્ર દિલ્હી-એનસીઆરની હાલત ખરાબ થઈ ગઈ હતી. હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે સાંસદના ઘરમાં પાણી ઘૂસતાં તેમને ઊંચકીને બહાર કાઢવામાં આવ્યા હતા. દિલ્હી અને NCRના વરસાદે હદ પાર કરી હોય એવું લાગી રહ્યું. વરસાદ એટલો પડ્યો કે તેણે 88 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે સ્થિતિ એવી થઈ ગઈ છે કે રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા છે, લોકો ટ્રાફિકજામમાં અટવાઈ ગયા છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ દેખાઈ રહ્યું છે. દિલ્હીમાં વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિની તસવીરો તમારી સામે છે. આ તસવીરો દર્શાવે છે કે કેવી રીતે વરસાદે દિલ્હીમાં જબરદસ્ત એન્ટ્રી કરી છે. હવામાન વિભાગના ડેટા અનુસાર, દિલ્હીમાં ગુરુવારે સવારે 8.30 વાગ્યાથી શુક્રવારે સવારે 8.30 વાગ્યા સુધી 228 મિમી વરસાદ નોંધાયો છે.







અનેક રસ્તાઓ બંધ

## દિલ્હી એરપોર્ટ પર ટર્મિનલ-1ની છત પડી, 1નું મોત

**લેફ્ટનન્ટ ગવર્નરે અધિકારીઓની 2 મહિનાની રજાઓ રદ કરી, ઈમરજન્સી કંટ્રોલરૂમ બનાવવા નિર્દેશ અપાયા**



દિલ્હી-NCRમાં વરસાદને કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (IGI)ના ટર્મિનલ-1 પર શુક્રવારે સવારે 5 વાગ્યે પાર્કિંગની છત તૂટી પડી હતી. દુર્ઘટનામાં કારમાં બેઠેલા કેબ ડ્રાઈવરનું મોત થયું છે જ્યારે 8 ઘાયલ થયા છે. ઘાયલોને મેદાંતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. દિલ્હી ફાયર સર્વિસ, પોલીસ, સીઆઈએસએફ અને એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે.

## સપા નેતાના ઘરમાં પાણી ઘૂસ્યું, ઊંચકીને કાર સુધી લઈ જવાયા

શુક્રવારે સવારે દિલ્હી-NCRમાં ભારે વરસાદ થયો હતો. આ વરસાદને કારણે દિલ્હીના પોશ વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. લ્યુટિયન્સ દિલ્હીનો વિસ્તાર, જ્યાં સાંસદો, મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ રહે છે, એ પણ પાણીમાં ડૂબી ગયો છે. સ્થિતિ એવી હતી કે સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવને તેમના સ્ટાફે ઊંચકીને ગાડીમાં બેસાડ્યા હતા. જ્યારે મીડિયાએ તેમને આ બાબતે પૂછ્યું તો તેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા. રામ ગોપાલ યાદવે કહ્યું હતું કે આમાં NDMCની ભૂલ છે. જૂના કર્મચારીઓ જાણે છે કે ક્યાં પાણી ભરાય છે.

## દિલ્હીના રસ્તાઓ પર બીજેપી નેતાએ ચલાવી બોટ! પાણી ભરાવા સામે અનોખો વિરોધ

(એજન્સી) નવી દિલ્હી I તા. 28

રાજધાની દિલ્હીમાં મોડી રાતથી વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે દિલ્હીના રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. અનેક જગ્યાએ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. આ દરમિયાન ભાજપના નેતાએ પાણી ભરાવાને લઈને દિલ્હી સરકાર સામે પ્રતિકાત્મક વિરોધ કર્યો છે. ભાજપના કાઉન્સિલર રવિન્દર સિંહ નેગીએ વિનોદ નગર પાસે NH9 પર પ્લાસ્ટિકની એર બોટ ચલાવી હતી. શુક્રવારે દિલ્હીમાં ત્રણ કલાકમાં 150 MM વરસાદ નોંધાયો હતો, જે આ વર્ષે રાજધાનીમાં નોંધાયેલા સૌથી વધુ વરસાદમાંનો એક છે.



### નાળાઓની સફાઈ કરવામાં આવી નથી: ભાજપ નેતા

આ સાથે બીજેપી કાઉન્સિલરે કહ્યું કે, દિલ્હીમાં PWD હેઠળ આવનારી ગટરો ઓવરફ્લો થઈ રહી છે. દિલ્હી સરકાર અને PWDએ તેમની સફાઈ કરાવી નથી. જેના કારણે પાણીનો ભરાવો થયો છે. જો આ સફાઈ હજુ પણ કરવામાં નહીં આવે તો સમગ્ર વરસાદની સીઝન દરમિયાન દિલ્હીના લોકોને પાણી ભરાવાની સ્થિતિમાંથી પસાર થવું પડશે.

### કોંગ્રેસ સાંસદ ફૂલો દેવી નેતાની તબિયત લથડી, હોસ્પિટલ ખસેડાયા



નવી દિલ્હી : સંસદના શિયાળુ સત્રના આજે પાંચમાં દિવસે ગૃહમાં નીટ પેપર લીક મુદ્દે વિરોધ-પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના સાંસદ ફૂલો દેવી નેતામની તબિયત બગડી છે. આ દરમિયાન તેઓ બેભાન થઈ જતા તુરંત હોસ્પિટલ લઈ જવાયા છે. જ્યારે ગૃહમાં વિરોધ પક્ષના નેતાઓ નીટ મુદ્દે હોબાળો મચાવી રહ્યા હતા, ત્યારે ઘટના બની છે. મુજબ હોબાળા વચ્ચે ફૂલો દેવીની તબિયત લથડી હતી.

## મની લોન્ડરિંગ કેસમાં હેમંત સોરેનને જામીન

# ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેન 5 મહિના પછી જેલમાંથી બહાર આવ્યા

### આયોજનબદ્ધ રીતે અવાજ દબાવવામાં આવી રહ્યો છે



### હાઈકોર્ટે કહ્યું- પૂર્વ સીએમ વિરુદ્ધ કોઈ નક્કર પુરાવા નથી

જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં હેમંતને શુક્રવારે સવારે જ હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા હતા. કોર્ટે કહ્યું કે મની લોન્ડરિંગ કેસમાં સંડોવણીના નક્કર પુરાવા મળ્યા નથી. હેમંત સોરેનને જામીન આપતાં હાઈકોર્ટે કહ્યું છે કે તે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ એક્ટ હેઠળ જામીનની બંને શરતો પૂરી કરે છે. કોર્ટના નિર્ણય બાદ સોરેનના સત્તાવાર નિવાસસ્થાને મીઠાઈ વહેંચવામાં આવી હતી. આ કેસમાં 31 જાન્યુઆરીની રાત્રે ED દ્વારા હેમંતની ધરપકડ કરવામાં આવી હતી.

(એજન્સી) રાંચી I તા. 28

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેન શુક્રવારે 28 જૂને રાંચીની બિરસા મુંડા જેલમાંથી બહાર આવ્યા હતા. જેલની બહાર સમર્થકોએ તેમનું સ્વાગત કર્યું હતું. હેમંતની પત્ની કલ્પના સોરેન પણ તેને લેવા જેલમાં પહોંચી હતી. જેલ છોડ્યા બાદ હેમંત સોરેને કહ્યું કે, મને ખોટા આરોપમાં 5 મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યો હતો. આ 5 મહિના ઝારખંડના લોકો માટે ખૂબ જ મુશ્કેલ હતા. આયોજનબદ્ધ રીતે લોકોનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે.

### ભગવાન રામે સાબિત કર્યું પોતાનું અસ્તિત્વ, પરંતુ વિરોધ પક્ષ તેમની લીલા ન સમજ્યો : સુધાંશુ ત્રિવેદી

નવી દિલ્હી : ભગવાન રામ સાથે જોડાયેલી અનેક જગ્યાઓ પર લોકસભાની ચૂંટણીમાં મળેલી હાર પર ભાજપના રાજ્યસભા સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું છે કે વિપક્ષ ભગવાનની લીલાને સમજી શક્યા નથી. ભાજપ સાંસદે કહ્યું કે ભગવાન રામે વિપક્ષને તેમના અસ્તિત્વનો સ્વીકાર કરાવ્યો છે. સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે અમારા વિરોધીઓ કહી રહ્યા છે કે તમે અયોધ્યા, બસ્તી, પ્રયાગરાજ, ચિત્રકૂટ, નાસિક, રામેશ્વરમ ગુમાવ્યું, ભગવાન રામ સાથે સંબંધિત તમામ જગ્યાઓ પર ભાજપ હારી ગયું.

### માયાવતીએ સેંગોલ મુદ્દે સમાજવાદી પાર્ટી પર કર્યા આકરા પ્રહારો



લખનૌ : બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ શુક્રવારે સેંગોલ મામલામાં સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. 'સેંગોલને સંસદમાં રાખવું કે હટાવવું તેના વિશે બોલવાને બદલે સપા માટે દેશના નબળા અને ઉપેક્ષિત વર્ગોના હિતમાં કેન્દ્ર સરકારને ઘેરી લેવું સારું રહેશે. સત્ય એ છે કે આ પાર્ટી આવા મોટા ભાગના મુદ્દાઓ પર મૌન રહે છે અને સરકારમાં આવ્યા પછી નબળા વર્ગો વિરુદ્ધ નિર્ણયો પણ લે છે.

## મહારાષ્ટ્ર સરકારે મોંઘવારીના મોરચે લડી રહેલી પ્રજાને મોટી રાહત આપી

**પેટ્રોલ-ડિઝલ સસ્તું, મહિલાઓને દર મહિને રૂ.1500 દર વર્ષે ત્રણ રસોઈ ગેસ સિલિન્ડર ફ્રી**

(એજન્સી) મુંબઇ I તા. 28

મહારાષ્ટ્રની સરકારે મોંઘવારીના મોરચે લડી રહેલી પ્રજાને મોટી રાહત આપી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે કહ્યું છે કે, મુંબઈ રીઝનમાં ડિઝલ પરનો ટેક્સ 24 ટકાથી ઘટાડીને 21 ટકા અને પેટ્રોલ પરનો ટેક્સ 26 ટકાથી ઘટાડી 25 ટકા કરવામાં આવશે. આનો અમલ થયા બાદ પ્રતિ લિટર ડિઝલની કિંમતમાં બે રૂપિયાનો ઘટાડો અને પ્રતિ લિટર પેટ્રોલની કિંમતમાં 65 પૈસાનો ઘટાડો થશે. મહારાષ્ટ્ર સરકારે એક કલ્યાણકારી યોજના અંગે પણ મહત્વની જાહેરાત કરી છે. આ અંગે નાણાં મંત્રીએ કહ્યું કે, 'પાંચ સભ્યોના પાત્ર પરિવારને મુખ્યમંત્રી અન્નપૂર્ણા યોજના હેઠળ દર વર્ષે ત્રણ રસોઈ ગેસ સિલિન્ડર ફ્રી અપાશે.' ઉલ્લેખનીય છે કે, નાયબ મુખ્યમંત્રી અજિત પવારે શુક્રવારે વિધાનસભામાં રાજ્યનું વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં મહિલાઓને માસિક રૂ.1500 આપવાની યોજના જાહેર કરાઈ છે. આ ભથ્થું 21થી 60 વર્ષની વયની મહિલાઓને મળશે.

### કર્ણાટકમાં વાન અને ટ્રક વચ્ચે અકસ્માત, 13નાં મોત, 4 ઘાયલ

(એજન્સી) હાવેરી I તા. 28

કર્ણાટકના હાવેરી જિલ્લામાં વાન અને ટ્રક વચ્ચેની અથડામણમાં બે બાળકો સહિત 13 લોકોનાં મોત થયા છે. ચાર ઘાયલ છે. વાનમાં 17 લોકો સવાર હતા. પોલીસે જણાવ્યું કે, અકસ્માત સવારે 3.45 વાગ્યે થયો હતો. જ્યારે હાવેરી જિલ્લાના બ્યાદાગી ખાતે હાઈવેની બાજુમાં પાર્ક કરેલી ટ્રક સાથે વાન અથડાઈ હતી. ચાર ઘાયલોમાંથી બે ICUમાં દાખલ છે. હાવેરીના એસપી અંશુ કુમાર શ્રીવાસ્તવના જણાવ્યા અનુસાર વાનમાં સવાર તમામ લોકો ચિંચોલી માયમ્મા દેવસ્થાનથી શિવમોગા પરત ફરી રહ્યા હતા.

# NEET પર સંસદના બંને ગૃહોમાં વિપક્ષનો હંગામો

(એજન્સી) નવી દિલ્હી I તા. 28


શુક્રવારે (28 જૂન, 2024) સંસદ સત્રના પાંચમા દિવસે, NEET મુદ્દે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી 1 જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી હતી. જો કે, રાજ્યસભામાં કાર્યવાહી વચ્ચે-વચ્ચે ચાલુ રહી હતી. બાદમાં તેને પણ 1 જુલાઈ સુધી મુલતવી રાખવામાં આવી હતી. હકીકતમાં, વિપક્ષ NEET પર ચર્ચાની માગણી સાથે સ્થગિત દરખાસ્ત લાવ્યો હતો.

### કોંગ્રેસનો આરોપ- રાહુલનું માઈક બંધ થઈ ગયું, NEET મુદ્દે ચર્ચા ઈચ્છતા હતા

લોકસભાની કાર્યવાહી શરૂ થઈ, પરંતુ માત્ર 15 મિનિટ પછી તેને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે જ્યારે રાહુલ ગાંધી ગૃહમાં પોતાના વિચારો રજૂ કરી રહ્યા હતા ત્યારે તેમનું માઈક બંધ થઈ ગયું હતું. આ પછી જ્યારે કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે વિપક્ષે હંગામો મચાવ્યો હતો.

**● હું માઇક બંધ કરતો નથી, અહીં કોઈ બટન નથી : સ્પીકર ઓમ બિરલા**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સ્પીકર પાસે બે મિનિટનો સમય માંગ્યો હતો. તેના પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, 'તમે માત્ર બે મિનિટ નહીં પરંતુ તમારી પાર્ટીનો આખો સમય લઈ શકો છો. તમે વિપક્ષના નેતા છો, સંસદીય મર્યાદાનું પાલન કરો. હું માઈક બંધ કરતો નથી, અહીં કોઈ બટન નથી. NEET પેપર લીકનો મુદ્દો આજે (28મી જૂન) સંસદમાં પણ ગુંજ્યો હતો. કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સ્પીકર પાસેથી NEET પેપર લીક પર ચર્ચાની માંગ કરી અને વિપક્ષે સ્થગિત દરખાસ્ત આપી.

# રાજપીપળા - કેવડીયા માર્ગ પર આવતા જુનવદ ગામ પાસે આવેલા પેટ્રોલ પંપ પર આગ લાગતા અફરા તફરી

- પંપ ઉપર મેન્ટેનન્સ ની કામગીરી ચાલતી હોય અચાનક આગ લાગતાં બે કર્મચારીઓ ઇજાગ્રસ્ત, સારવાર માટે ખસેડાયા
- અંડર ગ્રાઉન્ડ ટાકામાં પાઇપ બદલવાની કામગીરી કરતા ટાકા વધેલા થોડાક પેટ્રોલ માં અચાનક આગ પકડતા આ ઘટના બની

ભરત શાહ દ્વારા - રાજપીપળા

તા. ૨૮ નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા થી કેવડીયા જતા માર્ગ ઉપર આવતા જુનવદ ગામ પાસે આવેલા શ્રદ્ધા સબૂરી હોટલ વાળા પેટ્રોલ પંપ માં આગ લાગતાં ત્યાં હાજર લોકોમાં નાશભાગ મચી જવા પામી હતી. ત્યારે આ આગમાં બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડાયા છે.

ઘટના સ્થળે હાજર રાજપીપળા ટાઉન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પીઆઇ અને DySp કુણાલ સિહ પરમાર ના જણાવ્યા મળ્યા મુજબ શ્રદ્ધા સબૂરી હોટલ બાજુના આ પેટ્રોલ પંપ પર મેન્ટેનન્સ ની કામગીરી ચાલુ હતી એ દરમિયાન અંડર ગ્રાઉન્ડ ટાંકા માં પાઈપ બદલવાની કામગીરી ચાલુ હતી ત્યારે ટાંકા માં રહેલા થોડાક પેટ્રોલ ના કારણે આગ લાગી હતી. આગ રૌદ્ર સ્વરૂપ ધારણ કરે એ પહેલા ત્યાં અફરા તફરી મચી જવા પામી હતી, ત્યાં હાજર લોકોના જીવ તાળવે ચોંટયા હતા. આ






આગ ના કારણે ધુમાડા ના ગોટે ગોટા જોવા મળતા આસપાસ ના લોકો પણ ત્યાં દોડી આવ્યા હતા. અને રાજપીપળા પાલિકા ફાયર વિભાગ ને જાણ થતાં ફાયર ની ટીમ ત્યાં પહોંચી હતી અને આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. જોકે આ આગની ઘટના માં બે કર્મચારીઓ દાઝી જતા તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. જો ટાંકા માં વધુ પેટ્રોલ હોત તો મોટી દુર્ઘટના બની હોત પરંતુ પેટ્રોલ થોડુક જ હોવાના કારણે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. રાજપીપળા પોલીસે આ બાબતની નોંધ લઈ આગળની કાર્યવાહી કરી છે. - આ આગમાં દાઝી ગયેલા કંપની ના બે કર્મચારીઓ માં નરેન્દ્રભાઈ રામુપ્રસાદ - ૧૨ ટકા જેવું દાઝી ગયા છે જ્યારે અજયભાઈ હરીનંદન નામના કર્મચારી ૪૫ ટકા દાઝી ગયા છે અને ફેક્ચર પણ થયું હોવાનું જાણવા મળ્યું છે.

## નેત્રંગ વનવિભાગના મહિલા RFO લાજસરમ નેવે મુકી, અશોભનીય વર્તન કરતા વનકર્મીઓમાં રોષ

ભરત શાહ દ્વારા - રાજપીપળા

તા. ૨૮ પ્રાપ્ત માહિતી મુજબ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું સહવિશેષ મહત્વ હોય છે. નારી તું નારાયણી જેવા શબ્દ પ્રયોગ મહિલા માટે થયા છે. પરંતુ નેત્રંગ વનવિભાગ ના RFO જશુબેન સરવૈયાની અભદ્ર ભાષા અને ધાકધમકીના કારણે વનવિભાગના કર્મચારીઓ જીવના જોખમે કામગીરી કરવા મજબુર બન્યા છે. નેત્રંગ વનકર્મીને RFO જશુબેન સરવૈયા ફોન કરીને અભદ્ર ભાષામાં ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતો ટેલીફોનીક વાતનો ઓડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. આ



બાબતે વનકર્મીઓ નેત્રંગ પો.સ્ટેશનમાં RFO વિરૂદ્ધ ફરિયાદ પણ આપી હોવાનું જાણવા મળ્યું છે. નેત્રંગ વનવિભાગના RFO પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરતાં નિતી-નિયમો વિરૂદ્ધ વનકર્મીઓને જંગલ વિસ્તારમાં કામગીરી કરવા મજબુર કરાતા હોવાથી ભારે આક્રોશ જણાઇ રહ્યો છે. RFO ખોટા ખર્ચ બુક કરાવી ધાકધમકી આપીને વનકર્મીઓ ની સહી કરાવે છે.જો વનકર્મીઓ સહી નહીં કરે તો નોટીશ આપી ઘરે બેસાડી દેવાની ધમકી આપે છે.

## હજુ તો માંડ ચોમાસાની પાપા પગલી થઈ ત્યાં તો જાફરાબાદ નગરપાલિકાનો વિકાસ છાપરે ચઢીને પોકારવા લાગ્યો

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ પહેલા વરસાદ માં વિકાસ રોડ ઉપર ચઢ્યો પ્રાથમિક સાગર શાળા સ્કૂલ ની બાજુમાં અને બંદચોક સુધી જતો માર્ગમાં વરસાદી પાણી ભરાયાં હતાં અહીં નાના ભૂલકાઓ અભ્યાસ કરવા માટે આવતા હોય છે. અને આ પ્રાથમિક સાગર શાળા ની બાજુમાં આંગણવાડી કેન્દ્ર પર હોય ત્યાં બે ત્રણ વર્ષ ના બાળકો પણ આવતા હોય છે. પરંતુ અહીં વરસાદી પાણી ભરાઈ જતાં બાળકોને આ પાણીમાંથી પસાર થવું પડતું હોય છે. અહીં બાજુમાં માર્કેટ પર આવેલી હોય અને મોટી સંખ્યામાં મહિલાઓ શાકભાજી ની ખરીદી કરવા જતાં હોય અને તેની બાજુમા પણી ની તલાવડી ભરાતા મહિલા ઓને પણ આ પણી માંથી પસાર થવું પડતું હોય છે. ઠેકઠેકાણે પાણી ભરાયાં. નગરપાલિકાના વિકાસમાં રોડ ઉપર તલાવડી ઓ ભરાઇ હતી તો બીજી બાજુ સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ખદબદતી ગંદકી ની સાફસફાઈ કરવામાં આવતી નથી અહીં પેહેલા વરસાદ માં ગંધાતા ગટરના પાણી રોડ ઉપર ચઢ્યા હતા આ ગંદવાડા ના લીધે નાગરિકો નું સ્વસ્થ્ય ના જોખમાય તે પહેલાં ધ્યાન નગરપાલિકા આપે ચોમાસામાં આ



ખડકાયેલા ઉકરડા ના લીધે કોઈ મોટો રોગચાળો ફેલાયો તો જવાબદારી કોની ? કોલેરા જેવી મહામારી પગપેસારો કરે તે પહેલાં સામાકાંઠા વિસ્તારમાં ઘણી ખરી જગ્યાએ ગંદવાડો ઊભો છે. આ બાબતે પાલિકા ધ્યાન ઉપર લઈ તાત્કાલિક ધોરણે સાફસફાઈ કરવામાં આવે તેવી અહીં ના વિસ્તાર માં રહેતા નાગરિકોની માંગ ઉઠી છે. બીજી બાજુ મેન બજારમાં પહેલા વરસાદ ના ઝાપટાં થી ગટરો ના ગંદા પાણી રોડ ઉપર નદી જેમ વહેતું હોય ભૂગર્ભ ગટરોની સાફસફાઈ પુરતા પ્રમાણમાં કરવામાં ન આવતા ફક્ત ને ફક્ત વરસાદી ઝાપટું આવવાથી રોડ ઉપર નગરપાલિકાની વિકાસ ની પીપુડી વાગી રહી હતી એને નગરપાલિકા ઝરમરિયા માં આ વિકાસ ફરી પીપુડી વગાડવા લાગ્યો અને ત્યાંથી પસાર થતાં મુસાફરો રાહદારીઓ માટે ત્રાહિમામ પોકરાવી દે એવી ગંધ કે માથું ફાટે બોલો આવું તો આપણા જાફરાબાદમાં અનેક જગ્યાએ જોવા મળી રહ્યું છે.

## શ્રી બાલા હનુમાન મંદિર સંકિર્તન ટ્રસ્ટ જામનગર બાલા હનુમાન મંદિર ખાતે યોજાયો અન્નકુટ દર્શન

વિશાલ જે હરવરા જામનગર

જામનગર ના ભાગોળે તળાવની પાળે આવેલ અને ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન પામેલ સુપ્રસિદ્ધ મંદિર એવા શ્રી બાલા હનુમાન મંદિર ખાતે આજે અન્નકુટ ઉત્સવ મનાવવામાં આવેલ બપોરે ૪ વાગ્યે આરતી કરવામાં આવેલ અને અન્નકુટ દર્શન દર્શનાર્થીઓ માટે રાખેલ સાંજે સુર્યાસ્ત પછી મહા આરતી કરવામાં આવેલ હતી.



આજનો દિવસ શ્રી બાલા હનુમાન મંદિર રામધુન નો ૨૧૮૮૦ મો દિવસ હોય વર્ષ ૧૯૬૪ ના તારીખ ૧/૮/૧૯૬૪ ના શુભ દિવસે સંત શ્રી પ્રેમભિક્ષુજી મહારાજ ગુરુશ્રી કાશ્મીરીબાબા દ્વારા અખંડ રામધુન શરુ કરવામાં આવેલ છે આ રામધુન ૨૪ કલાક અખંડ રીતે ચાલુ છે ભારત ના અલગ અલગ પ્રાંત માં થી રામ ભક્તો ધર્મ પ્રેમીઓ અહીં દર્શન કરવા આવે છે તેમજ વિદેશી સહેલાણીઓ જામનગર આવે ત્યારે આ બાલાજી મંદિર ના દર્શન અવશ્ય કરે છે.

## દાહોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી ખરજની માધ્યમિક શાળા રાહ ડુંગરી ખાતે સિકલસેલ એનીમિયા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### વિધાર્થીઓને પી. પી. ટી. દ્વારા સિકલસેલ અંગેની વિગતવાર જાણકારી આપવામાં આવી

દિપક રાવલ દાહોદ

સિકલસેલ એક આનુવંશીક રોગ છે. સિકલસેલ રોગમાં ખામીયુક્ત રંગસુત્રો માતા-પિતામાંથી બાળકને વારસામાં મળે છે, આ રોગના કારણે સિકલસેલ દર્દીના જીવનમાં સામાન્ય કરતા વધારે તકલીફ પડતી હોય છે. આ રોગની ગંભીરતાને ધ્યાને લઈને દર્દીની તકલીફ દુર થાય અને આ રોગ આગામી પેઢીમાં ન પ્રસરે તેવા ઉમદા હેતુથી દેશના વડાપ્રધાનના હસ્તે ૧૭ રાજયોમાં સિકલસેલ એનીમિયા નાબુદી મિશન ૨૦૪૭ કાર્યક્રમનો ગત વર્ષથી પ્રારંભ કરાવવામાં આવ્યો છે. જેથી કરીને સિકલસેલ અંગેની જાગૃતિ તમામ ગામડાઓના લોકો સુધી પહોંચે તેમજ તેઓ તે પ્રત્યે સભાન થાય તેમજ સમાજમાં બદલાવ આવે તે ખુબ જ જરૂરી છે.



જે દરમ્યાન એનીમિયા મુક્ત ભારત અભિયાન હેઠળ રાષ્ટ્રીય સિકલસેલ એનીમિયા નાબુદી મિશન ૨૦૪૭ અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને નોડલ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ દાહોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી ખરજની માધ્યમિક શાળા રાહ ડુંગરી ખાતે સિકલસેલ એનીમિયા વિષે શાળાના વિધાર્થીઓને ઓડિયો, વિડીયો, પેમ્પલેટ વગેરે દ્વારા સિકલસેલ એનીમિયાની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. આ બીમારીને આગળ વધતી અટકાવવા માટે કયા પગલાં લઈ શકાય તે માટેનું આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લામાં કાર્યરત એનિમિયા નિર્મુલન મિશન હેઠળ અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા સિકલસેલ રોગ પ્રત્યે સામાન્ય લોકોમાં પણ જાગૃતિ આવે તે માટે દાહોદની આરોગ્ય વિભાગની ટીમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વાહનો થકી પણ પ્રચાર - પ્રસારની સતત કામગીરી કરી રહી છે.

## ડો.શ્યામાપ્રસાદ મુખર્જીનાં સ્મૃતિ દિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન

સુશીલ પવાર.ડાંગ

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા આહવાનાં ગલકુંડ ગામ ખાતે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીનાં સ્મૃતિ દિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ગલકુંડ ગામના તથા આસપાસના ગામના લોકોએ સહભાગી થઈને રક્તદાન કર્યું હતુ. અને 'રક્તદાન એટલે જીવનદાન, રક્તદાન એટલે મહાદાન ' ના સૂત્રને સાર્થક કરવામાં આવ્યુ હતુ.તેમજ આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ડાંગ જીલ્લાના પ્રમુખ કિશોરભાઈ ગાવિત, ભારતીય જનતા પાર્ટીના ડાંગ જિલ્લાના મહામંત્રી હરિરામભાઈ સાવંત, ભારતીય જનતા પાર્ટી આહવા મંડળના પ્રમુખ શંકરભાઈ પવાર,ભારતીય જનતા યુવા મોર્ચા પ્રમુખ દિપકભાઈ જાધવ, યુવા મોરચાના મહામંત્રી આઝાદસિંહ બઘેલ, નરેશભાઈ ભોયે, સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડના સંયોજક નકુલભાઈ જાધવ સહિતના ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા..



## સિંગવડ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શુભ શરૂઆત

દિપક રાવલ-દાહોદ

ગુજરાત રાજ્ય ની શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ 2024/25 કાર્યક્રમ અંતર્ગત દાહોદ જિલ્લા ના સિંગવડ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સિંગવડ તાલુકાની કટારા ની પાલ્લી પ્રાથમિક શાળામાં સિંગવડ તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગોવિંદભાઈ બી વોહણીયા ના વરદ હસ્તે આંગણવાડી બાલવાટિકા અને ધોરણ એક ના બાળકોને કુમકુમ તિલક કરી વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો જેમાં આઈસીડીએસ સુપરવાઈઝર સી.આર.સી એસએમસી કમિટી સભ્યો બાળકોના વાલી અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધ્રોલ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલકની નિમણૂંક કરાશે

વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા.28 જૂન, જામનગર જિલ્લામાં આવેલા ધ્રોલ તાલુકામાં ધરમપુર પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક, મદદનીશ અને રસોયાની જગ્યાઓ ભરવાની છે. સંચાલક માટે ધોરણ 10 પાસ, રસોયા અને મદદનીશ માટે ધોરણ 7 પાસ શૈક્ષણિક લાયકાત નિર્ધારિત કરવામાં આવી છે. આ તમામ જગ્યાઓ માટે 20 વર્ષથી 60 વર્ષ સુધીની વય મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે. જેમાં ફરજ બજાવવા અંગે ઈચ્છુક ઉમેદવારોએ આગામી તારીખ 05 જુલાઈ સુધીમાં તેમનું નિયત નમૂના સાથેનું અરજી પત્રક ધ્રોલ મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી કચેરી સમય દરમિયાન આવીને રૂબરૂ મેળવી લેવાનું રહેશે.

## લુણાવાડા ખાતે આવેલ હોસ્પિટલમાં એક મહિલાનું 4.200 કિલો વજન ધરાવતી ગાંઠનું સફળ ઓપરેશન કરાયું

જગદીશ ત્રિવેદી-લુણાવાડા.

લુણાવાડા સ્થિત આવેલ સુવિધા હોસ્પિટલમાં ડોક્ટર પાર્થ પટેલ તથા તેમના સાથી ડોક્ટર કિંજલબેન પટેલ દ્વારા મોટા બામણા જે મોરવાહડપ તાલુકામાં આવેલું ગામ છે તે ગામના 45 વર્ષ ની મહિલા ને દુખાવા ની ફરિયાદ કરતા તપાસ અર્થે આ હોસ્પિટલમાં આવેલ હતા તેમને સોનોગ્રાફી કરતા કઈ સ્પષ્ટતા જણાયી નહીં તો ડૉક્ટર દ્વારા MRI કરવા ની સલાહ આપવા માં આવી અને તેનો રિપોર્ટ આવતા ખબર પડી કે તે OVAVIAN NEOPLASM નામ ની વિશાળ ગાંઠ આવેલ છે તો સુવિધા હોસ્પિટલ ના ડોક્ટર દ્વારા તેનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું અને આ ગાંઠ ને બાયોપસી માટે મોકલી આપવામાં આવ્યું આ ગાંઠ નું વજન 4.2 કિલોગ્રામ જેટલા થયું હતું હાલ માં આ 45 વર્ષ ની મહિલા સ્વસ્થ અને તંદુરસ્ત છે

## રાજુલા ખાતે ભવ્ય સર્વરોગ તથા નેત્ર નિદાન યજ્ઞ કેમ્પ યોજાયો : મોટી સંખ્યામાં આ કેમ્પમાં લોકો જોડાયા હતા

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

રાજુલા શહેરમાં કે.એસ.આઈ. જમાત રાજુલા દ્વારા શહીદે કરબલાની યાદમાં જોલી ટ્રેડ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટના સંયોગથી અને હનુમાન હોસ્પિટલ મહુવા ના સંયોગથી એક ભવ્ય સર્વરોગ તથા નેત્ર નિદાન યજ્ઞ કેમ્પનું આયોજન રાજુલા શહેરમાં અબ્બાસી હોલ ખોજા શિઆ જમાત ખાતે આયોજન કરવામાં આવેલું આ કેમ્પમાં મહુવા હનુમંત હોસ્પિટલ ના સ્પેશિયાલિસ્ટ ડોક્ટર એ પોતાની સેવા આપેલી જેમાં આંખના ડોકટર મૌલિક વૈશ્ય ફિઝિશિયન ડોક્ટર એમ.એ. સુદરણી તેમજ સ્ત્રી રોગ નિષ્ણાંત ડોક્ટર પ્રશાંત સર્વદે કાન નાક અને ગળાના ડોક્ટર વિપુલ વળ્યા દાંતના સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર મીત જોષી તેમજ જનરલ સર્જન ડોક્ટર એમ.એમ. કુરેશી સહિતની ડોક્ટરની ટીમે આ કેમ્પમાં પોતાની સેવા આપેલી કાર્યક્રમ ની શુભ શરૂઆત આમંત્રિત મહેમાન પૂર્વ ધારાસભ્ય શ્રી અંમરીશભાઈ ડેર તેમજ આમંત્રિત ડોક્ટરો ના હસ્તે દિપ પ્રાગટય કરી અને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો સમગ્ર કાર્યક્રમ માં દવા તેમજ સારવાર માટે ના થતાં ખર્ચના મુખ્ય દાતા જોલી ટ્રેડ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટના સંયોગથી આ કાર્ય કરવામાં આવેલ છે.

## ઔધોગિક તાલીમ સંસ્થા, ગોધરા ખાતે કચ્છ અંજારની ખ્યાતનામ કંપની વેલસ્પન ડી આઈ પાઇપ્સ અંજાર દ્વારા તા.27-06-2024 ગુરુવારના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજવામાં આવેલ હતો

જગદીશ ત્રિવેદી-લુણાવાડા

જેમાં નોડલ ઔ.તા. સંસ્થા ખાતે કાર્યરત પ્લેસમેન્ટ સેલ થકી ઔ.તા.સંસ્થા ગોધરા તથા મહિલા આઈ.ટી.આઈના વિવિધ ટ્રેડના જેમકે ફીટર, મશીનિષ્ટ, ટર્નર, વેલ્ડર, આર.એફ.એમ. એમ.ઈ.વી. આઈ.એમના દ્વિતીય વર્ષના કુલ-૧૫૮ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. ઔધોગિક તાલીમ સંસ્થા, ગોધરા ખાતે પ્લેસમેન્ટ સેલ દ્વારા રોજગાર



ભરતી મેળો યોજવામાં આવ્યો.જેમાં છેલ્લા વર્ષમાં તાલીમ લઈ રહેલ આઈ.ટી.આઈ,ગોધરા(મહિલા) તથા આઈ.ટી.આઈ ગોધરા(નોડલ)ના કુલ-(૧૫૮)તાલીમાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ ભરતીમેળામાં લેખિત પરીક્ષામાં કુલ - (૮૧) તાલીમાર્થીઓ પાસ થયેલ હતા. જેમાંથી મૌખિક ઈન્ટરવ્યૂ આપતા કુલ-(૫૦) તાલીમાર્થીઓનું ફાઇનલ પ્રિ પ્લેસમેન્ટ કરવામાં આવેલ છે.

## ભણીશું, ગણીશું... દેશનું નામ રોશન કરીશું... ના નારા સાથે સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા શાળા પ્રવેશોત્સવ 2024 ની ભવ્ય ઉજવણી



દિપક રાવલ-દાહોદ: ઉજવણી.. ઉલ્લાસમય શિક્ષણની થીમ સાથે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ત્રીજા દિવસે સનાતન વર્લ્ડ પરિવાર અને દાહોદ જિલ્લા હિન્દુ યુવા વાહિની દ્વારા પ્રગતિ ગર્લ્સ હાઈસ્કુલ લીમખેડા ખાતે ધો. ૯-૧૧ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો. પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામ અપાયું.

# NEWS TRACK

## મંડલોપ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

નિતીન ઠાકર ચાણસ્મા : આજરોજ તા. 28 જૂન 2024 ના રોજ મંડલોપ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ યોજાયો. આ પ્રસંગે અવનીબીન ગઢવી ગાંધીનગર, Crc. Co. શ્રી રાકેશભાઈ એમ.પટેલ, શ્રી રાકેશભાઈ પરમાર, ચાણસ્મા તાલુકા સદસ્ય, શ્રી મુકેશભાઈ વી.પટેલ , કિસાન તાલુકા મોરચા સંઘ, શ્રી અંબાબેન દેસાઈ, આંગણવાડી સુપરવાઈઝર, શ્રી સંગીતાબેન ચૌધરી, સ્પેશિયલ ટીચર, શ્રી સંજયભાઈ ઠાકોર, એસ.એમ.સી. અધ્યક્ષ, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. ત્યારબાદ પ્રાર્થના કાર્યક્રમ કરવામાં આવ્યો. ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત શ્રી મેહુલભાઈ પ્રજાપતિ કર્યું અને ત્યારબાદ શાળા પરિવાર અને SMC સભ્યો દ્વારા પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.



## લીમખેડાની ગુમણી પ્રાથમિક શાળા ખાતે તીર્થ પટેલની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

દિપક રાવલ-દાહોદ : કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ગુમણી પ્રાથમિક શાળા ખાતે હોમ ડીપાર્ટમેન્ટ, સચિવાલય (યુ.એસ.) શ્રી તીર્થ પટેલ એ શિક્ષણ યાત્રામાં પગરવ માંડતા ભૂલકાંઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો આ કાર્યક્રમમાં (યુ.એસ.) શ્રી તીર્થ પટેલએ જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં શિક્ષણ ખૂબ જ મહત્વનું છે. રાજ્ય સરકાર દ્વારા શાળામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. બાળકની શિક્ષણયાત્રાની શરૂઆતને સરકારશ્રી દ્વારા ધામધૂમથી ઉજવાઈ રહી છે.



## મુવાલીયા ખાતે ચોરા પ્રાથમિક શાળામાં બાળકોને પ્રવેશોત્સવ કરાવતા સુશ્રી મેધાવિની શાસ્ત્રી

દિપક રાવલ-દાહોદ : ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની - શાળા પ્રવેશોત્સવની' થીમ આધારિત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ ની ઉજવણી પ્રસંગે વીમેન્સ ડેવલપમેન્ટ સમગ્ર શિક્ષા અધિકારી સુશ્રી મેધાવિની શાસ્ત્રી દ્વારા મુવાલીયા ખાતે ચોરા પ્રાથમિક શાળામાં બાળકોને કુમ કુમ તિલક કરી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે સુશ્રી મેધાવિની શાસ્ત્રી એ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ઉજ્જવળ ભવિષ્યની તેમના જીવન ઘડતરની શરૂઆતની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવને આભારી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવની નવી સંસ્કૃતિ વિકસાવી બાળકોના શાળા પ્રવેશને એક ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરાવી છે. બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ મળે એ માટેની ચિંતા સરકારે કરી છે.



## બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિમાં લીમખેડા તાલુકાની ઘૂટીયા પ્રાથમિક શાળામાં ભૂલકાંઓનો શાળા પ્રવેશ

દિપક રાવલ-દાહોદ : દાહોદના લીમખેડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં તેમજ પ્રકૃતિની ગોદમાં આવેલ ઘૂટીયા પ્રાથમિક શાળા ખાતે પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિમાં નાનકડાં ભૂલકાંઓએ શાળા પ્રવેશ મેળવ્યો હતો. મંત્રી બચુભાઈ ખાબડ તેમજ અન્ય મહાનુભાવો દ્વારા બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ- ૧ માં પ્રવેશ કરતા બાળકોને પ્રોત્સાહન રુપે શૈક્ષણિક કિટ ભેટ આપીને ઉત્સાહભેર આવકારવામાં આવ્યા હતા. આંગણવાડીમાં ૩ કન્યા તેમજ ૭ કુમાર સહિત કુલ ૧૦ બાળકો, બાલ વાટિકામાં કુલ ૧૭ બાળકો, ધોરણ - ૧ માં કુલ ૧૧ બાળકોએ શાળા પ્રવેશ મેળવ્યો હતો. ઉપરાંત ધોરણ ૩ થી ૮ માં પ્રથમ નંબર લાવનાર કુલ ૬ વિદ્યાર્થીઓ, સી. ઈ. ટી. પરીક્ષામાં સિદ્ધિ મેળવનાર બાળકોની સંખ્યા કુલ ૨, એન. એમ. એમ. એસ. પરીક્ષામાં સિદ્ધિ મેળવનાર કુલ ૨ બાળકો, મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષામાં ૪ બાળકો, તાલુકા તેમજ ક્લસ્ટર કક્ષાએ ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં સિદ્ધિ મેળવનાર કુલ ૪ બાળકો હતા.



## કોટવટ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો

દિપક રાવલ-દાહોદ : મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની કોટવટ પ્રાથમિક શાળામાં ખાતે જિલ્લા નોડલ અધિકારી શ્રી શાળા પ્રવેશત્સવ અને CDPO બહેન શ્રી તથા શાળા ના આચાર્ય બહેન શ્રી તેમજ શાળાનો સ્ટાફ ની હાજરીમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામાં આવ્યો ,આ કાર્યક્રમ માં ગામના SMC ના સભ્યો ગામના વાલીઓ અને મોટી સંખ્યામાં બહેનો અને બાળકો હાજર રહી ,નાના ભૂલકાઓ નું સ્વાગત કરવામાં આવ્યું તેમજકાર્યક્રમની શાનદાર ઉજવણી કરવામાં આવી.



## સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી અને પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થયેલ વિધાર્થીઓને પ્રોત્સાહન ઈનામ વિતરણ



દિપક રાવલ -દાહોદ : ઉજવણી..ઉલ્લાસમય શિક્ષણની થીમ સાથે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ત્રીજા દિવસે સનાતન વર્લ્ડ પરિવાર અને દાહોદ જિલ્લા હિન્દુ યુવા વાહિની દ્વારા તાલુકા શાળા લીમખેડા ખાતે આંગણવાડીના બાળકો ને કીટ, ધોરણ ૧ ના બાળકોને સ્કૂલબેગ તથા સ્લેટ દેસીહિસાબ બૂક આપી પ્રવેશ કરાવ્યો અને પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલ વિધાર્થીઓને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# NEET કૌભાંડમાં CBIએ 4 આરોપીના રિમાન્ડ માંગ્યા

**4 આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા : જય જલારામ સ્કૂલના માલિક દીક્ષિત પટેલની મોડી રાત સુધી પૂછપરછ કરાઈ...**

પંચમહાલ | ગોધરામાં NEET કૌભાંડ મામલે CBIની તપાસ તેજ કરાઈ છે. ત્યારે આજે પાંચમાં દિવસે સીબીઆઈ દ્વારા 4 આરોપીઓના રિમાન્ડ માંગવામાં આવ્યા છે. જેને લઈ આજે રિમાન્ડ અરજી પર ગોધરા કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. હાલ 4 આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

ગોધરા શહેરમાં જય જલારામ સ્કૂલમાં બહુચર્ચિત નીટની પરીક્ષાને લઈને ગોધરા શહેરના સર્કિટ હાઉસ ખાતે સીબીઆઈ દ્વારા 16 વિદ્યાર્થીઓ પૈકી ગુજરાતના 6 વિદ્યાર્થીઓના નિવેદન સાથે વાલીઓ અને આ કેસના સાક્ષીઓ તેમજ ઝડપાયેલા આરોપીઓ સાથે સંપર્કમાં આવેલા અન્ય ઈસમો અને જય જલારામ સ્કૂલના માલિક દીક્ષિત પટેલની મોડી રાત સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ વાલીઓ અને જય જલારામ સ્કૂલના માલિકને પરત મોકલવામાં આવ્યા હતા. ત્યારે સીબીઆઈ દ્વારા 4 આરોપીઓના રિમાન્ડ માટે અરજી કરવામાં આવી હતી. જેની સુનાવણી માટે આજરોજ ગોધરાના સબજેલમાંથી ગોધરા કોર્ટમાં લઈ જવામાં આવ્યા હતા. ગોધરાના નીટ પરીક્ષા પાસ કરાવવાના કૌભાંડમાં ઝડપાયેલા પાંચ આરોપીઓ હાલ ગોધરા સબ જેલમાં કેદ છે. આ પૈકીના ચાર આરોપીઓને વધુ પુછપરછો માટે સી.બી.આઈ ટીમ દ્વારા ગુજરાત સ્થિત સેસન્સ અદાલત સમક્ષ વધુ રિમાન્ડની માગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં આજરોજ ચારેય આરોપીઓને સબજેલમાંથી ગોધરા કોર્ટ ખાતે પોલીસ બંદોબસ્ત સાથે મોકલવામાં આવ્યા હતા.



### CBIએ 6 વિદ્યાર્થી, વાલીના નિવેદન લેવામાં આવ્યા

જય જલારામ સ્કૂલમાં બહુચર્ચિત નીટની પરીક્ષાને લઈને ગઈકાલે ગોધરા શહેરના સર્કિટહાઉસ ખાતે સીબીઆઈ દ્વારા 16 વિદ્યાર્થી પૈકી ગુજરાતના 6 વિદ્યાર્થીનાં નિવેદન સાથે વાલીઓ અને આ કેસના સાક્ષીઓ તેમજ ઝડપાયેલા આરોપીઓ સાથે સંપર્કમાં આવેલા અન્ય ઈસમોની પણ પૂછપરછ કરવામાં આવી હતી. આ સાથે CBIની ટીમ દ્વારા જય જલારામ સ્કૂલના સંચાલકનું નિવેદન પણ લેવામાં આવ્યું હતું.

**ગોધરામાં નીટમાં ચીટનો માસ્ટરપ્લાન :** સીબીઆઈએ રાજ્યના 6 પરીક્ષાર્થીઓ, વાલી તથા નીટ સેન્ટરના ટ્રસ્ટીની પૂછપરછ કરીને નિવેદનો લીધાં હતાં. સીબીઆઈએ પાંચ આરોપી પૈકી 4 આરોપીઓના 4 દિવસના રિમાન્ડ માંગતી અરજી દાખલ કરી છે. રાજ્ય બહારના પરીક્ષાર્થીઓનાં ફોર્મમાં સરનામાં પંચમહાલ અને વડોદરા બતાવ્યાં હતાં. તેમજ પરપ્રાંતીય પરીક્ષાર્થીઓએ નીટ પેપરની ગુજરાતી ભાષાની પસંદગી કરી હોવાનું સીબીઆઈની તપાસમાં ખૂલ્યું છે.

---

**ન્યૂઝ કોર્નર**

### કારખાનામાં સગર્ભા મહિલાએ ફીનાઇલ પી લેતા હોસ્પિ.ખસેડાઇ

મોરબી | મોરબીના ભડિયાદ કાંટા નજીક આવેલ કારખાનામાં રહેતા યુવાનની સગર્ભા પત્નીએ કોઈ કારણોસર ફીનાઈલ પી લેતા તેને સારવાર માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. ત્યાં તેને સારવાર આપ્યા બાદ આ બનાવની હોસ્પિટલ મારફતે મોરબી બી-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ભડિયાદ કાંટા નજીક આવેલ સેનેટરી કંપનીમાં રહેતા અને કામ કરતા જીતેન્દ્રભાઈ શેટીના પત્ની સુચિતાબેન જીતેન્દ્રભાઈ શેટી (ઉં.20) નામની મહિલાએ રાત્રિના 11:00 વાગ્યાના અરસામાં કોઈ કારણોસર ફીનાઈલ પી લેતા તેને સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ બનાવની હોસ્પિટલ મારફતે મોરબી બી-ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે બનાવની નોંધ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગત પ્રમાણે મહિલાનો લગ્ન ગાળો 15 મહિનાનો છે.

### પાનની દુકાનમાં નશાકારક કફ સીરપનું વેચાણ

મોરબી | મોરબીના જાંબુડીયા ગામ પાસેના સર્વિસ રોડ નજીક આવેલ પાનની દુકાનમાં નશાકારક કફ સીરપનું વેચાણ થઈ રહ્યું છે. તેવી બાતમીના એલસીબીના સ્ટાફને મળી હતી. જેથી ત્યાં રેડ કરતા દુકાનમાંથી નશાકારક કફ સીરપની 52 બોટલો મળી આવી હતી જેથી હાલ દુકાનદાર સામે કાર્યવાહી કરી છે.

મોરબીના વાંકાનેર રોડે જાંબુડીયા ગામ પાસે સર્વિસ રોડ નજીક આવેલ જય દ્વારકાધીશ નામની પાનની દુકાન ખાતે નશાકારક કફ સીરપનું વેચાણ થાય છે. તેવી ખાનગી બાતમી એલસીબીની ટીમને મળી હતી. જેના આધારે ત્યાં રેડ કરવામાં આવતા ઉપરોક્ત દુકાન ધારક કમલેશ સેલાભાઈ સોરિયા ભરવાડ પાનની દુકાનમાંથી નશાકારક કફ સીરપની 52 બોટલો મળી આવી હતી.

---

**વધુ એક બાળકે દમ તોડ્યો, ચોખ્ખું પાણી ન મળતાં કારખાનાના કૂવા-બોરનું પાણી પીતાં 48ને ઝાડા-ઊલટી થયાં હતાં**

# ઉપલેટામાં કોલેરાથી 5 દિવસમાં 5 બાળકનાં મોત



**5 દિવસ પહેલાં 4 બાળકનાં મોત થયાં હતાં :** ઉપલેટાનાં ગણોદ અને તાણસવા ગામ નજીક આવેલા કારખાનામાં કામ કરતા મજૂરોના કાર્તિક, કવિતા, સેજલી, બંસી નામનાં 4 બાળકનાં પાંચ દિવસ પહેલાં કોલેરાથી મોત થયાં હતાં. થોડા દિવસ પહેલાં જ બાળકોની તબિયત બગડી હતી. એ બાદ આ બાળકોને સારવારમાં અલગ-અલગ જગ્યા પર ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન બાળકોનાં મોત નીપજતાં પરિવારમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

**6 ગામના 25,000 લોકોના સ્ક્રિનિંગ કરાયું :** કોલેરાના કેસને લઈને જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર પી.કે. સિંઘનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં ગત 16 જૂનથી ઝાડા-ઊલટી સહિતના કેસ મોટા પ્રમાણમાં જોવા મળ્યા હતા. સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કુલ છ જેટલા ગામોના 25,000 લોકોના સ્ક્રિનિંગ પણ કરાવવામાં આવ્યા છે. ઉપલેટા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમો દ્વારા જે જળસ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેના પણ સેમ્પલ લેવામાં આવ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ 4 બાદ વધુ એક સહિત કુલ 5 બાળકોના મોત થઈ ચૂક્યા છે. દર્દીઓને સારવાર અર્થે ઉપલેટા તેમજ જામનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. કલેક્ટર વિભાગ દ્વારા છ જેટલા કારખાના હાલ સીલ કરવામાં આવ્યા છે. કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા કુવાના પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. જ્યારે કે કેટલાક ઔદ્યોગિક એકમો દ્વારા બોરના પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. તણસવા અને ગણોદ વિસ્તારમાં 11 જેટલા પ્લાસ્ટિક રિસાયક્લિંગના કારખાના આવેલા છે. જેમાં મોટાભાગના પરપ્રાંતીય મજૂરો પોતાના પરિવાર સાથે રહીને કામકાજ કરે છે.

રાજકોટ | ઉપલેટા પંથકમાં શનિવારે કોલેરાથી 4 બાળકનાં મૃત્યુ નીપજ્યાં બાદ 2 બાળકમાં ઝાડા-ઊલટીનાં લક્ષણો જણાતાં તેનાં સેમ્પલ લઈને જામનગર મેડિકલ કોલેજ ખાતે ટેસ્ટિંગ કરાવાયું હતું. એ બન્ને કેસ પોઝિટિવ આવ્યા હતા, જેમાંથી એક બાળકનું મૃત્યુ નીપજ્યાનું જિલ્લા આરોગ્યતંત્રે જણાવ્યું છે, આથી કોલેરાને કારણે બાળકોનો મૃત્યુઆંક 5 પર પહોંચી ગયો છે. તપાસ કરતાં આ ગરીબ મજૂરો ગંદા લત્તામાં પ્લાસ્ટિકના વેસ્ટના ઢગલા પાસે રહેતા હતા. ચોખ્ખું, ફિલ્ટર અને જીવાણુમુક્ત કરેલું પાણી પૂરું પડાતું નહોતું, આથી કૂવા, બોરનું પ્રદૂષિત પાણી પીવા મજબૂર હતા અને એ કારણે 48 લોકોને ઝાડા-ઊલટી થયાં હતાં. કોલેરાનો રોગ પ્રસરતાં સ્થાનિકોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. કોલેરા જાહેર થાય તો એ આખો વિસ્તાર જોખમી જાહેર કરવામાં આવતો હોય છે. આ રોગચાળા અન્વયે સીએચઓ, મેલ અને ફીમેલ હેલ્થવર્કર, આશાવર્કર, આરોગ્ય કેન્દ્રના મેલ અને ફીમેલ સુપરવાઈઝરો, તાલુકા હેલ્થ ઓફિસર, તાલુકા હેલ્થના બન્ને સુપરવાઈઝર વગેરે કુલ 10 કર્મચારીને શો-કોઝ નોટિસ અપાઈ છે.

### કારખાનેદારો બોટલનું પાણી પીતા હતા

કારખાનેદારો બોટલનું ફિલ્ટર પાણી પીતા હતા, જ્યારે મજૂરો જે વિસ્તારમાં પાણી પીતા એ વિસ્તારમાં પાણીના નમૂના લેવાતાં એ અત્યંત પ્રદૂષિત હોવાનો રિપોર્ટ પણ આવ્યો છે. એટલું જ નહીં, આ ગરીબો જ્યાં કાચાં ઝૂંપડાં જેવા સ્થળે રહેતા હતા એની બાજુમાં જ પ્લાસ્ટિકના પ્રદૂષિત કચરાના મોટા ગંજ હતા. એકંદરે સૌરાષ્ટ્રમાં કારખાનાંથી માંડીને બાંધકામમાં ગરીબ મજૂરો કામ કરતા હોય છે, જેમાં ઘણા પરપ્રાંતીયો હોય છે. સમગ્ર સૌરાષ્ટ્રના આરોગ્ય માટે તેમનું આરોગ્ય જાળવવું પણ જરૂરી છે. આ અન્વયે સરકારનાં તમામ ખાતાંએ આ મજૂરો કેવી સ્થિતિમાં ક્યાં વસે છે, કેવું પાણી પીવે છે, કેવો ખોરાક ખાય છે એની તપાસ કરીને કાર્યવાહી કરવાની પણ જરૂર છે.

### પોલિયો અભિયાન દરમિયાન અમુક કેસો સામે આવ્યા હતા

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના જણાવ્યા અનુસાર, ઉપલેટાના તાણસવા ગામે પલ્સ પોલિયો અભિયાન દરમિયાન અમુક ઝાડા-ઊલટીના કેસો સામે આવ્યા હતા, જ્યારે જામનગરથી કોલેરાનો એક કેસ સામે આવતાં જ અહીં સર્વેલન્સ ટીમો ઉતારવામાં આવી હતી. 24 કલાક ડોક્ટર સહિત આરોગ્યની ટીમ આ વિસ્તારમાં ખડેપગે રાખવામાં આવી છે. ઝિંક અને ORSની દવાઓ પણ આપવામાં આવી રહી છે. રાજકોટની સિવિલમાંથી નિષ્ણાત તબીબોની ટીમો બોલાવવામાં આવી છે અને દવાઓનો પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે.

### ખાણીપીણીની દુકાનો બંધ રાખવા આદેશ

ઈન્ડસ્ટ્રીઝ અને કારખાના-માલિકો બેઝિક હાઈજિન મેઈન્ટેન કરે એ માટે મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તેમજ લોકોને સમજણ આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બાળકોનાં મોતની ઘટના કોલેરાના કારણે બની હોવાની શક્યતા છે. આ રોગ પાણીજન્ય હોવાથી અહીંના તમામ જળસ્ત્રોતના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. નોનવેજ ખોરાકના કારણે પણ આ બનાવ બન્યો હોવાની પણ શક્યતા છે, જેને લઈને આજુબાજુના 10 કિમી સુધીના વિસ્તારોમાં મર્યાદિત સમય માટે ખાણીપીણીની દુકાનો બંધ રાખવા આદેશ અપાયા છે. આ સાથે જ મામલતદારને ઉપલેટાના કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### કર્મચારીઓની બેદરકારી અંગે તપાસના આદેશ

રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પપ્પુસિંહે જણાવ્યું હતું કે અમારી પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ કારખાનેદારોની જવાબદારી છે કે તેમણે અમને ઘટના અંગે જાણ કરી ન હતી, આથી આ કારખાનેદારોને નોટિસ આપી 'તમારા કામદારોનાં અનઅપેક્ષિત મૃત્યુ થયાં તો શા માટે જાણ ન કરી' એનો ખુલાસો પૂછવામાં આવ્યો છે.

---


## ભુજમાં વરસાદ બાદ વાણીયા વાડ બજારમાં કીચડ ફેલાયું

(એજન્સી) કચ્છ | તા.28

કચ્છમાં હાલ ગોરંભાયલા આકાશ વચ્ચે અસહ્ય ઉકળાટ અને બફારાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે જિલ્લાના 8 તાલુકામાં સમાન્યથી નોંધપાત્ર વરસાદ પડતા ગરમીથી આંશિક રાહત મળી હતી પરંતુ વરસાદના કારણે અનેક સ્થળે મૂળભૂત સુવિધાઓમાં ખલેલ પડતા લોકો હાલાકીમાં મુકાયા હતા. વાત કરીએ જિલ્લા મથક ભુજ શહેરની તો ગઈકાલે પડેલા પોણો ઇંચ વરસાદથી એક તરફ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો જ્યારે બીજી તરફ શહેરમાં ગંદકી, પાણીના ખાબોચિયા ભરાઈ જવા, વ્યાપકપણે વિજ વિક્ષેપ સર્જાવા અને માર્ગો બિસ્માર થવા જેવી હાલાકી ઉભી થવા પામી છે. શહેરના વાણીયા વાડ, જૂની શાક માર્કેટ અને ભીડ ગેટ સહિતના વિસ્તારમાં વરસાદ બાદ અનેક સ્થળે કાદવ અને કીચડ ફેલાઈ જતા રાહદારીઓને માર્ગ પરથી પસાર થવામાં હાલાકી ઉભી થઈ રહી છે. તો વરસાદના પગલે સર્જાયેલી વિજ સમસ્યાને લઈ લોકો પરેશાન બન્યા છે. જોકે પીજીવીસીએલની ટીમ ફોલ્ટ રીપેર કરવા માટે રાત દિવસ કામ કરી રહી છે. ખાસ વિજ અધિકારી ઓની ખાસ બેઠક પણ ચાલી રહી છે. તો બીજી તરફ શહેરની દક્ષિણ દિશાએ આવેલા પ્રમુખસ્વામી નગર અને રિલોકેશન સાઈટમાં ઠેક ઠેકાણે માર્ગો પર ખાડા પડી જવા પામ્યા છે.

## એ રાજા... કહેતાં જ કાળોતરાએ ફેણ માંડી:વડોદરામાં બાઇકનો મોરો ખોલતાં જ યુવકને જોઇ સાપે ફૂફાડો માર્યો

વડોદરા : વડોદરામાં ડરામણી સાથે રમૂજી ઘટના સામે આવી હતી. જેમાં એક યુવકની બાઈકના આગળના ભાગે હેડલાઈટની ઉપર એક કોબ્રા સાપ ઘૂસી ગયો હતો. કાળોતરા સાપને જોઈ બાઈકચાલક યુવાન ડરી ગયો હતો અને તુરંત જ તેણે રેસ્ક્યૂ કરનારને ફોન કરી બોલાવ્યા હતા. જે બાદ બાઈકનો મોરો ખોલી યુવકે સાપને જોઈને એ રાજા... કહેતાની સાથે જ સાપે ફેણ માંડી હતી. જે બાદ યુવક રેસ્ક્યૂ કરવા જતાં ફુફાડો મારીને કરડવાનો પ્રયાસ કર્યો હતો. પોણા કલાકની ભારે જહેમત બાદ સાપને બહાર કાઢવામાં યુવકોને સફળતા મળી હતી. આ રેસ્ક્યૂનો વીડિયો પણ યુવકે ફોનના કેમેરામાં કેદ કર્યો છે. ઉલ્લખનીય છે કે, ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ શહેરમાં સાપ અને મગરો નીકળવાની શરૂઆત થઈ ગઈ છે. ક્યારેક તો આ સરીસૃપો રહેણાક વિસ્તારો સુધી પહોંચી જતા હોય છે. વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં બાઈકમાં કોબ્રા સાપ ઘૂસી



ગયાનો વન્યજીવ વૉલેન્ટિયર યશ તડવી અને સ્નેહલ પટેલ કોલ મળ્યો હતો. જેથી તેઓ તાત્કાલિક સાપનું રેસ્ક્યૂ કરવા સ્થળે પહોંચ્યા હતા. બાઈકની આગળ હેડલાઈટના ભાગમાં કોબ્રા સાપ ઘૂસી ગયો હોવાથી બાઈકચાલક યુવક ગભરાઈ ગયો હતો. જે બાદ સાપનું રેસ્ક્યૂ કરવા બન્ને યુવકોએ બાઈકનો મોરો ખોલતા સાપ ફીંડલું વળીને બેઠો હતો. હાજરના યુવકે એ રાજા બોલતાની સાથે જ સાપે ફેણ માંડી હતી અને રેસ્ક્યૂ કરનાર સામે ફુંફાડો માર્યો હતો.

બાઈકના મોરાના ભાગે ઘૂસેલા કોબ્રાને પોણા કલાકની જહેમત બાદ સહી સલામત રેસ્ક્યૂ કરવામાં સફળતા મળી હતી. ચોમાસાની શરૂઆત થતાની સાથે જ બાઈક અને સ્કૂટરમાં સાપ ભરાઈ જવાની ઘટનામાં પણ વધારો થવા લાગ્યો છે. લોકોએ વાહનોમાં બેસતા પહેલાં સાવધાનીના ભાગે વાહનની સંપૂર્ણ તપાસ કરી લેવી

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### મોરબીમાં વેપારી પર હથિયારો વડે જીવલેણ હુમલો કરનાર ઝડપાયા

મોરબી | મોરબીમાં દુકાન પાસે ગ્રાહકની ઈકો ગાડી પાર્ક કરી હતી. જે હટાવી લેવા માટે બોલાચાલી કરીને વેપારી તેના દીકરા અને ભાઈને છરી, પાઈપ અને ધારિયા વડે માર માર્યો હતો. જેથી વેપારીને માથામાં છ ટાંકા અને તેના દીકરાને માથામાં 10 ટાંકા આવ્યા હતા. આ બનાવમાં વેપારીએ નોંધાવેલી ફરિયાદ આધારે પોલીસે છ પૈકીનાં પાંચ આરોપીની ધરપકડ કરી હતી. મોરબીના નાગર પ્લોટમાં આવેલા શ્રીરામ પેલેસમાં રહેતા પંકજભાઈ મેઘજીભાઈ પલાણ સહિત સામે ફરિયાદ નોંધાવી હતી.

### ભાવનગરમાં વાહન ચેકિંગ દરમિયાન કારમાં દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

ભાવનગર | ભાવનગર શહેર અને જિલ્લાઓમાં પોલીસ દ્વારા આગામી તહેવારો નિમિતે ઠેરઠેર રાત્રી દરમિયાન ચેકીંગ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ગત મોડી રાત્રીએ ખારગેટ પાસે વાહન ચેકીંગમાં કારમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ સાથે બે શખ્સો ઝડપાયા હતા. પોલીસે બંનેને ઝડપી તેઓ પાસે દારૂની પાસ-પરમીટ માંગતા નહીં. ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બોટલ નંગ 1 કિંમત રૂપિયા 200 તથા હોન્ડાઈ કંપનીની કાર જેની કિંમત રૂ.12,00,000 નો મુદ્દામાલ મળી કુલ રૂ.12,00,200 કબ્જે કરી બને ની અટકાયત કરી હતી.

---

## વલસાડમાં આજે સવારે 6 વાગ્યા સુધીમાં ઉમરગામ અને વાપીમાં દોઢ-દોઢ ઈંચ વરસાદ નોંધાયો

(એજન્સી) વલસાડ | તા.28

રાજ્ય હવામાન વિભાગે સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ તેમજ વલસાડ જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની આગાહી આપી હતી. જેને લઈને ગુરુવારે સવારેથી વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો હતો. ગુરુવારે સવારે 6 વાગ્યાથી શુક્રવારે સવારે 6 વાગ્યા સુધીમાં વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં 13 MM, વલસાડ તાલુકામાં 4 MM, ધરમપુર તાલુકામાં 1 MM, કપરાડા તાલુકામાં 9 MM, ઉમરગામ તાલુકામાં 41 MM અને વાપી તાલુકામાં 30 MM વરસાદ નોંધાયો હતો.

વલસાડ જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ ઉમરગામ તાલુકામાં 41 MM વરસાદ પડ્યો હતો. જેને લઈને ઉમરગામ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. ઉમરગામના સંજાણ બ્રિજ પાસે સર્વિસ રોડ ઉપર વરસાદી પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ન કરતા વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જેને લઈને સંજાણ બ્રિજ પાસેથી અવર જવર કરતા વાહન ચાલકોએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.


વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં પણ 30 MM વરસાદ પડતાં નાના બાળકો અને યુવાનોને વરસાદની મજા માણી હતી. વલસાડ જિલ્લામાં 1 જૂન થી 28 જૂન સવારે 6 વાગ્યા સુધીમાં કુલ વલસાડ તાલુકામાં 201 MM, ધરમપુર તાલુકામાં 163 MM, પારડી તાલુકામાં 96 MM, કપરાડા તાલુકામાં 234 MM, ઉમરગામ તાલુકામાં 258 MM અને વાપી તાલુકામાં 161 MM વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં વાવણી લાયક વરસાદ થતાં વલસાડ જિલ્લાના ખેડૂતો ખેતીના કામમાં જોતરાયા છે. સંઘ પ્રદેશ દમણમાં પણ ગુરુવારે સાંજે વરસાદ પડતાં સહેલાણીઓ દમણની સહેલગાહ સાથે વરસાદની પણ મજા માણી હતી.

## અકસ્માત બાદ આગમાં બે જિંદગી ભડથું : લીંબડી હાઈવે પર ડમ્પરે ટક્કર માર્યા બાદ ટ્રક ભડકે બળી, બેનાં મોત...

(એજન્સી) સુરેન્દ્રનગર | તા.28

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઈવે પર ડમ્પર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે બાદ ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જેને પગલે ટ્રક ડ્રાઈવર સહિત અન્ય એક વ્યક્તિ બળીને ખાખ થઈ જતાં બંનેના મોત નીપજ્યા હતા. જ્યારે એક વ્યક્તિ દાઝી ગયો હતો. જેથી તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

લીંબડી-અમદાવાદ હાઈવે પર ભલગામડા સર્કલ પાસે ડમ્પર ચાલકે પાછળથી ટ્રકને ટક્કર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના બનાવની જાણ થતાં લીંબડી પોલીસ ટીમ તેમજ પાલિકાની ફાયર ફાયટર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરની ટીમે આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ગોઝારી ઘટનાના પગલે સમગ્ર લીંબડી પંથકમાં ભારે ચકચાર મચી હતી. હાઈવે પર ડમ્પર અને ટ્રક વચ્ચે અકસ્માત બાદ ટ્રકમાં ભયાનક આગ લાગી હતી. જેને પગલે ધ બર્નિંગ ટ્રકને જોવા



લોકોના ટોળેટોળા ઘટના સ્થળે એકઠા થઇ ગયા હતા. આ ઘટનાના પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. લીંબડી પાલિકાની ફાયર ફાયટર ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. બેથી ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં ટ્રક ડ્રાઈવર સહિત અન્ય એક વ્યક્તિ બળીને ખાખ થઈ જતાં બંનેના મોત નીપજ્યા હતા.

આ ઘટનામાં આમીનભાઈ આદમભાઈ આકડા (18 વર્ષ ) અને આદમભાઈ મહંમદભાઈ આકડા (45 વર્ષ )નું જીવતા સળગી જતા કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે સુરેન્દ્રનગર સી.યુ.શાહ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

આજથી એક મહિના પહેલા ગાંધીનગરના સેક્ટર 1ના તળાવથી સરિતા ઉદ્યાન તરફ જતા ચાર રસ્તા પાસે અલ્ટો અને કિયા કારનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાયા પછી કિયા કારમાં સ્પાર્ક થવાની સાથે આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં કાર આગની લપેટમાં આવી ભડભડ સળગવા માંડી હતી. આગ એટલી ભયાનક હતી કે દોઢ-બે કિ.મી સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળતા હતા.

# વીરા તલાવડીમાં બંધ મકાનના તાળા તોડી તસ્કરો 1.85 લાખ ચોરી ફરાર

ગાંધીનગર | ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ચોરીની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગઈ રાત્રે ડભોડા પંથકના વીરાતલાવડી ગામમાં તસ્કરો ત્રાટક્યા હતા અને પરિવાર ધાબા ઉપર સુઈ ગયો હતો તે દરમિયાન મકાનની જાળીનું તાળું તોડીને તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી ૧.૮૫ લાખ રૂપિયાની મત્તા ચોરીને પલાન થઈ ગયા હતા.પાટનગર ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરીના બનાવો સતત વધી રહ્યા છે. આ તસ્કરો નહીં પકડાવાને કારણે એક પછી એક વિસ્તારમાં બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે ત્યારે શહેર નજીક આવેલા ડભોડાના વીરા તલાવડી ગામમાં રહેતા પંકજભાઈ વિસાભાઈ પરમાર ગઈકાલે રાત્રે તેમની પત્ની સાથે મકાન બંધ કરીને ધાબા ઉપર સૂઈ રહ્યા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનની જાળીને તાળું તોડીને મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા સોના ચાંદીના દાગીના મળી ૧.૮૫ લાખ રૂપિયાની મત્તા ચોરી લીધી હતી. આજે વહેલી સવારના સમયે તેમના ભત્રીજા હર્ષ દિનેશભાઈ પરમાર ધાબા ઉપર કસરત કરવા માટે ગયો હતો તે દરમિયાન તેણે ઘર નજીક એક સફેદ કલરની કાર પડેલી જોઈ હતી. જેના પગલે તે કાકાના ઘરે પહોંચ્યો હતો અને પંકજભાઈને ફોન કરીને જગાડયા હતા તો તેમણે નીચે આવીને જોયું તો મકાનનું તાળું તૂટેલું હતું અને તેમાં ચોરી થઈ હતી.

## ન્યુઝ ફ્લેશ

### વલ્લભીપુર પાસે અકસ્માતમાં બે સાધ્વીજી મ.સા. ઈજાગ્રસ્ત

ભાવનગર | વલ્લભીપુર પાસે થયેલા વાહન અકસ્માતમાં બે સાધ્વીજી મહારાજ સાહેબને ઈજા થતા બન્નેને સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યા છે. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર પૂજ્ય સાધ્વીજી ધર્મપ્રિયાશ્રીજી મહારાજ અને સાથે નૂતન દીક્ષિત પૂજ્ય સાધ્વીજી અર્હમપ્રિયાશ્રીજી મહારાજ વિહાર કરી રહ્યા હતા અને પવિત્ર જૈન મહાતીર્થ પાલિતાણા જઈ રહ્યા હતા ત્યારે વલ્લભીપુર પાસે આજે સવારે ૮.૩૦થી ૯ વાગ્યાના અરસામાં વાહન અકસ્માતમાં ઈજા થતા સારવાર અર્થે ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું હતું.

### દીવથી દારૂ લઈને આવતો એસ.ટી. બસનો ડ્રાઈવર અને કંડક્ટર ઝડપાયો

ભાવનગર | એસ.ટી.ના કર્મચારીઓ કટકીની સાથે હવે દારૂની હેરાફેરી પણ કરતા થઈ ગયા છે. દીવથી સુરત જતી એસ.ટી.ની વાલ્વો બસમાં ડ્રાઈવર અને કંડક્ટર દીવથી વિદેશી દારૂ લઈને જઈ રહ્યા હતા. ત્યારે પોલીસે માઢિયા ગામ પાસે બસને ઉભી રખાવી ચેક કરતા થેલા અને ખાનામાંથી દારૂની બોટલો મળી આવી હતી. જેથી બન્ને શખ્સની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર દીવથી સુરત જતી એસ.ટી.ની સ્લીપર વોલ્વો બસ નં. જીજે.૦૭.વાયઝેડ.૬૮૮૬ના ડ્રાઈવર-કંડક્ટરે વિદેશી દારૂની બોટલો સાથે રાખી હોવાની ચોક્કસ બાતમીના આધારે મહુવા ગ્રામ્ય પોલીસના સ્ટાફે ગઈકાલે બુધવારે રાત્રિના સમયે માઢિયા ગામ પાસે વોચ ગોઠવી હતી.

### વડોદરામાં બાઈક ચાલકે મોપેડ સવાર ભાઈ બહેનને અડફેટે લીધા : ભાઈનું મોત

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લાના મુખ્ય અને આંતરિક માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે શહેર નજીક આવેલા વડોદરા ગામમાં રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકે મોપેડ સવાર ભાઈ બહેનને હડફેટે લીધા હતા. જેમાં ગંભીર ઈજાઓને કારણે ભાઈનું મોત નીપજ્યું હતું. આ ઘટના સંદર્ભે ડભોડા પોલીસે બાઈકના ચાલક સામે ગુનો દાખલ કર્યો છે. જિલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે અને તેમાં પણ વાહનચાલકોની બેદરકારી અને ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘનને કારણે અકસ્માતોમાં વધારો થયો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે ત્યારે ગઈકાલે બપોરના સુમારે શહેર નજીક આવેલા વડોદરામાં રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકની ભૂલના કારણે યુવાનને જીવ ખોવાનો વારો આવ્યો છે. આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે વડોદરા ગામમાં રહેતો યુવાન ધ્વીલ મુકેશભાઈ પ્રજાપતિ ગઈકાલે તેની બહેન આયુષીને લઈ મોપેડ ઉપર નરોડા ખાતે ઈંગલિશ સ્પોકનના ક્લાસ કરાવવા માટે જઈ રહ્યો હતો.

### 160 કિલો સોનાનું શોધવા માટે દરિયો ખૂંધો, ભંગારમાંથી મળ્યો 920 કરોડનો ખજાનો!

# ભુજમાંથી મળ્યો પૌરાણિક ખજાનો ભરેલો પટારો, ખોલ્યો તો નિકળી રાજાશાહી વખતની પૌરાણિક વસ્તુઓ

મહેશ સોની | નખત્રાણા

વર્ષો પહેલા ભુજ શહેરના મહાદેવ ગેટ ખાતે જૂની મામલતદાર કચેરી ધમધમતી હતી અને હાલમાં ત્યાં જિલ્લા તેમજ હોમગાર્ડ યુનિટ કચેરી કાર્યરત છે ત્યારે અહીંથી વર્ષો જૂનો ખજાનો મળી આવ્યો છે. પશ્ચિમ કચ્છ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડની ઓફિસમાં રાખેલ જુના જમાનાના પટારાની તપાસ કરતા તેમાંથી રાજાશાહી વખતની ચાંદીની પૌરાણિક વસ્તુઓ મળી આવી હતી.

ભુજ શહેર ખાતે આવેલા મહાદેવ ગેટ પાસે જૂની મામલતદાર કચેરી જે ટંકશાળ તરીકે ઓળખાય છે. તેમાં જિલ્લા હોમગાર્ડ કચેરી કાર્યરત કરાઈ છે અને જિલ્લા કમાન્ડન્ટ જે પટારો ટેબલ તરીકે રાખીને બેસતા હતા તેમાંથી વર્ષો જૂનો ચાંદી નો સામાન મળી આવ્યો છે. આ મોટો પટારો જુના જમાનાનો હતો. જિલ્લા કમાન્ડન્ટ મનીષભાઈ બારોટનું ધ્યાન પટારાના ખુલા તાળા ઉપર જતા તેમણે તાત્કાલિક પ્રાંત અધિકારી અનિલ જાદવ ને જાણ કરી હતી. પ્રાંત અધિકારીની ગંભીરતા અને સતર્કતાથી તેમણે તાત્કાલિક તપાસ માટે મામલતદાર એન.એસ મલેક, સર્કલ ઓફિસર અમિત યાદવ જાગીર શાખાના શિલ્પાબેન ઠક્કર



નાયબ મામલતદાર શિવજીપાયાન સહિતનો સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો. જેની તપાસ કરતાં તે પટારો ભૂકંપ સમયે કોઈ જાગીર શાખા દ્વારા જે તે વખતે જૂની ચાંદીની વસ્તુઓ સહિત જમા કરાવવામાં આવેલ હોવાનું જાણવા મળ્યા હતું. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક આ સ્થળને સીલ મારી તપાસ કરી હતી. પ્રાથમિક તપાસ કરતા ભૂકંપ સમય આ વસ્તુઓ જમા કરાવવામાં આવેલ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જે તે વખતે ભૂકંપ સમય અહીં મામલતદાર કચેરી અને જૂની ટંકશાળ કચેરી કાર્યરત હતી. ત્યારબાદ ઓફિસનું સ્થળાંતર થતાં આ પટારા સહિતની ચીજ વસ્તુઓ રહી ગઈ હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આમાં જિલ્લા કમાન્ડટની સમય સુચકતા અને જાગૃતિને કારણે વર્ષોથી પડેલા આ કિંમતી માલ સામાન મળી આવ્યો હતો.

### ચાંદીના પતરાંથી મઢેલી જૂનવાણી ડિઝાઈનની 20 પૌરાણિક વસ્તુઓ

1- બંદુક લાંબા નાળચા વાળી બે નંગ
2- ઘંટ નંગ.1
3- ઝુલાના સ્તંભ બે નંગ
4- ઝુલો -૧, ચાંદીના પતરાવાળો
5- ઝુલાના ચાંદી પતરાવાળા પાઈપ-4
6- ચાંદીના પતરાવાળા બે તોરણ
7 - ચાંદીના પતરાવાળા હાથી નંગ-બે
8-ચાંદીના પતરાવાળી હાથી અંબાડી- 2
9- જોડીયું નંગ.૧. ચાંદીના પતરાવાળું.
10- ચાંદીના પતરાવાળું ચોકઠું. - નંગ.1
11- હાથીના મોઢાવાળી ૪ આકૃતિઓ
12-ઢોલી નંગ.૨ ચાંદીના પતરાવાળા
13- વાદક નંગ.૨ ચાંદીના પતરાવાળા
14-સેવક નંગ.૨ ચાંદીના પતરાવાળા
15- વ્યકિતઓ-બે. ચાંદીના પતરાવાળા
16- મોર નંગ.૨ (મિકસ ધાતુના)
17- ઢેલ, તેની પાંખ -3 (મિકસ ધાતુ)
18- કળશ નાના- નંગ.7
19- સ્ટેન્ડ નાના - નંગ.12
20- શંકુ આકારના કળશ- નંગ.4

### ખેડામાં ત્રણ સ્થળે દારૂ સાથે બે બૂટલેગર ઝડપાયા, એક ફરાર

નડિયાદ | નડિયાદ તાલુકાના કમળા, વસો તેમજ નાદોલી ગામે પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ સાથે બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા. જ્યારે એક બુટલેગર અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો. આ બનાવ સંદર્ભે જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. એલસીબી ખેડા પોલીસે બુધવારે રાત્રે પેટ્રોલિંગ દરમિયાન કમળા ગામે ખોડીયાર હોટલ પાછળ રહેતો બુટલેગર દીક્ષિત ઉર્ફે દીકો અનિલ સોલંકી ભાથીજી મંદિર પાછળ રસ્તામાં વિદેશી દારૂની હેરાફેરી કરતો હતો ત્યારે રેડ પાડી હતી. પોલીસને જોઈ દીક્ષિત સોલંકી નાસી ગયો હતો. એલસીબી પોલીસે સ્થળ પરથી થેલીમાંથી વિદેશી દારૂ અને બીયર નંગ ૧૨૫ કિંમત રૂ.૧૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી નડિયાદ રૂલર પોલીસ મથકે બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો. વસો મહાકાલ ફળીયામાં રહેતો ગોવિંદ ઉર્ફે માતા અજીત મગનભાઈ દરબાર વિદેશી દારૂ સંતાડી રાખી છૂટક વેચતો હતો. ત્યારે તેને સ્થળ પરથી ઝડપી પાડી વસો પોલીસે પ્લાસ્ટિકની થેલીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૧૦ કિંમત રૂ.૩,૪૦૦નો જથ્થો કબજે કરી ઝડપાયેલા બુટલેગર વિરૂદ્ધ કાર્યવાહી કરી હતી. જ્યારે ત્રીજા બનાવમાં લીંબાસી પોલીસે નાદોલી કઠોડા રોડ ઉપર રહેતા શખ્સના ત્યાં રેડ પાડતા ભાગવા જતા ઈસમને ઝડપી પાડી પૂછપરછ કરી હતી.

### સરકાર અને તંત્ર શાળા પ્રવેશોત્સવમાં મશગુલ

# અમુક ગ્રાન્ટેડ શાળાના સંચાલકો ચાર ગણી ફી વસુલતા હોવાની ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.28

ભાવનગર શહેર-જિલ્લામાં શિક્ષણના વ્યાપ માટે ત્રણ દિવસનો શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. જ્યારે સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ ાપવા અને કુમારોને નોમીનલ ફીમાં અભ્યાસ કરાવાતો હોય છે. પરંતુ કેટલીક ગ્રાન્ટેડ શાળાઓ દ્વારા વિદ્યાર્થીના વાલી પાસે ચારગણી ફી લેવામાં આવે છે અને સાદા કાગળમાં રસીદ મુળ ફીની અપાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જ્યારે ખાનગી શાળામાં આ પાવતી પહોંચનો જાણે નિયમ બની ગયો છે ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા યોગ્ય પગલા ભરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

ભાવનગર શહેર જિલ્લામાં કુલ મળી ૧૩૫ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે અને તેની ફીથી લઈ નિભાવ ખર્ચની પણ સરકાર ગ્રાન્ટ આપે છે ત્યારે વિદ્યાર્થીઓના વાલી પાસેથી ફીના નામે મોટી રકમ લેવાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. એક તરફ શાળા પ્રવેશોત્સવ કરી વિદ્યાર્થીઓને શિક્ષણ તરફ આકર્ષવા સહાય, ગણવેશ, સન્માન, શિષ્યવૃત્તિ સહિતના પ્રલોભનો અપાય છે. પરંતુ ગ્રાન્ટેડ શાળાના કેટલાક સંચાલકોને સરકારની ગ્રાન્ટ ઉપરાંત




વધારાની આવક વધુ મીઠી લાગી રહી છે. ચોક્કસ ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીના વાલી પાસે ૩૦૦૦ શિક્ષણ ફી કે તેથી વધુ લેવામાં આવે છે. જ્યારે પહોંચના નામે સાદા કાગળ પર માત્ર ૭૦૦ રૂપિયાની નોંધ કરી પાવતી પકડાવી દેવાય છે. જ્યારે હકીકતમાં મુળ ફી ૭૦૦ જ થતી હોય તો ૩૦૦૦ની બાકીની રકમ કોના ખીસ્સામાં જાય છે ? આ પ્રશ્નની તપાસ જિલ્લા શિક્ષણાધિકારીએ કરવી જોઈએ અને આવી ઘટના માત્ર એક સ્કૂલમાં નહીં ઘણી ગ્રાન્ટેડ સ્કૂલોમાં બને છે. જે અંગે ચોક્કસ વાલીની બેદરકારી પણ જવાબદાર છે. પરંતુ જવાબદાર તંત્ર અને તેના એજ્યુકેશન ઈન્સપેક્ટરો દ્વારા પણ આવી ક્ષતિ જણાયે પગલા લેવા જરૂરી બને છે. તાજેતરમાં સરકારી પાઠયપુસ્તકોના પણ પૈસા લેવાતા હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. જ્યારે નવા પ્રવેશ શરૂ થતા ગ્રાન્ટેડ શાળાઓમાં ફીનો મામલો પણ ચર્ચાએ જોર પકડયું છે.



### શ્રી સરકાર થયેલી જમીન પરત અપાવવાના બહાને 28 લાખ ની છેતરપિંડી

(એજન્સી) ગાંધીનગર | તા.28

અમદાવાદના વેજલપુર ખાતે આવેલી અને શ્રી સરકાર થયેલી જમીન પરત અપાવવાના બહાને ગાંધીનગરના સેક્ટર ૫માં રહેતા પિતા પુત્ર અને તેમના સાગરીતે મળીને સચિવાલય સુધી ઓળખાણ હોવાનું કહી ૨૮ લાખ રૂપિયા મેળવી લઈને છેતરપિંડી આચરી હતી. જે સંદર્ભે સેક્ટર ૭ પોલીસ દ્વારા ગુનાહિત ષડયંત્ર સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.સચિવાલયમાં મોટી ઓળખાણ હોવાનું કહીને લોકો સાથે છેતરપિંડી કરતા ગઠીયા સક્રિય છે ત્યારે આ વખતે આજ પ્રકારે સેક્ટર ૫માં રહેતા પિતા પુત્ર દ્વારા લાખોની છેતરપિંડી કરવામાં આવી છે. જે સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ધરણીધર દેરાસર પાછળ વૃંદાવન વિહાર ફલેટમાં રહેતાં મૂળ લીંબોદરા ગામના વતની અને ટાઈલ્સ તેમજ જમીન લે વેચનો ધંધો કરતા અભિજીતસિંહ પ્રવિણસિંહ વાઘેલાએ ફરિયાદ નોંધાવી હતી.



### શહેરના 11 સેક્ટરોમાં 171 સરકારી આવાસોનાં પાણી, ગટર, વીજળીના જોડાણ જ કાપી નંખાયા

(એજન્સી) ગાંધીનગર | તા.28

વરસાદની બઘડાટી બોલે તેના પહેલા સેક્ટરોમાં સ્થિત ભયજનક સરકારી આવાસો ખાલી કરાવવાતંત્ર હરકતમાં આવી ગયું છે. સરકારે આ સંબંધે મહાપાલિકાને પણ જવાબદારી સોંપી હોવાથી સેક્ટર ૭, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૮ અને ૨૯માં પહોંચેલી ટુકડીઓએ ૧૭૧ સરકારી આવાસના પાણી, ગટર અને વીજળીના જોડાણ કાપી નાંખ્યા હતાં. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ કવાયતમાં અનધિકૃત કબ્જા હેઠળના મકાનો પણ સામેલ કરી દેવાયા હતાં. અમદાવાદ સહિત અન્ય જિલ્લાની સરખામણીએ ગાંધીનગર શહેરમાં હજુ ધોધમાર વરસાદ પડયો નથી. ત્યારે ભયજનક આવાસો સમયસર ખાલી કરાવવા પર સરકારે ભાર મુક્યો છે. તેના સંબંધમાં સરકારે આદેશ આપ્યાં બાદ ગત એપ્રિલથી આ કામગીરી શરૂ કરાઈ છે. પરંતુ વગદારોનું આ શહેર હોવાથી ચોમાસુ બેસવા પહેલા મતલબ કે તારીખ ૧૫મી જુન પહેલા કામ પૂર્ણ કરી શકાયું નથી.



### ગુજરાતની 2574 સ્કૂલોની હાલત જર્જરિત, 7599માં તો પતરાંની છત નીચે બાળકો ભણવા મજબૂર

(એજન્સી) ગાંધીનગર | તા.28

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા કથળવાનું મુખ્ય કારણ શાળાઓમાં પુરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેનપાવરનો અભાવ છે. દર વર્ષે સરકાર શાળા પ્રવેશોત્સવના તાયફા કરે છે પરંતુ શાળાના ઓરડા બાંધી શકતી નથી. રાજ્યમાં 2574 શાળાઓની જર્જરીત હાલતમાં છે અને 7599માં તો પતરાંની છત છે. રાજ્યના શિક્ષણ વિભાગે સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેક્ટ હેઠળ હાલ કચ્છ, મોરબી, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓના બાળકો માટે કુલ 38 સ્કૂલો મોબાઈલ વાનમાં શરૂ કરી છે. જો અન્ય રાજ્યોમાં ઓરડાઓની હાલત નહીં સુધરે તો બધી જગ્યાએ શાળાઓ હવે મોબાઈલ વાનમાં શરૂ કરવી પડે તેવી હાલત છે. પ્રાથમિક શાળાઓમાં 38 હજાર કરતાં વધુ શિક્ષકોની ઘટ છે.શિક્ષણ વિભાગ તરફથી આપવામાં આવેલા સત્તાવાર આંકડા પ્રમાણે રાજ્યની 44 હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાઓ પૈકી 14,600 સ્કૂલોમાં એક વર્ગખંડમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.



### વડતાલ મંદિરનું મેનેજમેન્ટ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલું હોવાના હરિભક્તોના આરોપથી ખળભળાટ

(એજન્સી) વડતાલ | તા.28

વડતાલ સંપ્રદાયના લંપટ સાધુઓ સામે હરિભક્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગુરુવારે (27મી જૂન) સ્વામિનારાયણ સિદ્ધાંત હિતરક્ષક સમિતિ દ્વારા 12 જેટલા મુદ્દાઓને ટાંકીને અંદાજીત 400થી વધુ હરિભક્તોએ રેલી કાઢીને નડિયાદ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું. તેમજ ધૂન બોલીને ઉગ્ર વિરોધ કર્યો હતો.જિલ્લા કલેક્ટરને સંબોધીને અપાયેલા આવેદનપત્રમાં રજૂઆત કરવામા આવી હતી કે, 'અમે તમામ હરિભક્તો વડતાલ સંપ્રદાયના છીએ. સ્વામિનારાયણ સંપ્રદાયને પોતાનું બંધારણ છે અને તે અનુસાર વર્તવા સંપ્રદાયના ત્યાગી સાધુઓ, પાર્ષદો, ગૃહસ્થ હરિભક્તો સહિતના તમામ બંધાયેલા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુએ ભાગવતી દિક્ષા અંગીકાર કરેલી છે. સાધુઓ ભગવા વસ્ત્રો માત્ર પહેરે છે. પરંતુ સ્થાપેલા સિદ્ધાંતો મુજબ વર્તન કરતા નથી. સાધુએ પોતે દ્રવ્યનો સંગ્રહ કરવો કે બીજા પાસે કરાવવો નહીં તેવી આજ્ઞા હોવા છતાં ખાનગી સંસ્થાઓ ગુરુકુળો બનાવી સંપતિ એકઠી કરે છે.

### ગાંધીધામમાં મોબાઈલમાં બહેન સાથે ફોટો હોવાની શંકા રાખી ધમકી

# જાનથી મારી નાખશે તેવી બીકથી અગ્નિસ્નાન કરતાં યુવાનનું મૃત્યુ

(એજન્સી) ગાંધીધામ | તા.28

ગાંધીધામમાં ગિરવે રાખેલા ફોનમાં પોતાની બહેન સાથેના ફોટો હોવાનો શંકા રાખી એક યુવાને બીજા યુવાનને 'કાલની સવાર નહીં જુએ સ્મશાનયાત્રાની તૈયારી કરી લો' તેવી ધમકી આપી હતી. ધમકીથી ડરી જતાં મહેશ્વરીનગરમાં રહેતા યુવાને ખૂદ પોતાના ઉપર પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કર્યું હતું. યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ગાંધીધામના મહેશ્વરીનગર ખાતે રહેતા ભાણબાઈ ઉર્ફે ભાવનાબેન વીરજીભાઈ ફફલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તા.૧૮-૬ ના સાંજે ૬ વાગ્યાના અરસામાં તેમનો દીકરો ગૌતમ તેમની પાસેથી રૂ.૫૦ લઈને બહાર જતો રહ્યો હતો. આશરે રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં ગૌતમના મિત્ર ગોવિંદ હરજીભાઈ ઉર્ફે હાજા હિંગણા તેમના ઘરે આવ્યો હતો. ગરમીના કારણે તેઓ પોતાના નણંદ સોનબાઈ અને દીકરી નૈના ઘરની સામે બેઠા હતા. ગોવિંદે તેમને ઘરના આંગણામાં બોલાવી ગૌતમ તેનો મોબાઈલ મારી પાસે રૂ.૧૫૦૦ માં ગિરવે રાખી ગયો હોવાનું કહી મોબાઈલમાં પોતાની બહેન સાથે ફોટો હોવાની શંકા રાખી ગૌતમ કાલની સવાર નહીં જુએ તેવી ધમકી આપી હતી.

દરમિયાન ગોવિંદને સમજાવવાની કોશિશ કરી તો તેણે સ્મશાન યાત્રાની તૈયારી કરો કહી ચાલ્યો ગયો હતો. તેના ગયા પછી ૧૦થી ૧૫ મિનિટમાં રાત્રે બે વાગ્યે છત પરથી તેમના પુત્ર ગૌતમે મમ્મી તારા પૈસા લઈ લે હું જીવનમાંથી જાઉં છું, મને ગોવિંદે મારી નાખવાની ધમકી આપી છે. દરમિયાન ફરિયાદી છત પર પહોંચે તે પહેલા પેટ્રોલ વડે તેણે પોતાની જાત જલાવી હતી.

### એક દિવસ પહેલા યોજાયેલા લોકસંવાદની અસર દેખાઈ

# અંજાર, ગાંધીધામ અને ભચાઉમાં વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદો નોંધાઈ

(એજન્સી) ગાંધીધામ | તા.28

વ્યાજખોરીનો ભોગ બનનારાઓને ન્યાય અપાવવાની દિશામાં એક દિવસ પહેલા જ ગાંધીધામ ખાતે લોકસંવાદ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં થયેલી રજૂઆત બાદ પૂર્વ કચ્છમાં જાણે વ્યાજખોરો વિરુદ્ધ મુહિમ છેડવામાં આવી હોય તેમ અંજાર, ગાંધીધામ અને ભચાઉ પોલીસે વ્યાજખોરો સામે ગુનો દાખલ કરી દીધી છે.

અંજારમાં ગંગોત્રી સોસાયટીમાં રહેતા રાજેશ અજીતરાય મહેતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે રૂપિયાની જરૂરીયાત હોતા આરોપી શબ્બીર તુર્ક પાસેથી એક લાખ અને કિશોરસિંહ જાડેજા (ખેડોઈ) પાસેથી ૫૦ હજાર દસ ટકા વ્યાજે લીધા હતા. જેમાં શબ્બીરને ૧.૨૨ લાખ અને કિશોરસિંહને ૫૮ હજાર ચુકવવા છતાં ચક્રવૃતિ વ્યાજની ગણતરીથી ફરિયાદી પાસે વધુ રૂપિયા માંગી શબ્બીરના સાગરીત મજીદ બાયડ અને કિશોરસિંહના સાગરીત ધર્મેન્દ્રસિંહ રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. શબ્બીર અને ધર્મેન્દ્રસિંહે કોરા ચેકમાં મનફાવે તે રકમ ભરી કોર્ટમાં હેરાન કરવાની અને ઘરની બહાર નિકળે તો પગ ભાંગી નાખવાની ધમકી આપતા હોવાની ફરિયાદ નોંધાઈ છે. જ્યારે મુન્દ્રાના મોખામાં રહેતા અકબર રહેમતુલ્લા સમાએ કુખ્યાત વ્યાજખોર રોયલ માઈક્રો ફાયનાન્સના રીયાબેન ઈશ્વરગર ગોસ્વામી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ રીયા પાસેથી ૪૦ હજાર રૂપિયા ૧૦ ટકા વ્યાજે લીધા હતા. જેમાં ૭૨ હજાર ચુકવવા છતાં ફરિયાદીની બાઈક જમા લઈ રૂપિયાની ઉઘરાણી કરી ચેકમાં ખોટી રકમ ભરી બેંકમાં જમા કરાવી કોર્ટ કેસ કરવાની ધમકી અપાઈ રહી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી રિયા સામે અગાઉ વ્યાજની ઉઘરાણીમાં મરવા માટે મજબુર કરવા સહિતની વિવિધ કલમો તળે ગુના નોંધાયેલા છે અને તે કુખ્યાત વ્યાજખોર છે.


તો બીજીતરફ ગાંધીધામમાં રહેતા અશોકભાઈ જેઠાનંદ થાવરાણીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, તેણે આરોપી વિજય મજેઠીયા પાસેથી ૪૦ હજાર રૂપિયા લીધા હતા. જેમાં ૧.૨૦ લાખ ચુકવવા છતાં હજુ ૫૦ હજારની ઉઘરાણી કરવામાં આવે છે તેમજ ફરિયાદીનો ચેક પરત આપ્યો નથી. ઓસ્લો સર્કલે વિજયની ઓફિસ આવેલી છે. અવારનવાર રૂપિયા મેળવવા માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે.

### શું એન્ટિ કરપ્શન બ્યુરોને જ ભ્રષ્ટાચાર નાબૂદીમાં રસ નથી? SOPના પાલન વિના કરાઈ રહ્યા છે આડેધડ કેસ


(એજન્સી) ગાંધીનગર | તા.28

રાજ્ય સરકારના કર્મચારીઓમાં ફરજનિષ્ઠા વધારવા તથા વહીવટી કામકાજને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાના હેતુથી લાંચરૂશ્વત વિરોધી બ્યુરો (ACB) કાર્યરત હોય છે. જો કે એસીબી જ ભ્રષ્ટાચાર અટકાવવામાં ઉદાસીનતા દાખવી રહ્યું છે કારણ કે, આ ખાતું હવે અગાઉ થયેલા ભ્રષ્ટાચારના જૂના કેસો ખોલીને, મનફાવે તેમ આડેધડ કેસો નોંધી રહ્યું છે. તમને સવાલ થશે કે ભ્રષ્ટાચારના કેસ નોંધીને કેવી રીતે ઉદાસીનતા? વાત એમ છે કે, એસીબી કેસ તો નોંધે છે પણ તેઓ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજ્યુર (SOP)નું પાલન નથી કરતા. એસીબી છેલ્લા ઘણાં સમયથી અપ્રમાણસર મિલકતના આડેધડ કેસ નોંધે છે, પરંતુ મુશ્કેલી એ છે કે આ પ્રકારના કેસમાં આરોપીઓ કોર્ટમાંથી છટકી જવાની શક્યતા વધી જાય છે. શું એસીબી આ વાત જાણતું નથી? આ સ્થિતિમાં એસીબીના કેસનો કન્વિક્શન રેટ હાલનો એવરેજ રેટ 37% છે, જે ઘટી જવાની શક્યતા છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.




**વૃષભ (બ,વ,ઉ)**
ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.




**કર્ક (ડ,હ)**
આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.




**સિંહ (મ,ટ)**
આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .




**તુલા (ર,ત)**
આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.




**ધન (ભ,ધ,ફ)**
કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)**
આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

## નવકાર કોર્પોરેશન લિમિટેડમાં બહુમતી હિસ્સાનું હસ્તાંતરણ

મુંબઈ | જેએસડબલ્યુ ગ્રૂપનો હિસ્સો અને ભારતની બીજા ક્રમની સૌથી મોટી ખાનગી કમર્શિયલ પોર્ટ ઓપરેટર જેએસડબલ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ("કંપની")એ તેની સંપૂર્ણ માલીકીની પેટા કંપની જેએસડબલ્યુ પોર્ટ લોજિસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડ ("અધિગ્રહણકર્તા") દ્વારા નવકાર કોર્પોરેશન લિમિટેડ ("નવકાર")માં પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રૂપના 70.37 ટકા શેરહોલ્ડિંગ હસ્તગત કરવા માટેની સંમતિ દર્શાવી છે. બંન્ને પક્ષો વચ્ચે આવશ્યક નિશ્ચિત કરારો ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. આ હસ્તાંતરણની પૂર્ણતા અમુક નિયમનકારી સંસ્થાઓ પાસેથી જરૂરી મંજૂરીઓની પ્રાપ્તિ અને અગાઉની ઓળખાયેલી શરતોની પૂર્ણતાને આધીન છે. નવકાર પાસે કેટેગરી 1 અને કેટેગરી 2 કન્ટેનર ટ્રેન ઓપરેટર લાઈસન્સ પણ છે. નવકારે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેની સુવિધાઓ સાથે પશ્ચિમ ભારતના ઔદ્યોગિક ક્ષેત્રોમાં મજબૂત ઉપસ્થિતિ સ્થાપી છે તેમજ તેના સર્વિસ નેટવર્કને સમગ્ર ભારતમાં વિસ્તારવા માટે તેની રેલવે ક્ષમતાઓનો લાભ લીધો છે. આ હસ્તાંતરણ પોર્ટ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ઓર્ગેનિક અને ઈન-ઓર્ગેનિક તકોને આગળ વધારવાની કંપનીની રણનીતિને અનુરૂપ છે. આ હસ્તાંતરણની સાથે કંપની લોજિસ્ટિક્સ અને બીજી મૂલ્યવર્ધિત સેવાઓમાં પ્રવેશ કરશે. તે બિઝનેસને તેના ગ્રાહકોને સારી પોર્ટ કનેક્ટિવિટી અને સુવ્યવસ્થિત સપ્લાય ચેઈન સોલ્યુશન પ્રદાન કરવાની સુવિધા આપશે.

## IREDA, HUDCO માટે બજેટમાં સસ્તી લોનની જોગવાઈની શક્યતા

મુંબઈ | આગામી મહિને રજૂ થનારા સામાન્ય બજેટમાં સરકાર હસ્તકની બે મુખ્ય કંપનીઓ ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલોપમેન્ટ ( એજન્સી આઈઆરઈડીએ) અને હાઉસિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (હુડકો)ને સસ્તી લોન ઉપલબ્ધ કરાવવા માટેની જોગવાઈ કરવામાં આવે તેવી શકયતા છે. ઈન્કમ ટેક્સ એક્ટની કલમ 54ઈસી હેઠળ સરકારે આ અંગેની વિચારણા હાથ ધરી છે. એક વખત આ બંને પબ્લિક સેક્ટરની કંપનીઓ આ કલમના દાયરામાં આવી જશે તો રોકાણકારો તેમના બોન્ડ ખરીદી શકશે, જેને કેપિટલ ગેઈન્સ ટેક્સમાંથી મુક્તિ મળશે. બોન્ડ માર્કેટ કરતાં આવા બોન્ડ પરના વ્યાજ દરો ઘણાં ઓછા હશે. મોદી સરકારના સૌર ઉર્જા પેદાશ અને સસ્તા ઘરના મહત્વકાંક્ષી લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવામાં મદદ મળે તે માટે આ સમગ્ર કવાયત હાથ ધરવામાં આવી છે, એમ સરકારી અધિકારીએ જણાવ્યું હતું. નાણાં મંત્રાલયે વર્તમાનમાં આઈઆરઈડીએ અને હુડકો પાસેથી તેમના કલમ 54ઈસીમાં સમાવેશ અંગે વધારાની માહિતી માંગી છે.

## બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

અમદાવાદ | બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી, જે નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સને ટ્રેક કરતી ઓપન-એન્ડેડ ઈન્ડેક્સ સ્કીમ છે. આ ફંડ રોકાણકારોને ભારતીય ઈક્વિટી માર્કેટના 95% નું પ્રતિનિધિત્વ કરતા મોટા, મધ્યમ, નાના અને માઈક્રો કેપ્સના 750 શેરો ધરાવતા વૈવિધ્યસભર પોર્ટફોલિયોમાં રોકાણ કરવાની તક આપે છે. ન્યૂ ફંડ ઑફર (NFO) સોમવાર, 24 જૂન, 2024ના રોજ ખુલશે અને શુક્રવાર, 5 જુલાઈ, 2024ના રોજ બંધ થશે. બંધન નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સ ફંડમાં રોકાણ લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ વિતરકો, ઓનલાઈન પ્લેટફોર્મ અને સીધા https://bandhanmutual.com/nfo/bandhan-nifty-total-market-index-fund/ પર કરી શકાય છે. નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સ વ્યૂહરચના ધ્યાનમાં લેવાના મુખ્ય કારણો વિશે વાત કરતાં, બંધન AMCના સીઈઓ શ્રી વિશાલ કપૂરે જણાવ્યું હતું કે "ટોટલ માર્કેટ ફંડ કોન્સેપ્ટે તેની સરળતા અને વ્યાપક કવરેજ માટે વૈશ્વિક લોકપ્રિયતા મેળવી છે, જેમાં વિશ્વના કેટલાક સૌથી મોટા ETFs હવે કુલ માર્કેટ ફંડ્સ છે. નિફ્ટી ટોટલ માર્કેટ ઈન્ડેક્સે એક વર્ષમાં 3.77 વિ. 0.88 ના વધુ સારા જોખમ-સમાયોજિત વળતર સાથે અને 3, 5 અને 10 વર્ષના સમયગાળામાં સમાન કામગીરી સાથે નોંધપાત્ર રીતે નિફ્ટી 50 થી સારું પ્રદર્શન કર્યું છે.

# સરકાર 22 કરન્સી માટે એડવાન્સ્ડ ઓનલાઈન વિનિમય દરો લોન્ચ કરશે: નિકાસકારો અને આયાતકારો માટે વરદાન

(એજન્સી) મુંબઈ | તા.28



સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ (CBIC) નિકાસ અને આયાત પ્રક્રિયામાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે. તેઓ ચલણ વિનિમય દરો પ્રકાશિત કરવા માટે સ્વચાલિત સિસ્ટમ શરૂ કરી રહ્યા છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પહેલનો હેતુ 22 વિવિધ કરન્સી માટે વિનિમય દરની ગણતરીને સુવ્યવસ્થિત કરવાનો છે. 4થી જુલાઈના રોજ, ઓનલાઈન એક્સચેન્જ રેટ ઓટોમેશન મોડ્યુલ (ERAM) લોન્ચ કરવામાં આવશે. આ સિસ્ટમ કસ્ટમ્સ એક્ટની કલમ 14નું પાલન કરીને, વિનિમય દરના આધારે આયાત અને નિકાસ કરાયેલ માલના મૂલ્યાંકનને સ્વચાલિત કરશે. ERAM વિનિમય દરો માટે મેન્યુઅલ સૂચના પ્રક્રિયાને બદલશે. 22 કરન્સીના વિનિમય દરો હવે અગાઉથી ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવશે. આ ફેરફાર તમામ આયાતકારો અને નિકાસકારોને લાભ આપવા માટે રચાયેલ છે, તેમની નાણાકીય કામગીરીને સરળ બનાવે છે. CBIC એ જાહેરાત કરી કે વિનિમય દર મહિનામાં બે વાર ICEGATE વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. ખાસ કરીને, દરો 1લી અને 3જી ગુરુવારની સાંજે પોસ્ટ કરવામાં આવશે અને બીજા દિવસે મધ્યરાત્રિથી અમલમાં આવશે. CBIC વેબસાઈટ પરની લિંક વપરાશકર્તાઓને ICEGATE સાઈટ પર લઈ જશે જ્યાં આ દરો જોઈ શકાય છે.

સ્વયંસંચાલિત સિસ્ટમ રીઅલ-ટાઈમ અથવા નજીકના-રીઅલ-ટાઈમ વિનિમય દરની માહિતી એકત્રિત કરશે, પ્રક્રિયા કરશે અને શેર કરશે. તે નાણાકીય બજારો, ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ, ફોરેક્સ બ્રોકર્સ, બેંકો અને વૈશ્વિક નાણાકીય સમાચાર સેવાઓમાંથી કાચો ડેટા મેળવે છે.

આ પ્રક્રિયા સરળ કામગીરી અને સમયસર માહિતી સુનિશ્ચિત કરે છે, જે વેપાર, રોકાણ અને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવહારો માટે નિર્ણાયક છે. આ પ્રક્રિયાઓને સ્વચાલિત કરવાથી સમયસર અને વિશ્વસનીય વિનિમય દરની માહિતી સુનિશ્ચિત થશે. વેપાર, રોકાણ અને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવહારોમાં નાણાકીય નિર્ણયો લેવા માટે આ નિર્ણાયક છે. નવી સિસ્ટમ APIs, ડેટા એકત્રીકરણ અને ડેટાબેઝ મેનેજમેન્ટને અસરકારક રીતે હેન્ડલ કરશે. સીબીઆઈસી દ્વારા એક્સચેન્જ રેટ ઓટોમેશન મોડ્યુલની રજૂઆત વેપાર સુવિધા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. 22 કરન્સી માટે એડવાન્સ ઓનલાઈન વિનિમય દરો પ્રદાન કરીને, તે નિકાસ અને આયાત પ્રક્રિયાઓને સરળ બનાવશે, જે વેપારીઓ અને વ્યવસાયોને એકસરખું લાભ આપશે. આ પહેલ વેપાર કાર્યક્ષમતા વધારવા માટે ટેક્નોલોજીનો લાભ લેવા સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## સરકારે નિકાસકારો અને આયાતકારો માટે અધતન ઓનલાઈન વિનિમય દર સિસ્ટમ શરૂ કરી છે

(એજન્સી) નવી દિલ્હી | તા.28

સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ (CBIC) નિકાસકારો અને આયાતકારો માટે રચાયેલ નવી ઓનલાઈન સિસ્ટમ સાથે ચલણ વિનિમય દર મેનેજમેન્ટમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે. નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ પહેલનો હેતુ 22 મુખ્ય ચલણોમાં આંતરરાષ્ટ્રીય વેપાર કામગીરીને સુવ્યવસ્થિત કરવાનો છે. 4થી જુલાઈના રોજ લોન્ચ થવાનું સુનિશ્ચિત, ઓનલાઈન એક્સચેન્જ રેટ ઓટોમેશન મોડ્યુલ (ERAM) ટ્રેડિંગ કાર્યક્ષમતા વધારવા તરફ એક મુખ્ય પરિવર્તન રજૂ કરે છે. કસ્ટમ્સ એક્ટની કલમ 14 દ્વારા ફરજિયાત વિનિમય દરોના પ્રકાશનને સ્વચાલિત કરીને, CBIC બોજારૂપ મેન્યુઅલ સૂચના પ્રક્રિયાને બદલવાનો પ્રયાસ કરે છે. ERAM વિનિમય દરોની સમયસર ઍક્સેસ પ્રદાન કરીને આયાતકારો અને નિકાસકારો પરના ભારણને નોંધપાત્ર રીતે હળવા કરવાનું વચન આપે છે. આ નિર્ણાયક માહિતી હવે અગાઉથી ઓનલાઈન ઉપલબ્ધ થશે, સરળ વ્યવહારોને પ્રોત્સાહન આપશે અને ચલણના રૂપાંતરણમાં અનિશ્ચિતતા ઘટાડશે. CBIC અનુસાર, વિનિમય દરો ICEGATE વેબસાઈટ પર મહિનામાં બે વાર અપડેટ કરવામાં આવશે, જાહેરાતના દિવસે મધ્યરાત્રિ પછી અસરકારક તારીખો સાથે. વપરાશકર્તાઓ પારદર્શિતા અને સુલભતા સુનિશ્ચિત કરીને CBIC વેબસાઈટ પર સમર્પિત લિંક દ્વારા પ્રકાશિત દરોને સરળતાથી ઍક્સેસ કરી શકે છે.

## ક્રુડતેલના નીચા ભાવ તથા ઉત્પાદન કાપથી વર્તમાન વર્ષમાં રેમિટન્સની વૃદ્ધિ મંદ પડશે

(એજન્સી) મુંબઈ | તા.28

૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં દેશમાં રિમેટન્સિસની વૃદ્ધિમાં પચાસ ટકા ઘટાડો જોવા મળશે. ૨૦૨૩માં રેમિટેન્સિસમાં ૭.૫૦ ટકા વધારો થયો હતો જે ૨૦૨૪માં ૩.૭૦ ટકા જોવા મળવા શકયતા હોવાનું વર્લ્ડ બેન્કના એક રિપોર્ટમાં જણાવાયું હતું. ક્રુડતેલના ભાવમાં ઘટાડા તથા ઉત્પાદન પર કાપને પરિણામે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી) ખાતેથી આઉટફલોસ નીચો રહેશે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૩માં રેમિટેન્સિસનો આંક ૧૨૦ અબજ ડોલર રહ્યો હતો જે ૨૦૨૪માં સાધારણ વધી ૧૨૪ અબજ ડોલર અને ૨૦૨૫માં ૧૨૯ અબજ ડોલર રહેવાની ધારણાં છે. યુનાઈટેડ આરબ અમીરાતસ (યુએઈ) તથા સિંગાપુર જેવા રેમિટેન્સિસના મુખ્ય દેશોને ભારત દ્વારા પોતાની યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) સેવાને જોડી દેવાના પ્રયાસો ખર્ચમાં ઘટાડો કરાવશે અને રિમેટિન્સિસમાં ઝડપ પણ આવશે. રેમિટેન્સિસ મેળવનારા દેશોમાં ગયા વર્ષે ભારતે ટોચનું સ્થાન મેળવ્યું હતું. ગયા વર્ષે ભારત બાદ ૬૬ અબજ ડોલર સાથે મેક્સિકો બીજા ક્રમે રહ્યું હતું. ૫૦ અબજ ડોલર સાથે ચીનનું સ્થાન ત્રીજું હતું. વિદેશમાં કામકાજ કરવા માટે જતા કર્મચારીઓમાં વૈવિધ્યતાને કારણે દેશમાં રેમિટેન્સિસની માત્રામાં સમતુલા જોવા મળી શકે છે.

## એક્સિસ બેંકે રિટેલ અને સંસ્થાકીય ગ્રાહકો માટે ગિફ્ટ સિટી ખાતે નવી બ્રાન્ચ શરૂ કરી

અમદાવાદ | તા.28

ભારતની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટરની બેંકો પૈકીની એક એક્સિસ બેંકે ભારતના સૌપ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટરમાં તેની હાજરી વિસ્તારતા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી) ખાતે તેની પ્રથમ ડોમેસ્ટિક રિટેલ બ્રાન્ચનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ બ્રાન્ચનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ એવા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર સુશ્રી મીરા પટેલ તથા ગાંધીનગર ખાતે ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ શ્રી તપન રે દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એક્સિસ બેંકના પ્રતિનિધિઓ તરીકે બ્રાન્ચ બેંકિંગના પ્રેસિડેન્ટ અને હેડ સુશ્રી અર્નિકા દિક્ષીત, રિજનલ બ્રાન્ચ બેંકિંગ હેડ - વેસ્ટ 2 શ્રી રાકેશ ભોજનગરવાલા, ગિફ્ટ સિટી બ્રાન્ચ હેડ શ્રી સુધીર નારાયણ અને બેંકના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રાન્ચ રિટેલ અને સંસ્થાકીય ગ્રાહકોની બેંકિંગ જરૂરિયાતો પૂરી કરશે અને સેવિંગ્સ એકાઉન્ટ્સ, ફિક્સ્ડ ડિપોઝીટ્સ, લોન, ફોરેક્સ, ટ્રેડ ફાઈનાન્સ અને ટ્રેઝરી સોલ્યુશન્સ જેવી વિવિધ પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝ ઓફર કરશે. આ નવી બ્રાન્ચ ટાવર ડી, ડબ્લ્યુટીસી બ્લોક નંબર 51, રોડ નંબર 51, શોપ 10 અને 11, ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત, ભારત - 382355 ખાતે આવેલી છે. આ બ્રાન્ચની શરૂઆત સાથે એક્સિસ બેંક ડિપોઝીટ એકાઉન્ટ ધારકોને વ્યાપક અને ઉચ્ચ ડિજિટલ અનુભવ પ્રદાન કરશે. તે એનઆરઆઈ ગ્રાહકોને એક્સિસ બેંક મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન દ્વારા યુએસ ડોલરની ફિક્સ્ડ ડિપોઝિટ ખોલવા માટે સક્ષમ બનાવશે.ગિફ્ટ સિટી ખાતેની નવી સ્થાનિક રિટેલ બ્રાન્ચ એક્સિસ બેંકના હાલના બેંકિંગ એકમને પૂરક બનાવશે, જે ફક્ત ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) ની અંદર આંતરરાષ્ટ્રીય બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ બ્રાન્ચ ગિફ્ટ સિટીની અંદર ઝડપથી વિકસતા રેસિડેન્શિયલ અને કોમર્શિયલ ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરશે, જે સ્ટાર્ટઅપ્સ, રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ અને અન્ય વ્યવસાયોના વિકસતા સમુદાયને ખૂબ જ જરૂરી બેંકિંગ સેવાઓ પૂરી પાડશે. તે કરંટ એકાઉન્ટ્સ/સેવિંગ્સ એકાઉન્ટ્સ, કોર્પોરેટ સેલેરી, રિટેલ લાયેબિલિટીઝ, રિટેલ એસેટ્સ, હોમ લોન, ફોરેક્સ ટ્રાન્ઝેક્શન્સ, અનસિક્યોર્ડ લોન, ક્રેડિટ કાર્ડ્સ અને સ્પેશિયલ નોન-રેસિડેન્શિયલ રૂપી એકાઉન્ટ્સ જેવી વિવિધ પ્રકારની બેંકિંગ સેવાઓનો વિસ્તાર કરશે.

## સોનું આંચકા પચાવી ફરી ઊંચકાયું

(એજન્સી) મુંબઈ | તા.28

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારના સમાચાર નવેસરથી તેજી બતાવતા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઝવેરી બજારો ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશદીઠ ૨૩૧૬થી ૨૩૧૭ વાળા નીચામાં ૨૨૯૬ થયા પછી ફરી વધી ૨૩૨૪થી ૨૩૨૫ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઘટતાં વૈશ્વિક સોનામાં ઘટાડે ફંડોનું બાઈંગ ફરી વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૩૫૦૦ તથા ૯૯.૯૦ના ૭૩૭૦૦ રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ચાંદીના ભાવ જો કે આજે કિલોદીઠ રૂ.૧૦૦૦ ઘટી રૂ.૮૯૫૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૨૮.૯૫થી ૨૮.૯૬ વાળા નીચામાં ૨૮.૬૮ થઈ ફરી વધી ઉંચામાં ૨૯.૧૫થી ૨૯.૧૬ ડોલર રહ્યા હતા.

## હીરો ફિનકોર્પ ઇન્સ્ટન્ટ લોન સાથે ચિલ આઉટ: તમારી સમર એસી ખરીદી માટે ઇન્સ્ટન્ટ ફંડ મેળવો

મુંબઈ | તા.28

2024 ના ઉનાળામાં તાપમાન રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચતું હોવાથી, એર કંડિશનર આવશ્યક બની જાય છે. Hero FinCorp તરફથી કસ્ટમાઈઝ્ડ ઈન્સ્ટન્ટ લોન પ્લાન સાથે EMI પર ઉપલબ્ધ શ્રેષ્ઠ એર કંડિશનર્સ સાથે ગરમીને હરાવો. 36 મહિના સુધીની લવચીક ચુકવણીની શરતો સાથે, ટોપ-રેટેડ AC ધરાવવું પોસાય અને તણાવમુક્ત બને છે. Hero FinCorp અસંખ્ય લાભો પ્રદાન કરે છે જે તેને ભંડોળના વિકલ્પો શોધતા ગ્રાહકો માટે ટોચની પસંદગી બનાવે છે: Hero FinCorp પાસે ત્વરિત લોન માટે શ્રેષ્ઠ એપ્લિકેશન છે, જે મિનિટોમાં મંજૂરી અને વિતરણ પ્રદાન કરે છે. હીરો ફિનકોર્પની પર્સનલ લોન કોલેટરલ-ફ્રી છે, જેમાં સુરક્ષા તરીકે કોઈ સંપત્તિની જરૂર નથી. EMI કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરીને, EMI માં AC ની કિંમત માટે 36 મહિના સુધીની ચુકવણીનો સમયગાળો પસંદ કરો. 25% સુધીના પર્સનલ લોનના વ્યાજ દરોનો આનંદ માણો, ચુકવણીને વ્યવસ્થિત બનાવીને. વિવિધ નાણાકીય જરૂરિયાતો પૂરી કરીને રૂ. 3 લાખ સુધીનું ઉધાર લો. સરળ પાત્રતા અને ન્યૂનતમ દસ્તાવેજીકરણ આવશ્યકતાઓને પૂર્ણ કરતી લગભગ કોઈપણ વ્યક્તિ Hero FinCorp પાસેથી ત્વરિત લોન માટે અરજી કરી શકે છે. કોઈ છુપાયેલા શુલ્ક અને સુરક્ષિત વ્યવહારો વિના 100% ડિજિટલ પ્રક્રિયાનો લાભ લો. લોનના વપરાશ પર કોઈ નિયંત્રણો વિના કોઈપણ એર કંડિશનર મોડલ ખરીદો. એર કંડિશનરના પ્રકારો તમે ત્વરિત લોન સાથે ખરીદી શકો છો.

# એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો ઇક્વિટી શેર્સનો આઈપીઓ 3 જુલાઈ, 2024ના રોજ ખૂલશે

- **એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર (ઇક્વિટી શેર્સ) દીઠ રૂ. 960થી રૂ. 1,008ની પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવી છે**
- **એન્કર ઇન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો – મંગળવાર, 2 જુલાઈ, 2024**
- **બિડ/ઓફર ખુલવાની તારીખ – બુધવાર, 3 જુલાઈ, 2024 અને બિડ/ઓફર બંધ થવાની તારીખ – શુક્રવાર, 5 જુલાઈ, 2024**
- **બિડ્સ લઘુતમ 14 ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ 14 ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે**

મુંબઈ | તા.28

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) બુધવાર, 03 જુલાઈ, 2024ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ (ઓફર) ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે મંગળવાર, 2 જુલાઈ, 2024ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 5 જુલાઈ 2024 રહેશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 960થી રૂ. 1,008 રહેશે. બિડ્સ લઘુતમ 14 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 14 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) ના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના () ઈક્વિટી શેર્સ (ઈક્વિટી શેર્સ)ના આઈપીઓ જેનું મૂલ્ય રૂ. () સુધીના (ઓફર)ના ઈક્વિટી શેર દીઠ રૂ. ()ના કેશ પ્રાઈઝમાં (જેમાં ઈક્વિટી શેરદીઠ રૂ. ()ના શેર પ્રીમિયમનો સમાવેશ થાય છે) (ઓફર પ્રાઈઝ) જેમાં પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના () સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ, જેનું મૂલ્ય કંપની દ્વારા રૂ. 8,000.00 મિલિયન સુધીનું થાય છે (ફ્રેશ ઈશ્યૂ) અને પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 11,428,838 ઈક્વિટી શેર્સ સુધીની ઓફર ફોર સેલ જેનું મૂલ્ય રૂ. () મિલિયન છે જેમાં સતીશ રમણલાલ મહેતા દ્વારા રૂ. () મિલિયન સુધીના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 4,20,000 ઈક્વિટી શેર્સ, નમિતા વિકાસ થાપર દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 12,68,600 ઈક્વિટી શેર્સ, સમિત સતીશ મહેતા દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 10,000 સુધીના ઈક્વિટી શેર્સ અને સુનીલ રજનીકાંત મહેતા દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 40,000 સુધીના ઈક્વિટી શેર્સ (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ) તથા બીસી ઈન્વેસ્ટમેન્ટ્સ 5 લિમિટેડ દ્વારા રૂ. () મિલાયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 72,34,085 ઈક્વિટી શેર્સ (ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર), આરએચપીના એનેક્સ્ચર એ હેઠળ નક્કી કરાયેલા પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 13,42,586 ઈક્વિટી શેર્સ (પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ), અરૂણકુમાર પુરષોત્તમલાલ ખન્ના દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 3,00,00 સુધીના ઈક્વિટી શેર્સ (ઈન્ડિવિજ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર) અને આરએચપીના એનેક્સ્ચર હેઠળ નક્કી કરાયેલા અન્ય સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 8,13,568 ઈક્વિટી શેર્સ ( અધર સેલિંગ શેરહોલ્ડર) અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ, પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ, ઈન્ડિવિજ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર, ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ સાથે સેલિંગ શેરહોલ્ડર્સ તથા સેલિંગ શેરહોલ્ડર તરીકે દરેક વ્યક્તિ તથા સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની આવી ઓફર ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.




## ઓમરોન હેલ્થકેર હાયપરટેન્શન જાગૃતિ પેદા કરવા માંગે છે

અમદાવાદ | તા.28

ભારતમાં હાયપરટેન્શન એ એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા છે. દેશમાં વધુ છે 220 મિલિયનથી વધુ લોકો જેઓ હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે, પરંતુ ડબ્લ્યુએચઓના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે તેમાંથી માત્ર 15% જ સારવાર મેળવે છે. તેમાંથી લગભગ 5% લોકો ડિજિટલ BP નો ઉપયોગ કરે છે મોનિટર આ સૂચવે છે કે મોટા ભાગના લોકો તેમની સ્થિતિથી અજાણ છે અથવા નથી જાણતા યોગ્ય સારવાર મેળવો. ગુજરાતમાં પ્રી-હાઈપરટેન્શનનો વ્યાપ દર 35.5% છે અને 12.9% છે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 મુજબ BP વધ્યું.

વધુમાં, વસ્તીના 42% સર્વેક્ષણ મુજબ 18-54 વર્ષની વય જૂથમાં ક્યારેય બીપી માપ્યું નથી. બોજ પ્રીહાઈપરટેન્શન, સામાન્ય બીપી અને હાઈપરટેન્શન વચ્ચેની મધ્યવર્તી સ્થિતિ, ખૂબ જ છે સંબંધિત, કારણ કે તે ઘણીવાર સંપૂર્ણ વિકસિત હાયપરટેન્શનમાં પ્રગતિ કરી શકે છે. પ્રીહાઈપરટેન્શન થઈ શકે છે નજીકના ભવિષ્યમાં CVD બોજમાં નોંધપાત્ર યોગદાન આપો, જેની તાકીદ પર ભાર મૂકે છે અસરકારક દેખરેખ અને ઘરે બીપીનું સંચાલન.

માત્ર BP મોનિટરિંગ જ મહત્વપૂર્ણ નથી, પરંતુ ECG મોનિટરિંગ પણ એટલું જ મહત્વપૂર્ણ છે. શરતો જેમ કે AFib, જે હૃદયને અનિયમિત અને ઝડપી ધબકારાનું કારણ બને છે, સ્ટ્રોકનું જોખમ વધારે છે અને નોંધપાત્ર રીતે હૃદયની નિષ્ફળતા. હાયપરટેન્શન સાથે સ્ટ્રોકનું જોખમ 3.4 ગણું વધારે છે, પરંતુ તે છે Afib અને Afib સાથે 5 ગણું વધારે માત્ર ત્યારે જ માપી શકાય છે જો દર્દી માપતો હોય ઈસીજી. આ જોખમો હોવા છતાં, તાજેતરના ICMR અભ્યાસમાં જાણવા મળ્યું છે કે 18-54 વર્ષની વયના 30% ભારતીયો તેમનું બીપી ક્યારેય માપ્યું નથી. ઓમરોન હેલ્થકેર ઈન્ડિયા, દેશમાં અગ્રણી ડિજિટલ BP મોનિટર પ્રદાતા, ધરાવે છે હવે હાયપરટેન્શન મોનિટરિંગની બહાર તેના ફોકસને વિસ્તૃત કરવાની જરૂરિયાતને માન્યતા આપી છે અને છે હવે ઘરે ECG અને Afib માપવા માટેના ઉપકરણો રજૂ કર્યા છે.

## કેપિટલ સ્મોલ ફાઇનાન્સ બેંકે મધ્યમ-આવક સમૂહ અને વ્યૂહાત્મક વિસ્તરણ દ્વારા વૃદ્ધિને વેગ આપશે

મુંબઈ | તા.28

પંજાબના જલંધરમાં મુખ્યાલય ધરાવતી ભારતની પ્રથમ સ્મોલ ફાઈનાન્સ બેંક કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક મજબૂત ગ્રાહક સંબંધ અને વ્યાપક બેંકિંગ અભિગમ ઉપર નિર્મિત રિટેઈલ-કેન્દ્રિત બિઝનેસ મોડલ માટે કટીબદ્ધ છે. બેંકે ગ્રામીણ અને અર્ધ-શહરી વિસ્તારોની સાથે-સાથે મધ્યમ-આવક સેગમેન્ટને સેવા આપવા ઉપર વિશેષ ભાર મૂકતાં વૈવિધ્યસભર અને સુરક્ષિત ધિરાણ પ્રક્રિયાને લાગુ કરી છે. કેપિટલ એસએફબી ભારતમાં મધ્યમ-આવક સમૂહ (એમઆઈજી)ને વ્યૂહાત્મક રીતે ટાર્ગેટ કરે છે તેમજ આ સમૂહને આર્થિક વૃદ્ધિના નોંધપાત્ર ચાલક તરીકે ઓળખ કરે છે. અમારું માનવું છે કે ભારત નજીકના ભવિષ્યમાં ઉચ્ચ મધ્યમ-આવકનો દરજ્જો હાંસલ કરવા સજ્જ છે. આ આર્થિક લેન્ડસ્કેપમાં બેંક મધ્યમ-આવક વર્ગના ઉદયનો લાભ લેવા માટે આદર્શ સ્થિતિમાં છે, જેના માટે આ સમૂહના ગ્રાહકો માટે પ્રાથમિક બેંક બનવા ઉપર ધ્યાન અપાઈ રહ્યું છે. બેંક એકદમ વૈવિધ્યસભર લોન પોર્ટફોલિયો ધરાવે છે, જેમાં 37 ટકા કૃષિ, 26 ટકા મોર્ગેજ, 19 ટકા માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) અને ટ્રેડિંગ બુક, એનબીએફસી, એમએફઆઈ વગેરેને કોર્પોરેટ લોનના 9 ટકા તેમજ બાકીની બુકમાં કન્ઝમ્પશન અને બીજી લોન સામેલ છે, જે દરેક ગ્રાહકની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પર્યાપ્ત છે. કેપિટલ એસએફબીના ધિરાણ પોર્ટફોલિયોમાં એમએસએમઈ સેક્ટરને સપોર્ટ કરવા માટે નોંધપાત્ર હિસ્સો સમર્પિત છે, જેથી તેઓ વ્યાપક અર્થતંત્રમાં વિકાસ અને વૃદ્ધિ માટે સશક્ત બની શકે. પોતાના સમકક્ષો વચ્ચે બેંક વિશેષ ઉપસ્થિતિ ધરાવે છે તેમજ તેના માર્કેટ માટે વિશેષ પ્રોડક્ટ્સ અને સર્વિસિસ વિકસાવી શકે છે. બેંક તેના ખૂબજ સુરક્ષિત ધિરાણ પોર્ટફોલિયો સાથે વિશિષ્ટ છે, જ્યાં 99.9 ટકા લોન કોલેટરલાઈઝ્ડ હોય છે, જે મુખ્યત્વે સ્થાવર મિલકત અથવા બેંક ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટ્સ દ્વારા સમર્થિત હોય છે. મહત્વપૂર્ણ છે કે બેંક માઈક્રોફાઈનાન્સ માટે શૂન્ય ડાયરેક્ટ એક્સપોઝર જાળવે છે.

## મની મેનેજમેન્ટમાં માતાપિતા કરતાં વધુ હોશિયાર હોવાનું માનતી Gen Z

મુંબઈ | તા.28

કોવિડ મહામારીથી લઈને વર્ષ 2023ના અંત સુધીમાં ભારતના વિવિધ ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ્સને લગભગ 1.7 કરોડ નવા રોકાણકારો મળ્યા છે. પૈસાનું યોગ્ય રીતે રોકાણ કરવા બાબતે નવી પેઢીનું આવું ઉત્સાહી વલણ ભારતીય અર્થવ્યવસ્થાને ગતિમાન રાખવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થયું છે. Gen Z (1997 અને 2012ની વચ્ચે જન્મેલા લોકોની પેઢી તે 'જનરેશન Z', ટૂંકમાં Gen Z) એ પેઢી છે જેણે 2008 ની નાણાકીય કટોકટી વિશે ઘણુંબધું સાંભળ્યું છે અને 2020 ની કોવિડ-કટોકટી અને એ પછીના વર્ષોની મંદીના ભયનો અનુભવ પણ કર્યો છે. આ પેઢીએ હાઈ-સ્પીડ UPI ટ્રાન્ઝેક્શનથી લઈને ડિમોનેટાઈઝેશન સહિત ઘણુંબધું જોયું-અનુભવ્યું છે. ટૂંકમાં એમ કહી શકાય કે આ પેઢીએ ઈકોનોમિક રોલર-કોસ્ટર રાઈડની મજા લીધી છે. નાણાકીય વ્યવસ્થાપન બાબતે Gen Zનું વલણ એમના માતાપિતા કરતા દેખીતી રીતે અલગ છે. બે પેઢીઓ વચ્ચે વૈચારિક મતભેદો તો હંમેશથી રહેતા આવ્યા છે, પણ હાલની Gen Z અને એમના પાતા-પિતા વચ્ચે મની મેનેજમેન્ટ બાબતે પણ ઊડીને આંખે વળગે એવો તફાવત જોવા મળે છે.

## નાણાં વર્ષ 2023-24ના અંતે બેન્કોની ગ્રોસ એનપીએ બાર વર્ષના તળિયે ઉતરી

મુંબઈ | તા.28

દેશની શિડયૂલ્ડ કમર્સિઅલ બેન્કોનું ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)નું પ્રમાણ ગયા નાણાં વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪ના અંતે ઘટી ૨.૮૦ ટકા સાથે ૧૨ વર્ષની નીચી સપાટીએ રહી છે જ્યારે નેટ એનપીએનું પ્રમાણ ૦.૬૦ ટકા પર આવી ગયું હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ૨૯માં ફાઈનાન્સિઅલ સ્ટેબિલિટી રિપોર્ટમાં જણાવાયું છે. એનપીએમાં ઘટાડા તથા નફામાં વૃદ્ધિને પરિણામે શિડયૂલ્ડ કમર્સિઅલ બેન્કોની સ્થિતિમાં જોરદાર સુધારો જોવા મળ્યો છે. બેન્કોનું રિટર્ન ઓન એસેટસ તથા રિટર્ન ઓન ઈક્વિટી અનુક્રમે ૧.૩૦ ટકા અને ૧૩.૮૦ ટકા સાથે દાયકાની ઊંચી સપાટીએ રહ્યું છે. બીજી બાજુ નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસ)નું રિસ્ક વેઈટેડ એસેટસથી કેપિટલ (સીઆરએઆર)નું પ્રમાણ ગયા નાણાં વર્ષના અંતે ૨૬.૬૦ ટકા રહ્યું છે જ્યારે તેમનું ગ્રોસ એનપીએનું પ્રમાણ ૪ ટકા અને રિટર્ન ઓન એસેટસનું પ્રમાણ ૩.૩૦ ટકા રહ્યું હોવાનું રિઝર્વ બેન્ક દ્વારા નોંધવામાં આવ્યું છે. વૈશ્વિક ભૌગોલિક-રાજકીય અશાંતિ,જાહેર દેવામાં વધારા અને ફુગાવો ઘટવાની ગતિ ધીમી પડવા જેવા પડકારો છતાં વૈશ્વિક નાણાં વ્યવસ્થા સ્થિતિસ્થાપક રહી શકી છે અને નાણાંકીય સ્થિતિ સ્થિર જોવા મળી રહી છે. ભારતનું અર્થતંત્ર અને નાણાં સ્થિતિ મજબૂત હોવાની પણ રિઝર્વ બેન્કે નોંધ કરી છે. બેલેન્સ શીટસમાં મજબૂતાઈ સાથે બેન્કો તથા નાણાં સંસ્થાઓ ધિરાણ પૂરા પાડી અર્થતંત્રની પ્રવૃત્તિને ટેકો આપી રહી છે. ઈન્સોલવેન્સી બેન્કરપ્સી કોડ (આઈબીસી) લાગુ થયા બાદ દેશની બેન્કો પર એનપીએનું દબાણ ઘટવામાં મદદ મળી છે એટલુ જ નહીં નબળી પડેલી લોન્સની રિકવરી પણ ઝડપી બની છે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, જેઠ વદ-08

# વિલંબનાં દુષ્પરિણામ

એ સારું છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે એનટીએ તરફથી રદ અને સ્થગિત કરવામાં આવેલ પરીક્ષાઓને ફરીથી આયોજિત કરવાની તૈયારી કરવામાં આવી રહી છે, ત્યાં જ આ એજન્સીની કાર્યપ્રણાલીમાં સુધાર માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિ પરીક્ષાઓને પારદર્શી બનાવવા માટે છાત્રો, વાલીઓ અને શિક્ષણવિદો સાથે વિચાર-વિમર્શ કરવા જઈ રહી છે, પરંતુ વધુ સારું થાત કે આ બધું બહુ પહેલાં કરી લેવાયું હોત. જો કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય ત્યારે જ ચેતી જતું, જ્યારે પહેલી વાર એનટીએની કોઈ પરીક્ષાને લઈને પ્રશ્ન ઊભા થયા હતા, તો સંભવત: આજે જે સ્થિતિ બની, તે ન બનતી. કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને એ આભાસ હોવો જોઈએ કે એનટીએની કાર્યપ્રણાલીમાં ખામીને કારણે ન માત્ર મેડિકલ કોલેજોની પ્રવેશ પરીક્ષા એટલે કે નીટની વિશ્વસનીયતાને લઈને ગંભીર સવાલ ઊભા થયા, બલ્કે એવા જ સવાલોની આશંકાને કારણે કેટલીક બીજી પરીક્ષાઓને રદ અથવા સ્થગિત કરવી પડી. તેને કારણે લગભગ ૩૭ લાખ છાત્ર પ્રભાવિત થયા. આ એક બહુ મોટી સંખ્યા છે અને આશ્ચર્ય નહીં કે આ છાત્રો અને તેના વાલીઓના મનમાં સરકાર પ્રત્યે અસંતોષ હોય. જેમ કેન્દ્ર સરકાર કેન્દ્રીય સ્તરની પ્રતિયોગી પરીક્ષાઓની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે સમયસર સજાગ ન થઈ, એવી જ ભૂલ કેટલીય રાજ્ય સરકારોથી પણ થઈ. છેલ્લા કેટલાંક વર્ષોમાં વિભિન્ન રાજ્ય સરકારો દ્વારા આયોજિત કરવામાં આવેલ પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર કાં તો લીક થઈ ગયાં અથવા તેનાં પરિણામોને લઈને સવાલ ઊભા થયા. કંઈક એવી જ પ્રતિયોગી પરીક્ષાઓ રહી, જે સમય પર સંપન્ન તો થઈ ગઈ, પરંતુ તેનાં પરિણામ નક્કી અવધિમાં જાહેર ન કરવામાં આવ્યાં. આશ્ચર્ય નહીં કે આ બધાં કારણોસર હાલમાં લોકસભા ચૂંટણીઓમાં ભાજપ વિરુદ્ધ માહોલ બન્યો હોય. એમ તો છેલ્લા કેટલાક વર્ષોમાં કદાચ જ એવી કોઈ રાજ્ય સરકાર રહી હશે, જેની પ્રતિયોગી પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર લીક ન થયાં હોય, પરંતુ બીજાઓથી અલગ હોવાનો દાવો કરનારી ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી એ જ અપેક્ષિત હતું કે તેઓ આ બાબતો પર ક્યાંય વધારે સજાગતાનો પરિચય આપતી. કોઈ નથી જાણતું કે એવું કેમ ન કરવામાં આવ્યું? આખરે છાત્રોના હિતોની રક્ષા અને પ્રતિયોગી પરીક્ષાઓ પ્રત્યે તેમનો ભરોસો જાળવી રાખવા માટે હવે જે પગલાં ભરાઈ રહ્યાં છે, તે પહેલાં કેમ ન ભરી શકાયાં? ભાજપી નેતૃત્વ અને તેની સરકારોને એ આભાસ હોવો જોઈએ કે સમય પર યોગ્ય પગલાં ન ભરવાનાં કેવાં દુષ્પરિણામ હોય છે? બની શકે કે પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વિભિન્ન સ્તરો પર જે પહેલ કરવામાં આવી રહી છે, તેના સાર્થક પરિણામ સામે આવી, પરંતુ પ્રશ્ન એ છે કે વિભિન્ન પરીક્ષાઓને રદ અને સ્થગિત કરવા અથવા તેમનાં પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે લાખો છાત્રોને જે પરેશાની ઉઠાવવી પડી, તેની ભરપાઈ સંભવ છે?

# 'કિત્તુરના રાણી ચેન્નમ્મા"



આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ અંગ્રેજો સામેની ઘણી લડતો લડી છે અને એમાં ઘણા લોકોએ બલિદાન આપ્યાં છે અને એવી ઘણી સ્ત્રીઓ છે, જેમણે પોતાના રાજ્યને બચાવવા માટે અંગ્રેજો સામે યુદ્ધ પણ કરેલ છે અને જીત મેળવી છે.એવા જ એક કર્ણાટકના ભૂતપૂર્વ રજવાડા કિત્તુરનાં રાણી ચેન્નમ્માની વાત કરવી છે, બ્રિટિશ વસાહતીકરણ સામે કિત્તુર દળોનું નેતૃત્વ કરનાર પ્રથમ અને થોડા મહિલા શાસકોમાંની એક તરીકે, તેમને કર્ણાટકમાં લોકનાયિકા તરીકે યાદ કરવામાં આવે છે. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળનું એક મહત્વપૂર્ણ પ્રતીક પણ છે.

રાણી ચેન્નમ્માનો જન્મ ૨૩ ઓક્ટોબર ૧૭૭૮ના રોજ ભારતના કર્ણાટકના હાલના બેલગાવી જિલ્લાના એક નાનકડા ગામ કાકતીમાં થયો હતો. તેઓ લિંગાયત સમુદાયનાં હતાં અને નાની ઉંમરથી જ તેમણે ઘોડેસવારી, તલવારબાજી અને તીરંદાજીની તાલીમ મેળવી હતી. ૯ વર્ષની ઉંમરથી તેમની સંભાળ રાખ્યા પછી, ૧૫ વર્ષની ઉંમરે દેસાઈ પરિવારના રાજા મલ્લસર્જ સાથે લગ્ન કર્યાં હતાં.તે એક પતિવ્રતા સ્ત્રી હતી. મલ્લસર્જને લડાઈ તથા રાજવહીવટ બંનેમાં પોતાની પત્નીની ઘણી મદદ મળી હતી. તેમના પતિનું ૧૮૧૬માં અવસાન થયું હતું અને તેઓ એક પુત્રને છોડીને ગયા. તેનો પુત્ર શિવલિંગ રુદ્રસર્જા રાજા બન્યો. તે શરીરે અશક્ત અને નામમાત્રનો રાજા હતો. વાસ્તવમાં તેના પતિના મૃત્યુ પછી, રાજ્યનો વહીવટ રાણી ચેન્નમ્મા જ સંભાળતા હતા. સપ્ટેમ્બર ૧૮૨૪માં તેમના પુત્રનું પણ મૃત્યુ થયું હતું. તેમના પતિ અને પુત્રના મૃત્યુ બાદ, રાણી ચેન્નમ્માએ વર્ષ ૧૮૨૪માં શિવલિંગપ્પાને દત્તક લીધા તેમને સિંહાસનનો વારસદાર બનાવ્યા. આનાથી ઈસ્ટ ઈન્ડિયા કંપની ગુસ્સે થઈ ગઈ, અને શિવલિંગપ્પાને હાંકી કાઢવાનો આદેશ આપ્યો. કિત્તૂર રાજ્ય પ્રભારી સેન્ટ જ્હોન ઠાકરેની ધારવાડ કલેક્ટર કચેરીના વહીવટ હેઠળ આવ્યું હતું, જેમાં શ્રી ચેપ્લેન કમિશનર હતા, જે બંનેએ કારભારી નવા શાસનને માન્યતા આપી ન હતી અને કિત્તૂરને બ્રિટિશ નિયંત્રણ સ્વીકારવા માટે સૂચિત કર્યું હતું.આ પગલાને ૧૮૪૮થી સ્વતંત્ર ભારતીય રાજ્યોને જોડવા માટે ભારતના ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસી દ્વારા પાછળથી રજૂ કરવામાં આવેલી ખાલસા નીતિના પુરોગામી તરીકે જોવામાં આવે છે.



**ક્રિમા બુદ્ધભટ્ટી**
**કોટડા (જ)કચ્છ**

૧૮૨૩માં રાણી ચેન્નમ્માએ બોમ્બે પ્રાંતના લેફ્ટનન્ટ-ગવર્નર માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનને એક પત્ર મોકલ્યો, જેમાં તેમના કેસની દલીલ કરવામાં આવી, પરંતુ વિનંતી ઠુકરાવી દેવામાં આવી, અને યુદ્ધ ફાટી નીકળ્યું. બ્રિટિશરોએ કિત્તુરના તિજોરી અને મુગટના ઝવેરાતની આસપાસ સંત્રીઓના એક જૂથને મૂક્યા, જેની કિંમત યુદ્ધ ફાટી નીકળ્યા પછી લગભગ ૧૫ લાખ રૂપિયા હતી. તેઓએ યુદ્ધ લડવા માટે ૨૦૭૯૭ માણસો અને ૪૩૭ બંદૂકોનું દળ પણ એકત્ર કર્યું,જે મુખ્યત્વે મદ્રાસ નેટિવ હોર્સ આર્ટિલરીની ત્રીજી ટુકડીમાંથી હતું. ઓક્ટોબર 1824 દરમિયાન યુદ્ધના પહેલા વિદ્રોહમાં બ્રિટિશ દળો ભરખમ રીતે હારી ગયાં અને સેન્ટ જોન ઠાકરે, કલેક્ટર અને પોલિટિકલ એજન્ટ, યુદ્ધમાં માર્યા ગયા.ચેન્નમ્માના લેફ્ટનન્ટ અમાતુર બલપ્પા તેમની હત્યા અને બ્રિટિશ દળોના નુકસાન માટે મુખ્યત્વે જવાબદાર હતા.બે બ્રિટિશ અધિકારીઓ સર વોલ્ટર ઈલિયટ અને મિસ્ટર સ્ટીવનસનને પણ બંધક તરીકે લેવામાં આવ્યા હતા. રાણી ચેન્નમ્માએ તેમને ચૅપ્લેન સાથેની સમજૂતી સાથે મુક્ત કર્યા કે યુદ્ધ સમાપ્ત થઈ જશે, પરંતુ ચૅપ્લેને વધુ દળો સાથે યુદ્ધ ચાલુ રાખ્યું. બીજા હુમલા દરમિયાન, સોલાપૂરના સબ કલેક્ટર મુનરો, થોમસ મુનરોનો ભત્રીજો માર્યો ગયો. રાણી ચેન્નમ્મા તેમના નાયબ સંગોલ્લી રાયન્નાની સહાયથી ઉગ્ર લડાઈ લડ્યાં હતાં, પરંતુ આખરે તેને પકડી લેવામાં આવ્યાં. તેમને બૈલહોંગલ કિલ્લામાં કેદ કરવામાં આવ્યાં હતાં , જ્યાં તબિયત બગડવાને કારણે ૨૧ ફેબ્રુઆરી ૧૮૨૯ના રોજ, ૫૦ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.રાણી ચેન્નમ્માની સમાધિ અથવા દફન સ્થળ બૈલહોંગલ, કર્ણાટકમાં છે.

# માંચ ચોકડીથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડતી ડેડીયાપાડા પોલીસ




ભરત શાહ | રાજપીપળા

મહારાષ્ટ્રના ખાપર થી બે કારમાં વિદેશી દારૂ નો મોટો જથ્થો લઈને ગુજરાતમાં સુરત બાજુ લઇ જતા બે બુટલેગરો ની બાતમી એ.એસ.પી/ લોકેશ યાદવ અને ડેડીયાપાડા પોલીસને મળતા રાત્રીના સમયે પોલીસે ચેકીંગ કરી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

આંતર રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં પ્રોહી. ની ગેરકાયદેસર રીતે થતી ઘુસણખોરીને રોકવા સારૂ સઘન વાહન ચેકીંગ તથા પ્રોહીની ચોક્કસ બાતમી મેળવી ગેરકાયદેસર થતી પ્રવુત્તિઓ અટકાવવા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે ની કડક સૂચના ના આધારે ASP લોકેશ યાદવને બાતમી મળેલ કે, બે ફોર વ્હીલ ગાડીઓ મહારાષ્ટ્ર રાજ્યના ખાપર ખાતેથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરી સાગબારા થઈ ડેડીયાપાડા તરફ આવનાર.

જે બાતમી ના આધારે ડેડીયાપાડા. પી.આઈ પી. જે. પંડ્યા એ તેમના સ્ટાફ ને આ ગાડીઓની વોચ માં રહેવા સુચના આપતા ડેડીયાપાડા પોલીસ ની આખી ટીમ સર્વેલન્સ સ્ટાફના તથા બીજા પોલીસ સ્ટાફના માણસો ડેડીયાપાડા માચ ચોકડી ખાતે હાજર રહી ચેકીંગ માં હોય એ દરમયાન બાતમી વાળી બન્ને ગાડીઓ આવતા આ શંકાસપદ ગાડીઓને ઉભી રાખી રોકવાનો ઈશારો કરતા ગાડીઓના ચાલકો એ ગાડી પૂર ઝડપી ભગાડી, ઉભી નહિ રાખતા પોલીસે તેમનો પીછો કરતા ગાડી થોડે દુર ઉભી રાખી સ્થળ ઉપર ગાડીઓ ચાલક તથા તેમની સાથેના અન્ય સાગરીતો અંધારાનો લાભ લઈ જંગલ તરફ નાશી ગયેલ, પોલીસે ગાડીઓ ને કબ્જે લઇ



તપાસ કરતા બન્ને ગાડીઓ માથી ભારતીય બનાવટનો ઈંગ્લીશન દારૂની નાની મોટી બોટલો 2,140 જેની કિંમત 2,61,200 તથા બન્ને ગાડીઓની કિ.15 લાખ મળી કુલ 17,61,200 નો પ્રોહી મુદ્દામાલ ડેડીયાપાડા પોલીસ ને ઝડપી પાડવા માં સફળતા મળી હતી. ડેડીયાપાડા પોલીસે સ્થળ ઉપરથી ગાડીઓ મુકી નાશી જનાર તથા પકડાયેલ વિદેશી દારૂ કોને આપ્યો અને કોને ગુજરાતમાં મંગાવ્યો એ બાબત ની તપાસ પો.ઈન્સ. પી. જે. પંડ્યાકરી રહ્યા છે.

# મોડાસા એમ.એસસી કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરિક્ષામાં સિદ્ધિઓ હાંસલ કરી

રાકેશ મહેતા | ધનસુરા






ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓક્ટોબર - ડિસેમ્બર ૨૦૨૩ની સેમેસ્ટર - ૯ ના પરિણામમાં પંચાલ સીમાબેન ડી. યુનિવર્સિટી પ્રથમ, પટેલ રીતુ આર. યુનિવર્સિટી બીજો, રાવલ અમિત યુ. યુનિવર્સિટી ચોથો અને પુવાર હેમરાજસિહ એમ. યુનિવર્સિટી પાંચમો ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે આ સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર મોદી, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ જે મોદી તથા કોલેજના આચાર્ય શ્રી અર્પિતકુમાર એ જોષી અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# કરોડોના ખર્ચે નંખાયેલી ભૂગર્ભ ગટર ઉભરાતા મહિનાઓ બાદ કામ ચાલુ થયું

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા શહેરમાં કરોડોના ખર્ચે ભૂગર્ભ ગટર લાઈનો નંખાઈ છે જોકે હાલમાં કામગીરી સંપૂર્ણ પૂર્ણ નહિ થતા ગટર નું ગંદુ પાણી કરજણ નદી માં જ વહેતું કરાઈ છે જેના કારણે કરજણ નદી પ્રદુષિત પણ થઈ રહી છે.ત્યારે હાલમાં ઘણા સમયથી રાજપીપળા ના કેટલાક વિસ્તારો માં ભૂગર્ભ ગટર ઉભરાતા ગંદુ પાણી માર્ગો ઉપર વહતું થયું હતું. આ માટે જેતે એજન્સી ને ફરિયાદો કરવા છતાં ચાર પાચ મહિનાઓ સુધી કોઈજ કામગીરી કરવામાં આવી નહિ હતી અને હાલમાં ચારેક મહિના બાદ દરબાર રોડ ઉપર એજન્સી એ બે કામદારો મૂકી કામગીરી શરૂ કરી છે ત્યાં વોર્ડ નંબર 5 ના પાલિકા સદસ્ય પ્રજ્ઞેશ રામી ઊભા રહી ખુદ નિરીક્ષણ કરી રહ્યા છે.



**ચારેક મહિના બાદ લાગતી વળગતી એજન્સીએ ઉભરાતી ભૂગર્ભ ગટરની સફાઈ માટે બે કામદારો મૂક્યા**

સ્થાનિકો ની કહેવું છે કે પાલિકા ના મુખ્ય અધિકારી ઢીલી કામગીરી કરતી આ એજન્સી ને નોટિસ આપી જરૂર જણાય તો બ્લેક લીસ્ટ કરી આ એજન્સી ને શબક શીખવાડે જેથી રેગ્યુલર અને નિયમિત સારી કામગીરી થઇ શકે. હજુ તો ભૂગર્ભ ગટર નું સંપૂર્ણ કામ પૂરું થયું નથી છતાં એજન્સી નિયમિત સર્વિસ આપતી નથી ત્યારે રેગ્યુલર ગટર વહેતી થશે અને તેવા સમયે જો આખા શહેર માં ગટર ઉભરાશે તો સમયસર કામગીરી નહિ થાય તો રોગચાળો ફેલાઈ તેવી પણ વાત ને નકારી ના શકાય માટે દ્વારા આ એજન્સી પાસે યોગ્ય કામગીરી કરાવાઈ એ જરૂરી છે.

# માઈકલ બ્રિજ પાસેની ઝૂપડપટ્ટીમાં ચાલતા જુગાર પર નર્મદા LCB ત્રાટકી : 6 સામે ગુનો

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા માઈકલ બ્રિજ પાસેની ઝૂપડપટ્ટી માં એલસીબી એ છાપો મારી જુગાર પકડી પાડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર એલસીબી પોલીસ ને મળેલી બાતમીના આધારે માઈકલ બ્રિજ પાસેની ઝૂપડપટ્ટી માં ચાલતા જુગાર પર રેડ કરતા ત્યાંથી (૧)જયેશ જયંતી ભાઈ વસાવા, રહે. નાના લીમટવાડા તા.નાંદોદ જી.નર્મદા (૨) લક્ષ્મણસીંહ ઉર્ફે ગોપાલ તખતસીંહ ચાવડા (૩)ચંદુ ભાઈ મસરુભાઈ દેવીપુજક (૪) નીલેશ મહેશભાઈ વસાવા (૫) નિતેશ રમેશભાઈ વસાવા (૬) નીતેશ ભીખાભાઈ પટેલ, તમામ રહે. રાજપીપલા નરસીંહ ટેકરી નાઓ પોતાના આર્થીક ફાયદા માટે હારજીતનો જુગાર રમી રમાડતા પકડાઈ જતા તેમની અંગ ઝડતી માંથી રોકડા રૂ.૧૧, ૮૭૦/-તથા દાવ ઉપરના ૨, ૭૩૦/- મળી કુલ રોકડા રૂ.૧૪૬૦૦/- મળી આવેલ તથા મોબાઈલ નંગ-૦૩ કિ.રૂ.૧૫૦૦૦/- મળી કુલ રૂ. ૨૯, ૬૦૦/- ના મૂદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા જ્યારે નિતેશ રમેશભાઈ વસાવા નામનો વ્યક્તિ રેડ દરમિયાન નાશી જતા પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો




નોંધી તપાસ હાથ ધરી છે.

જોકે રાજપીપળા માં આવી કેટલીક જગ્યાઓ પર ગેરકાયદેસર ઝૂપડા બાંધી રહેતા લોકો ગેરકાનૂની ધંધા કરતા હશે તો આવી ઝૂપડપટ્ટીઓ માં પોલીસે તપાસ કરવી જરૂરી બની છે.

## ચાણસ્મા કુમાર પ્રાથમિક શાળા 1-માં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો



નિતીન ઠાકર । ચાણસ્મા

ચાણસ્મા તાલુકાની કેશણી ચાણસ્મા કુમાર પ્રાથમિક શાળા ૧-માં તારીખ 28/06 /2024 ના શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો.જેમાં બાલવાટિકા,ધોરણ - 1 અને આંગણવાડીના છાત્રોને દફતર અને શૈક્ષણિક કીટ આપી હર્ષોલ્લાસથી પ્રવેશ આપવામાં આવ્યો જ્યારે કેશણી ખાતે યોજાયેલ શાળા પ્રવેશોત્સવમાં. ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી સી. બી. લીંબાચીયા ,સી.આર.સી.કો.ઓ. રાકેશભાઈ,મુખ્ય સેવિકા જયશ્રીબેન ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે ચાણસ્માની કુમાર શાળા- ૧ માં નિયામક પી ડીં સરવૈયા સી. ડી.પીઓ જ્યશ્રીબેન ચૌધરી સી.આર.સી ડૉ.નિલેશભાઈ વ્યાસ પૂર્વ તા. સદસ્ય કે લાશભાઈ પટેલ શાળાના આચાર્ય મહેશભાઈ ચૌધરી સહિત શાળા પરીવાર ની ઉપસ્થિતીમાં ધોરણ 3 થી 8 ના પ્રથમ નંબર પાસ બાળકો,ધોરણ -5 ના CET પાસ મેરીટ બાળકો, ધોરણ - 6 PSE પાસ બાળકો, ધોરણ - 8 NMMS મેરીટ બાળકો,ધોરણ - 8 જ્ઞાન સાધના પાસ મેરીટ બાળકોને સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે દફતરના દાતા વિજયસિંહ ઝાલા,તિથીભોજનના દાતા કૌશિકભાઈ વ્યાસ,શ્રમદાનના દાતા દીપકભાઈઠાકર તથા મંડપ ડેકોરેશનના દાતા નરેશજી ઝાલાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ટાટા મોટર્સ ફાઇનાન્સ કંપનીની સાથે છેતપીંડી કરનાર બે ભાઇઓ સામે કંપનીએ આપી ફરિયાદ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના રેંગણ ગામમાં રહેતા બે ભાઈઓ એ હપ્તે લીધેલા વાહન ના હપ્તા નહિ ભરી વાહન અન્ય ને વેચી ડેટા કંપની એ બંને ભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. મળતી વિગતો અનુસાર ટાટા મોટર્સ ના ઝોનલ લીગલ ઓફીસર એ આપેલી ફરિયાદ મુજબ દાયમાં કન્સ્ટ્રક્શન ના પ્રોપરાઈટર ઈમરાનખાં અશરફખા દાયમાં તથા કો- બોરોવર વાહીદ ખાન આશરફખાં દાયમા બન્ને રહે.રેંગણ તા. તિલકવાડા જી.નર્મદા નાઓએ નવુ વાહન ખરીદવા ટાટા મોટર્સ ફાઈનાન્સ લીમીટેડ કંપનીની લોન કરાવી કંપનીની લોન ચાલુ હોય જેના હપ્તા નહી ચુકવી તથા એ વાહન કંપનીનુ (હાઈપોથીકેશન) માલિકીનું વાહન હોય અને જ્યા સુધી વાહનની લોન ચાલતી હોય ત્યા સુધી વાહન વેચી શકતા ન હોવા છતા ગઈ તા.૨૩/૧૧/૨૦૨૨ ના રોજ રાજપીપલા ખાતે નોટરી કરાર કરી વેચી દઈ કંપની સાથે છેતરપીંડી કરી ગુન્હો કરતા રાજપીપળા પોલીસે બંને ભાઈ વિરૂદ્ધ છેતપીંડી નો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોડાસા જેસીસ મિલ્ક કમિટી ના 50 મા સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે મિટિંગ યોજાઇ

રાકેશ મહેતા | ધનસુરા



મોડાસા જેસીસ મિલ્ક કમિટી ના 50મા સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે સંસ્થા સાથે દૂધ છાસ ના વિતરણ કાર્ય સાથે જોડાયેલા કેન્દ્ર સંચાલકો સાથે મિટિંગ યોજાઈ હતી જેમાં સાબર ડેરી ના માર્કેટિંગ મેનેજર પાર્થ મકવાણા, રાકેશભાઈ પટેલ , વિષ્ણુભાઈ પટેલ, નિલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડૉ. રાકેશ મહેતા, નિલેશ જોષી, ચેરમેન નવનિતભાઈ પરીખ, સેક્રેટરી મુકુન્દ શાહ, ખજાનચી હસમુખભાઈ શેઠ પણ હાજર રહ્યાં હતા. મેનેજર શ્રીકાન્ત ગાંધી ઍ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. સભામાં કેન્દ્રના સંચાલકો ને વધુ વેચાણ અને વધુ આવક મેળવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે સુવર્ણ વર્ષ નિમિત્તે સેક્રેટરી મુકુન્દ શાહે કમિશનમાં વધારો જાહેર કર્યો હતો. લીકેજ અને કેરેટ ના બાબતે પણ સૂચના આપવામા આવી હતી.

## ચાણસ્મા તાલુકા યુવા ભાજપ સંગઠન દ્વારા બ્લડ ડોનેશન ક્રેમ્પ



નિતીન ઠાકર | ચાણસ્મા

આજ રોજ ચાણસ્મા શહેર અને તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા ચાણસ્મા શહેર ના પૂનમચંદ બાળ મંદિર ખાતે શ્રી ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી ના જનમ દિવસ નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. અને દરેક ને હિન્દુ સંસ્કૃતિ મુજબ ચંદન ના તિલક કરી ને બ્લડ ડોનેશન કેમ્પ માં પ્રવેશ કરાવ્યો હતો.

આ કેમ્પ માં ચાણસ્મા શહેર ના અને તાલુકા ના ભાજપ ના હોદ્દેદારો હાજર રહ્યા હતા . આ બ્લડ ડોનેશન કેમ્પમાં યુવા ભાજપના પદાધિકારીઓએ રક્તદાન કરતાં ૧૦૦ બોટલો રક્ત એકત્રીત થયું હતું જ્યારે રક્તદાન શિબીરનું આયોજન યુવા ભાજપ ના કાર્યકરો પદાધિકારીઓ દ્વારાં કરાયું હતું.

### નર્મદા પોલીસ સીસીટીવીમાં જોઈ ઇ. મેમો આપી દંડ વસૂલે છે...

## નર્મદા પોલીસને કેળાની ટ્રકો કે જીપો ઉપર બેસી જતા લોકો સીસીટીવીમાં દેખાતાં જ નથી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં ઓવર લોડ ટ્રકો અને અન્ય વાહનો ના છાપરે બેસી જોખમી રીતે જતા લોકો પર પોલીસ જાણે મહેરબાન હોય તેમ આ લોકો સામે કેમ કોઈ કાર્યવાહી થતી નથી.

નર્મદા પોલીસે રાજપીપળા માં ઘણા સીસીટીવી કેમેરા ગોઠવ્યા છે જેમાં જોઈ વાહન ચાલકો ને નિયમનો ભંગ કરવા બદલ રૂપિયા ૧૦૦ થી લઈ રૂપિયા ૫૦૦ જેવો દંડ ઈ મેમો દ્વારા આપવામાં આવે છે પરંતુ બીજી તરફ ઓવરલોડ જતી રેતી ની ટ્રકો કે કેળા ભરી જતી ટ્રકો કે ટેમ્પો ઉપર જોખમી રીતે બેસી જતા મજૂરો અને જૂની સિવિલ હોસ્પિટલ, સંતોષ ચોકડી સહિત ના પોઈન્ટ પરથી જતી મુસાફર જીપો ના છાપરે બેસી જતા ઘણા મુસાફરો જોખમી સવારી કરતા હોવા છતાં આ વાહનો કેમ પોલીસ ના સીસીટીવી કેમેરા માં કેદ થતા નથી..?! કે પછી કોઈ અંગત ફાયદા માટે આવા જોખમી સવારી કરતા વાહનચાલકો ને નજર અંદાજ કરવામાં આવે છે..? તેવા સવાલ હાલ પ્રજા માં ઉઠ્યા છે.

પોલીસ વિભાગ ચાલુ બાઈક પર મોબાઈલ પર વાત કરતા કે ત્રણ સવારી જતા યુવાનો કે યુવતીઓ ને રૂપિયા ૧૦૦ થી લઈ રૂપિયા ૫૦૦ જેવો દંડ કરતો ઈ મેમો મોકલાવે છે તો એકદમ જોખમી ફરતા



**ભૂતકાળમાં જિલ્લામાં બનેલી ઘટના માં ટ્રક ઉપર બેઠેલા મજૂરો પૈકી એક મજુર ને ઉપર થી જતો વીજ વાયર અડી જતાં મોત થયું હતું છતાં હજુ આ સ્થિતિ જૈસેથે જ છે**

ટ્રક ટેમ્પો કે જીપ જેવા મોટા વાહનો પર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી..? શું આ વાહનો તેમના કમાઉ દીકરા છે.?

ભૂતકાળ માં કેદની ટ્રક ની ઉપર બેસી જતા કેટલાક મજૂરો પૈકી એક મજુર ને ઉપર થી જતો વીજ વાયર અડી જતાં તેનું મોત થયાનું ગંભીર ઘટના પણ બની ચૂકી છે અને વાહન ના છાપરે કે કેબિન ઉપર બેસી જવું એ કાયદાની વિરૂદ્ધ હોવા છતાં દરરોજ ના આવા કેટલાય વાહનો રાજપીપળા માં જોવા મળે છે માટે પોલીસ આવા જોખમી સવારી કરતા વાહનો પર પણ નિયમિત કડક કાર્યવાહી કરે એ જરૂરી છે.

## નાંદોદ તાલુકામાં વાવડી ગામે પાર્ક કરેલી મોટરસાઇકલની ચોરી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં ભૂતકાળ માં ઘણી મોટરસાઈકલ ની ચોરી થઈ હતી અને એલસીબી એ આ પૈકી કેટલાક ચોરો ને બાઈક સાથે ઝડપી પાડવામાં પણ સફળતા મેળવી હતી પરંતુ પાછલા ઘણા સમયથી બાઈક ચોરી બાબતે કોઈજ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ ન હતી ત્યારે હાલમાં નાંદોદ તાલુકાના વાવડી ગામ થી એક બાઈક ને ચોરી થવા બાબતે ફરિયાદ થતાં જાણે બાઈક ચોર ગેંગ ફરી સક્રિય થઈ હોય એમ જણાઈ છે. દત્તુભાઇ જયંતીભાઈ પટેલ રહે.વાવડી ગ્રામીણ બેંક્ની સામે તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ રાજપીપળા પોલીસ સ્ટેશન માં આપેલી ફરિયાદ મુજબ કોઈ અજાણ્યા ઈસમે તા.૨૭/૦૬/ ૨૦૨૪ના સવારના ૦૭/૦૦ થી વહેલી સવારના ૦૮/૦૦ વાગ્યા દરમ્યાન તેમની મોટર સાયકલ નં.GJ-22-k-1986 કિ ૩૫૦૦૦/- રૂપિયા ની તેમના ધોડાવાળા ખેતરની બાજુમાં આવેલ ખાડી પાસે પાર્ક કરેલ જે મોટર સાઈકલ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઇ ગયેલ છે. રાજપીપળા પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે.

### મહીસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકામાં કેબિનેટ મંત્રી

## ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા.


ગુજરાત સરકારના શિક્ષણનાં મહાકુંભનો અમીઘૂંટડો એટલે શાળા પ્રવેશોત્સવ.પોતાના જીવનમાં શિક્ષણનાં પગથીયે પહેલી પગલી માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે પ્રવેશોત્સવ. જે અંતર્ગત આજ રોજ અંતિમ દિવસે કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ,પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને મહીસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકાના સીમલીયા શ્રી પ્રગતિ વિધ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ- 2024 અંતર્ગત કાર્યક્રમો યોજાયો હતો. શ્રી પ્રગતિ વિધ્યાલય ખાતે કેબિનેટ મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સીમલીયા પ્રાથમિક શાળા, શ્રી પ્રગતિ વિધ્યાલય અને ખૂંટા વર્ગ પ્રાથમિક શાળાના બાળકોને આંગણવાડી, બાળ વાટિકા, પહેલા ધોરણમાં અને નવમા ધોરણમાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ આજે આ યાત્રા આગળ વધી રહી છે અને શાળાઓમાં ૧૦૦% નામાંકન માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે આગળ જણાવ્યું હતું કે, કોઈ પણ બાળક આર્થિક અવરોધથી ભણતર ના બગડે તેના માટે રાજ્ય સરકાર દ્વારા ''મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ નમો



લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના આવી અનેકવિધ યોજનાઓ ગુજરાતના બાળકો માટે અમલમાં મુકવામાં આવી છે. આજના સમયે ખાનગી શાળાઓ કરતાં સરકારી શાળાઓમાં ઉત્તમ સુવિધાઓ વિના મૂલ્યે આપવામાં આવી રહ્યા છે જેના થકી બાળકોની પેહલી પસંદ સરકારી શાળાઓ બની રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગોખણપટ્ટી નહીં બાળકોનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે સ્કિલ બેજ શિક્ષણ અને માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ વિકસિત ભારતના સ્વપ્નને સાકર કરવામાં યુવાઓની ભૂમિકા ખૂબ અગત્યની છે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નૈલેશકુમાર મુનિયા એ સ્વાગત પ્રવચન કર્યું હતું અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડો. અવનીબા મોરીએ જ્ઞાનગંગા પ્રકલ્પના પુસ્તકની માહિતી આપી હતી.

**લદ્દાખ ભારતના લોકો માટે તો છે જ પણ સાથેસાથે વિદેશીઓ માટે પણ મનગમતું પર્યટન સ્થળ બનતું જાય છે. અહીં દર વર્ષે લાખો ટૂરિસ્ટ ફરવા માટે આવે છે. સુંદરતા બાબતે આ સ્થળ એટલું બેસ્ટ છે કે અહીં આવનાર તમામ એના પ્રેમમાં પડ્યા વગર રહેતા નથી. નો ડાઉટ, અહીં ફરવું એ કાંઇ ગોવા ફરવા જેવું સહેલું નથી, અહીં ફરતી વખતે નાનીમોટી સમસ્યા થાય છે પણ ઓવરઓલ લદ્દાખની મુસાફરી પર્યટકો માટે યાદગાર અને મનપસંદ ચોક્કસ બની રહે છે. લદ્દાખની સુંદર વાદીઓમાં એવી કેટલીયે જગ્યા છે જેના વિશે ઘણાં લોકો નથી જાણતા હોતા. આવી જ ઓછી એક્સપ્લોર થયેલી જગ્યામાંથી એક ફુકતાલ મઠ છે. આનો મતલબ ત્યાંની ભાષામાં સમજીએ તો ફુકનો મતલબ ગુફા થાય અને તાલનો મતલબ આરામ થાય છે. મતલબ કે આરામ કરી શકાય એવી ગુફા. એને લોકો ફુગતલ ગોમ્પા તરીકે પણ ઓળખે છે. જંસ્કાર વેલીમાં આવેલો આ મઠ અદભુત છે. એનું નિર્માણ લોકોને આકર્ષે છે. તો ચાલો આજે ફુગતલ ગોમ્પા વિશે વિગતે જાણી લઇએ.**



# વિશ્વનો સૌથી પ્રાચીન અને અદભુત મઠ એટલે લદ્દાખનો ફુગ્તલ ગોમ્પા

## મઠનો ઇતિહાસ

ભારતની સાથે જ વિશ્વના સૌથી પ્રાચીન અને અદભુત મઠમાંથી એક આ મઠ છે. લગભગ બે હજાર વર્ષથી પણ વધારે પ્રાચીન આ મઠને બૌદ્ધ સંતો અને વિદ્વાનોએ બનાવડાવ્યો હતો. આ બૌદ્ધ સંતો અને વિદ્વાનો માટે આધ્યાત્મિક શિક્ષણનું કેન્દ્ર માનવામાં આવે છે. આ મઠની સ્થાપના લગભગ 12મી સદીની આસપાસમાં થઇ હતી. એવું માનવામાં આવે છે કે અહીં બુદ્ધનાં લગભગ 16 અનુયાયીઓ રહેતા હતા. આ જ મઠમાં રહીને તેઓ મઠની આસપાસની જગ્યાએ ફરતાં અને બુદ્ધની શિક્ષા વિશે લોકોને જણાવતા તેમજ જાગ્રત કરતા હતા. 14 મી સદીમાં અહીં અનેક લોકોનો ઇલાજ પણ કરવામાં આવતો હતો.

**મઠની સંરચના |** આ મઠને અનેક પર્વતોને કાપીને બનાવવામાં આવ્યો છે. મોટી મોટી ચટ્ટાનને કટ કરીને કારીગરોએ પોતાની ઉત્તમ કારીગરી દ્વારા એ સમયમાં આ મઠની રચના કરી હતી. હાલ આપણે આ જગ્યાનાં દર્શને જઇએ તો મઠની કારીગરી જોઈને ખરેખર નવાઈ લાગે કે એ સમયે સાધનોનો સખત અભાવ છતાં લોકોએ કેટલી મહેનતથી આટલા સુંદર મઠની રચના કરી હતી. મઠના મુખ્ય પ્રવેશદ્વારથી માંડીને આગળ બીજી અનેક જગ્યાએ માટી અને લાકડાંનો ઉપયોગ પણ થયો છે. મઠની દીવાલો ઉપર પૌરાણિક અનુયાયીઓના ફોટા લગાવવામાં આવ્યા છે તેમજ એમના ચહેરાની કોતરણી પણ કરી છે. મઠમાં અંદર સાતસોથી વધારે લોકોના રહેવાની, ખાવા-પીવાની અને પ્રાર્થના કરવાની વ્યવસ્થા કરાયેલી છે.

**ટ્રેકિંગ અને ફરવા માટે |** લદ્દાખની વાદીઓમાં બનાવવામાં આવેલા આ મઠમાં ચાલતા જ જવું પડે છે, આ કારણે નેચરલી જ ટ્રેકિંગ થઇ જાય છે. તમે અહીં ટ્રેકિંગનો શ્રેષ્ઠ અનુભવ લઇને મઠ સુધી પહોંચી શકો છો તેમજ એ દરમિયાન આસપાસના સુંદર વાતાવરણને નિહાળી શકો છો. મઠ સુધી પહોંચવા માટે પાંચ કિલોમીટર લાંબો રસ્તો રહેશે. મઠની આસપાસ ત્સોકર તળાવ, શાંગ ગોમ્પા, પેંગોંગ તળાવ, મેગ્નેટિક હિલ અને જંસ્કારની ખીણ પણ છે જે જોવાની તમને ખૂબ મજા આવશે. અહીં ફરવા આવો તો કમ સે કમ ચાર દિવસનો સમય લઇને આવવું જેથી આસપાસની જગ્યાઓ જોઇ શકાય.

**ક્યારે જવું ? |** આમ તો લદ્દાખ તમે ગમે તે સિઝનમાં જઇ શકો છો પણ બહુ ઠંડી વખતે બરફ અને અહીંનું વાતાવરણ બધાંને માફક નથી આવતું એટલે લદ્દાખ ફરવા માટે બેસ્ટ સમય એપ્રિલથી લઇને ઓક્ટોબર સુધીનો છે.

# મેકઅપની આ ભૂલથી ઉંમરલાયક દેખાઈ શકો છો

મેકઅપ સુંદરતા વધારવાની સાથેસાથે આત્મવિશ્વાસમાં પણ વૃદ્ધિ કરે છે. મેકઅપની મદદથી તમે ઇચ્છો એવું સૌંદર્ય મેળવી શકો છો, પરંતુ મેકઅપ કરતી વખતે કરવામાં આવતી ભૂલો તમારી સુંદરતા વધારવાને બદલે ઉંમર હોય એના કરતાં વધુ એટલે કે તમે મોટી ઉંમરના હોય એવું લાગે છે. એ ભૂલો અંગે જાણીએ.

## કન્સીલરનો વધુ ઉપયોગ

પરફેક્ટ દેખાવા ઘણી વખત આપણે વધુ પડતાં કન્સીલરનો ઉપયોગ કરીએ છીએ. ખાસ કરીને ત્યારે જ્યારે ખોટા કલરના કન્સીલરને પસંદ કરીએ છીએ. એનાથી ત્વચા પર જાડો થર ઉપસી આવે છે અને કરચલીઓ હાઇલાઇટ થાય છે તથા ઉંમર વધુ હોય એવું લાગે છે.

**આઇશેડો |** આઇશેડો લગાવતી વખતે એ વાતનું ખાસ ધ્યાન રાખો એ તમારે આખા આઇલિડ ઉપર લગાવવાની નથી. આઇલિડ પર આઇશેડો લગાવવાથી તમારી ઉંમર વધારે લાગશે. આઇશેડો લગાવવાની સાચી રીત એ છે કે તમે તેને આંખના ફક્ત બહારના ખૂણા પર લગાવો.



## આઈલાઈનર

આંખની નીચેની લિડ પર લાઇનરનો જરૂર કરતાં વધારે ઉપયોગ તમારી આંખોને નાની બતાવે છે. એનાથી વિપરીત પ્રભાવ માટે તમારે લાઇટ મેકઅપ પેન્સિલનો ઉપયોગ કરવો જોઇએ. એ તમારી આંખના લુકને સુંદર અને આકર્ષક બનાવશે.



**કોમ્પેક્ટ |** ત્વચાની નાની નાની ખામીઓને છુપાવવા માટે કોમ્પેક્ટ બેસ્ટ વિકલ્પ છે, પરંતુ તેને વધારે પ્રમાણમાં થોપવાથી મેકઅપ બગડી જાય છે. એનાથી તમારી કરચલીઓ હાઇલાઇટ થવા લાગશે. ત્વચા શુષ્ક દેખાશે. વધારે પડતાં કોમ્પેક્ટને કારણે તમારા ચહેરાનો ગ્લો પણ ખતમ થઈ જશે.

**લિપસ્ટિકનો ખોટો શેડ |** તમે કોઇ પણ રિચ કલરની સાથે એક્સપેરિમેન્ટ કરી શકો છો, પરંતુ તમારા હોઠ પાતળા કે નાના હોય તો તમારે ડાર્ક કલર્સથી દૂર રહેવું જોઇએ. ડાર્ક રંગ તમારા હોઠને પાતળા દેખાડશે અને ઉંમર વધારે લાગશે.



**ડાર્ક સર્કલ્સ |** આંખની નીચે ડાર્ક સર્કલ્સ ઘણી વખત મેકઅપ કરવા છતાં મુશ્કેલી ઊભી કરે છે. વધારે કન્સીલરનો ઉપયોગ કરવાને બદલે તેને કેરેક્ટરથી છુપાવી શકાય છે. ઘણાં લોકો એનો ઉપયોગ જ નથી કરતાં જેથી ઉંમર વધારે દેખાય છે. તેથી તેને ફક્ત ડાર્ક એરિયામાં જરાક પ્રમાણમાં લગાવીને સ્પ્રેડ કરી દો. એનાથી મેકઅપ નેચરલ લાગશે.




## બ્લશ ઓન

સામાન્ય રીતે ઘણી યુવતીઓ ડાર્ક અને ઇન્ટેન્સ કલર્સનું બ્લશ ઓન કરતી હોય છે. બ્લશ ઓન માટે ડાર્ક કલર્સનો ઉપયોગ કરવાથી તમે ઉંમર કરતાં વધારે મોટા લાગશો. ગાલની ઉપરના ભાગમાં બ્લશર એપ્લાય કરો વચમાં નહીં. ગાલને હાઇલાઇટ કરવા એ પણ એક સારો વિકલ્પ છે. જ્યારે તેનો ઉપયોગ કરો ત્યારે નોઝ એરિયાની બાજુમાં એપ્લાય ન કરો.


## આઇબ્રોઝ

આઇબ્રોઝ કે ભ્રમરને લાંબી અને ડાર્ક દેખાડવા માટે પેન્સિલનો ઉપયોગ કરવો એ કૃત્રિમ લાગે છે. એનાથી તમે ઉંમરલાયક લાગશો. નેચરલ કલર પેન્સિલનો જ ઉપયોગ કરો જેથી ઓવર મેકઅપ દેખાય નહીં.



### પરણેલા પુરુષો સાવધાન થઈ જજો!

# વધુ પડતું અથાણું ખાતા હોવ તો બંધ કરી દેજો



પુરુષોએ લગ્ન બાદ પોતાના સ્વાસ્થ્યનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. પરંતુ સ્થિતિ એવી ઊભી થતી હોય છે કે તેવું બની શકતું નથી કારણ કે જવાબદારીઓનો બોજો દિન પ્રતિદિન વધતો જાય છે. એટલે પુરુષો પછી પોતાના પર ધ્યાન આપી શકતા નથી અને પછી સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે. આથી તેમણે અનહેલ્ધી વસ્તુઓથી અંતર જાળવવું જોઈએ. સામન્ય રીતે એવું કહેવાય છેકે મહિલાઓને ખાટ્ટી વસ્તુઓ ભાવતી હોય છે. પરંતુ પુરુષો પણ આ મામલે પાછળ નથી. પુરુષોને પણ ભોજન સાથે અથાણું ખાવું ગમતું હોય છે. પરંતુ એ વાત ન ભૂલવી જોઈએ કે વધુ અથાણું ખાવાથી નુકસાન થઈ શકે છે.

**હેલ્થ પર અસર |** વાત જાણે એમ છે કે બજારમાં મળતા અથાણામાં જે મસાલાઓનો ઉપયોગ થાય છે તે વધુ પકવેલા હોતા નથી કારણે તેમને યોગ્ય પ્રમાણમાં તડકો ખવડાવવામાં આવ્યો હોતો નથી, આ સાથે જ તેમને તૈયાર કરવામાં ખુબ જ તેલનો ઉપયોગ થાય છે. જે કોલેસ્ટ્રોલ વધવા માટે જવાબદાર હોય છે.

**મેલ ફર્ટિલિટી પર અસર |** ન્યૂટ્રીશનિસ્ટ નિખિલ વત્સનું કહેવું છે કે સામાન્ય રીતે આપણે પરાઠા, ભાત, અને ખીચડી સાથે ખાટું અથાણું ખાવાનું પસંદ કરીએ છીએ. તેનાથી ભોજનનો ટેસ્ટ ચટપટો થઈ જાય છે. પરંતુ અથાણામાં એવા અનેક તત્વો મળી આવે છે જેનાથી પુરુષોના યૌન સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે, તેમની ફર્ટિલિટી નબળી પડી શકે છે અને આ સાથે જ સ્પર્મ કાઉન્ટ અને સ્પર્મ ક્વોલિટી ઉપર પણ અસર પડી શકે છે.

**અથાણાથી થતું નુકસાન |** કેરીના અથાણામાં અસટામિપ્રિડ નામનું તત્વ મળી આવે છે. જેનાથી પુરુષોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી શકે છે. તેમાં રહેલું પ્રિઝર્વેટિવ્સ પણ આ જોખમને વધારે છે. આથી પુરુષોએ આ ખાટી વસ્તું બને એટલે ઓછી ખાવી જોઈએ.

# વરસાદમાં “કરેલા” ઉત્તમ ઔષધી છે, તેમાં ફાઇબરનું પ્રમાણ ભરપુર માત્રામાં હોય છે

**આવારે વરસાદ ઢેબરીયો વરસાદ,**
**ઉની ઉની રોટલી ને કરેલા નું શાક..**

“કરેલા” નો ઉલ્લેખ વરસાદની સિઝન માં કેમ કર્યો હશે? આમ તો મોટાભાગના લોકોનું મોં કરેલા નામ પડતાં જ બગડી જાય છે.પરંતુ મને તો કરેલા અતિશય ભાવે છે, મારી તો ફેવરિટ સબ્જી છે.કરેલા ડુંગળીના શાક ની સાથે ફૂલકા ખવાની મજાજ અલગ છે.ખબર છે બધાને મારા જેમ કરેલા ભાવતા નથી હોતાને..કેમ? બધાને કરેલા નથી ભાવતા? ના ભાવવા પાછળ નું કારણ એ ખૂબ કડવા હોય છે.પરંતુ કડવી વસ્તુઓની મજા પણ ખાસ હોય છે. ક્યારેક ક્યારેક અચૂક ખાવા જોઈએ.ચોમાસા ના ચાર મહિના ભીંડા, કારેલા, ગુવાર ફ્લી, કાંટોલા, પરવળ વગેરે કડવી તુરી શાકભાજીની આવક બઝાર માં વધારે હોય છે.કુદરત એ ઋતુ અનુસાર મનુષ્ય ના સ્વાથ્ય અનુકૂળ ફળ ફૂલ, શાકભાજી નું સર્જન કર્યું હોય છે. પ્રત્યેક એ મૌસમ અનુસાર જ ફળ શાકભાજી ની આવક બઝાર માં વધારે હોવાનો મતલબ કે આપણા ને એ ઉપયોગ કરવાનું છે. વર્તમાન સમયમાં ફ્લાવર,કોબી વગેરે શિયાળુ શાકભાજી ત્રણેય મૌસમ માં મળતી હોય છે પરંતુ ખાવી ના જોઈએ.



પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અનુસાર ચોમાસા ના ચાર મહિના શાકભાજી માં અમુક બેત્રણ શાક સિવાઈ બાકી બધા વર્જ્ય હતા. મોટાભાગે ચોમાસામાં દાળ, કઠોળ નો ઉપયોગ વધારે થતો હતો એની પાછળ નું લોજીક દાળ કઠોળ એ પ્રોટીન, કેલ્શિયમ અને અનેક વિટામિન્સથી ભરપૂર હોય છે ને ચોમાસા માં શરીર ને પ્રોટીન સાથે અનેક વિટામિન્સ ની જરૂરિયાત વધારે હોય છે.નવા પાણીને લીધે પાચનમાં થતી સમસ્યા, સ્કિન, વાળ, આંખને થતી સમસ્યા મુખ્ય હોવાના લીધે.વર્તમાન સમયમાં આજપણ જૈન ધર્મ એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ ની ભોજન ની રીતભાત ને સંપૂર્ણપણે અનુસરે છે. જૈન ધર્મમાં ચોમાસા ના ચાર મહિના પાંદડા વાળી સબ્જી સાથે અમુક શાકભાજી ખાવાની સખત મનાઈ છે. આ મનાઈનું પાલન મોટાભાગના જૈન ધર્મના લોકો સ્વીકારી ને સમજે છે.



**કારેલાના ગુણ**

**- રુપાલી દવે**

પાંદડા વાળી અને અમુક શાકભાજી નહિ ખાવા પાછળ તથ્ય છે.આની પાછળ નું તથ્ય એ છે કે વરસાદ ના પાણી જમીન પર પડતાં જ જીવજંતુઓનો ઉપદ્રવ હદ કરતા વધારે વધી જતો હોય છે.જમીનમાં પેધી ગયેલા અમુક શુષ્મ લેવલ ના જીવાણુઓ શાકભાજી માં એવી રીતે ચોંટી જતા હોય છે કે તમે શાકભાજી ગમે તેટલીવાર ધોવો છતાંય નીકળતા નથી.આ જીવાણુઓ તાપ,ઠંડી,ગરમી કશુંય નડતું નથી ને ગમે તેટલી વિષમ પરિસ્થિતિમાં પણ જીવી શકે છે. આ જીવાણુઓ ખોરાક વાટે શરીરની અંદર પ્રવેશી ગયા બાદ માણસ ની દિવસે દિવસે સમસ્યા વધવા માંડે છે.શરીરની અંદર પ્રવેશતા જ જીવાણુઓ આંતરડા,લિવર વગેરે જગ્યા એ કાયમી વસવાટ કરી લેતા.

ખોરાક બાબતે ખૂબ સાવધાની રાખવી જરૂરી છે ઋતુ અનુસાર ફ્રુટ શાકભાજી વાપરવા જરૂરી છે. ઘણી વાર અચાનક શરીર ના સાથળ ના ભાગ પર લાલ લાલ ચકામા જેવું દેખતા ડર લગતા વિચારીએ છીએ કે આ શું છે? શેના કારણે છે? આને શું કહેવાય? આ ચકામા ને ડોક્ટર ની વ્યાખ્યા માં શીળસ કહેવાય છે જે ચોમાસા માં વધારે થતાં હોય છે. આ શરીર ની અંદર અને બહાર ની ગંદકી ને લીધે થાય છે. અન્ય ઋતુઓ કરતા ચોમાસા માં ખાનપાન નું વિશેષ ધ્યાન રાખવું જરૂરી છે. આપણા ને કુદરતે અને ભારતીય સંસ્કૃતિ એ ખાનપાન વિશે વિશેષ જ્ઞાન આપતા અમૂલ્ય પુસ્તકો ભેટ આપ્યા છે. આ પુસ્તકો નો અભ્યાસ અચૂક કરવો જરૂરી છે.વરસાદની મૌસમ માં વધારે ભેજ અને બફારા ના લીધે ગડ ગુમડ ફૂલસી,ધાધર વગેરે ચામડી ના રોગો વધારે થતાં હોય છે.આ ચામડીના રોગો જીદ્દી અને જટિલ સમજો એ મટે ત્યારે પણ ડાઘ છોડીને મટે છે.

વરસાદની મૌસમ માં “કરેલા” એ ઉતમ ઔષધી સાબિત થાય છે. કારેલા માંથી એન્ટી ઓક્સિડન્ટ અને અનેક પોષકતત્વો ભરપુર માત્રમાં મળી રહે છે.કારેલા માં એન્ટી ઓક્સિડન્ટ અને બાયો એક્ટિવ સંયોજનની હાજરી ના લીધે શરીરને ડીટોક્ષિ ફિકેશન કરવાનું કાર્ય ઝડપી થાય છે.શરીર માં બિન્દાસ ફરતા હાનિકારક રેડીકલસ નો બાયો એક્ટિવ સંયોજન સફાયો કરી નાખે છે.આના લીધે શરીર ની અંદર થતાં નુકશાન ને અટકાવી શકાય છે.કરેલા ના રસમાં રહેલ પોષક તત્વો ના લીધે યકૃત નું કાર્ય સુધારે છે અને બિન ઝેરિકરણ પ્રક્રિયા ને ટેકો આપે છે. જો કબજિયાત થી પરેશાન છો ને એને મટાડવા માટે અનેક પ્રયોગ કર્યા છે છતાંય મટતું નથી તો કરેલા નો ઉપયોગ અચૂક કરજો.

કારેલામાં ફાઈબર નું પ્રમાણ ભરપુર માત્રા મા હોવાના લીધે કબજિયાત જૂનો કે નવો સમસ્યા ધરમૂળ થી દુર થઈ જશે. નિયમિત કરેલા ખાવાથી લોહી એકદમ શુદ્ધ અને સાફ થઈ જાય છે. હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ ના દર્દીઓ એ અચૂક કરેલા નિયમિત ભોજન માં લેવા જોઈએ.કરેલા એ બ્લડ માં શ્યુંગર ના સ્તર ને કન્ટ્રોલ માં રાખે છે ને બ્લડ થીક થવા દેતા નથી એના લીધે બે ફાયદા થાય છે બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ બન્ને કન્ટ્રોલ માં રહે છે.આજકાલ મોટપાથી પીડાતા લોકોના વજન પણ ફટાફટ ઉતારે છે. કારેલા ના એટાએટલા ફાયદા છે ને વર્ણવતા વર્ણવતા થાકી જવાય છે.નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ નું સૂચન છે કે ઈન્શ્યુલિન લેવલ નિયંત્રિત રાખવા માટે ડાયાબિટીસ ના દર્દીઓ એ નિયમિત કારેલા નો ઉપયોગ ભોજન માં કરવો જરૂરી છે. આજ તમારા આગળ કરેલા માંથી બનતી જુદી જુદી બેત્રણ રેસિપી વર્ણવિશ જેથી તમને કારેલા પ્રત્યે પ્રેમ મારી માફક થઈ જશે.

### 1. કારેલા ડુંગળી ની સબ્જી



બી વગરના તાજા કારેલા ની લાંબી ચાર પાંચ ઊભી ચીર કરીને એને બેત્રણ મિનિટ સહેજ નમક સાથે ભેળવી ને સાઈડ મા મુકી દયો. ડુંગળી ની સ્લાઈસ કરીને તેલ માં સહેજ સોનેરી ના થાય ત્યાં સુધી સાંતળો.નમક સાથે કરેલા ભેળવેલા કરેલા ની ચીર સહેજ દબાવી ને પાણી કાઢી કોરા કર્યા બાદ ડુંગળી સાથે મસાલો નાખી ભેળવી દયો.ગેસને ધીમા આંચે રાખજો નહિતર સબ્જી તળિયે બેસી જશે. કારેલા ચડી જાય એટલે કડાઈ ને નીચે ઉતારી ને ગરમ ગરમ સબ્જી માં સૂકી દ્રાક્ષ નાખી બેત્રણ મિનિટ તવેથા થી હલાવી ને સર્વ કરજો.આ સબ્જી ખૂબ ટેસ્ટી લાગશે એ નક્કી..

### 2. ભરવા કરેલા



કારેલા ને વચ્ચે થી કાપો પાડી ને ગરમ ઉકળતા મીઠા વાળા પાણી માં અધકચરા બાફીને પાણી માંથી કાઢીને થાળી માં બેત્રણ મિનિટ સુધી મૂકી રાખો.નાખો. તવી માં બે ચમચી તેલ નાખી ને ગરમ થાય ત્યારે ગરમ તેલ મા જીરું,ચણાનો લોટ,શીંગ નો ભુક્કો,ધાણાજીરું,સ્વાદ અનુસાર મરચું પાવડર,ચપટી હળદર,સહેજ આમચૂર પાવડર,સ્વાદ અનુસાર નમક નાખીને મસાલો બેત્રણ મિનિટ ધીમા તાપે સાંતળો. ગરમ મસાલો ગેસ પરથી નીચે ઉતારી ને એમાં ગોળ ભેળવો.આ મસાલો ઠંડા થઈ ગયેલ કારેલામાં ભરી દયો.ગેસ પર ફરી તવી મૂકીને બેત્રણ ચમચી તેલ ગરમ કરીને ભરેલા કારેલા ને તવી માં ગોઠવી દયો. એ બાદ તવી ઉપર થાળી મા પાણી ભરી પાંચ મિનિટ સુધી ઢાંકી દયો. પાંચ મિનિટ બાદ તૈયાર ભરવા કારેલા નો રોટલી કે ભાત વગર ટેસ્ટ કરશો ને તો પણ ખૂબ ભાવશે..

મિત્રો, કારેલાની અવનવી રેસિપીઓ તો ઘણી છે પરંતુ તમે કારેલા ને પ્રેમથી અપનાવી ને “યેસ” કહેશો તો જ અવનવી રેસિપીઓ મોકલીશ એ નક્કી..

# ‘રામલીલા’ એક્ટર ગુલશન દેવૈયાએ શૂટિંગનો કિસ્સો જણાવ્યો

## રણવીર સિંહને કહ્યો ભાવુક, બોલ્યો, ‘ઈમોશનલ સીન જોઈને એક્ટર રડતો હતો’



એક્ટર ગુલશન દેવૈયાએ રણવીર સિંહ સાથે ફિલ્મ ’ગોલિયોં કી રાસલીલાઃ રામલીલા’માં કામ કર્યું હતું. ગુલશને હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં રણવીર સિંહ સાથે જોડાયેલો એક કિસ્સો જણાવ્યો હતો. ગુલશને જણાવ્યું કે, ફિલ્મ ’રામલીલા’ના શૂટિંગ દરમિયાન એક ઈમોશનલ સીન બાદ રણવીર ખૂણામાં બેસીને રડી રહ્યો હતો. ગુલશને રણવીરને એક-બે વાર રડતા જોયો હતો. એક્ટરે કહ્યું કે, ’રણવીર શરૂઆતથી જ ખૂબ ઍનર્જેટિક છે. તમે તેને અટેંશન સીકર પણ કહી શકો છો, પરંતુ તે કેટલાક લોકોમાં પહેલાંથી જ હોય છે.’ સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીત દરમિયાન ગુલશને કહ્યું, ’રણવીર શરૂઆતથી જ દરેક જગ્યાએ પોતાને એક ફિલ્મ સ્ટારની જેમ રજૂ કરતો હતો, કારણ કે તે માનતો હતો કે પોતે સ્ટાર છે.’ ગુલશને જણાવ્યું કે તેમને રણવીર સાથે લગભગ 2 અઠવાડિયા સુધી એક્ટિંગ વર્કશોપ કર્યો હતો. તે સમયે પણ રણવીર સ્ટારની જેમ ચાલતો હતો.’ ગુલશને વધુમાં જણાવ્યું કે, ’ક્યારેક-ક્યારેક સીન પછી હું રણવીર સાથે એક ખૂણામાં બેસી જતો હતો. કારણ કે તે એટલો મહેનતુ છે કે દરેક વ્યક્તિ સાથે તેની સરખામણી કરી શકાય નહી. તેમની સાથે રહેવાથી તમે તેમની એનર્જીથી ખૂબ પ્રભાવિત થાઓ છો. રણવીર અને હું એકબીજાને ટક્કર આપતા હતા. જ્યારે સંજય લીલા ભણસાલીએ સેટ પર મારા વખાણ કર્યા ત્યારે રણવીરનું શૂટિંગ શરૂ થયું ન હતું. રણવીર મારી પાસે આવ્યો અને કહ્યું કે -’ભણસાલી સર તમારા વખાણ કરી રહ્યા હતા.’ મેં કહ્યું, ક્યાંકથી તો બળવાની વાસ આવી રહી છે.’ અમે સાથે ખૂબ જ સારી રીતે કામ કર્યું છે.’ ગુલશન દેવૈયા આજકાલ તેની વેબસિરીઝ ’બેડ કોપ’ માટે ચર્ચામાં છે. ડિઝની પ્લસ હોટસ્ટાર પર રિલીઝ થયેલી આ ક્રાઈમ થ્રિલર સિરીઝમાં અનુરાગ કશ્યપ પણ લીડ રોલમાં છે.

### એક્ટર પાસે મુંબઈથી લઈને યુપી સુધી અનેક ઘર, પ્રોપર્ટીની નેટવર્થ 1862 કરોડ રૂપિયા...

# આમિર ખાને મુંબઈના પોશ વિસ્તારમાં લક્ઝરી એપાર્ટમેન્ટ ખરીદ્યો





(એજન્સી) મુંબઇ | આમિર ખાને મુંબઈના પોશ વિસ્તાર પાલી હિલમાં એક લક્ઝરી પ્રોપર્ટી ખરીદી છે, જેની ચર્ચા થઈ રહી છે. અભિનેતાએ પાલી હિલ વિસ્તારમાં એક બિલ્ડિંગમાં એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. તેની કિંમત 9 કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. ’સ્ક્વેર યાર્ડ ડોટ કોમ’ પાસે આમિરના નવા એપાર્ટમેન્ટના દસ્તાવેજો છે, જે જણાવે છે કે એપાર્ટમેન્ટની કિંમત 9.75 કરોડ રૂપિયા છે.

આ એપાર્ટમેન્ટ પહેલેથી જ તૈયાર છે અને 1,027 ચોરસ ફૂટ છે. આ ડીલ 25 જૂને ફાઈનલ થઈ હતી, જેના માટે આમિર ખાને 30 હજાર રૂપિયાની રજિસ્ટ્રેશન ફી અને 58.5 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. આમિરનું આ નવું એપાર્ટમેન્ટ પાલી હિલ વિસ્તારમાં બેલા વિસ્ટા એપાર્ટમેન્ટ્સ નામની અપ-સ્કેલ બિલ્ડિંગમાં છે.

આમિર ખાન પહેલાથી જ બેલા વિસ્ટા એપાર્ટમેન્ટ્સ અને મરિના એપાર્ટમેન્ટ્સમાં ઘણી પ્રોપર્ટી ધરાવે છે. આ સિવાય અભિનેતાનું બાંદ્રામાં દરિયા કિનારે એક આલીશાન ઘર છે, જે 5 હજાર ચોરસફૂટમાં ફેલાયેલું છે. તેમાં બે માળ છે. ઘરમાં એક વિશાળ ખુલ્લો વિસ્તાર છે, જ્યાં પાર્ટીઓ અને ઈવેન્ટ્સ આરામથી યોજી શકાય છે. 2013માં આમિર ખાને પંચગનીમાં 7 કરોડ રૂપિયામાં ફાર્મહાઉસ ખરીદ્યું હતું, જે બે એકરમાં ફેલાયેલું છે.

આ સિવાય આમિર ખાને કેટલીક કોમર્શિયલ પ્રોપર્ટીમાં પણ રોકાણ કર્યું છે. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે આમિર ખાન પાસે ઉત્તર પ્રદેશના હરદોઈમાં 22 ઘર છે. રિપોર્ટ્સ અનુસાર, આમિર ખાનની કુલ સંપત્તિ 1862 કરોડ રૂપિયા છે.

પ્રોફેશનલ ફ્રન્ટની વાત કરીએ તો આમિર ખાન હાલમાં ફિલ્મ ’સિતારે જમીન પર’ના શૂટિંગમાં વ્યસ્ત છે. તે આ વર્ષે ક્રિસમસના અવસર પર રિલીઝ થઈ શકે છે. આમિર આ પહેલા 2022માં રિલીઝ થયેલી ફિલ્મ ’લાલ સિંહ ચઢ્ઢા’માં જોવા મળ્યો હતો, જે ખરાબ રીતે ફ્લોપ રહી હતી.

# 4 દિવસ બાદ સોનાક્ષી-ઝહીરનો વીડિયો વાઇરલ

## લગ્ન ઓફિશિયલ થતાં જ એક્ટ્રેસ ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી, મિત્રોએ કપલની કરી મજાક

(એજન્સી) મુંબઇ | એક્ટ્રેસ સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે 23 જૂનના રોજ લગ્ન કર્યા હતા. લગ્નના 4 દિવસ બાદ ગુરુવારે કપલે તેમના લગ્નના ફંક્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.આ શોર્ટ ક્લિપમાં બંનેના રજિસ્ટર્ડ લગ્નની ઝલક જોવા મળે છે. આ વીડિયોમાં સોનાક્ષી ભાવુક થતી જોવા મળે છે. આ વીડિયો શેર કરતી વખતે સોનાક્ષીએ લખ્યું કે, ’પરિવાર, મિત્રો, પ્રેમ, મિત્રતા, હાસ્ય, ખુશી, રમૂજી કમેન્ટ, ખુશીના આંસુ, ઈમોશન્સ અને સૌથી વધુ પ્યોર હેપ્પીનેસ... અમારા નાના લગ્નના ઘરમાં કંઈક આવું વાતાવરણ હતું ...’ વીડિયોની શરૂઆતમાં જ્યારે ઝહીર અને સોનાક્ષી તેમના લગ્નની ફોર્માલિટીઝ પૂરી કરી રહ્યા હતા, ત્યારે તેમના મિત્રો તેમને ચીડવતા જોવા મળ્યા હતા. આ દરમિયાન દરેક લોકો ’સોના કિતના સોના હૈ...’ ગીત ગાતા જોવા મળ્યા હતા.




વીડિયોમાં એક્ટર સિદ્ધાર્થ પણ સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિંહાનો ફેમસ ડાયલોગ ’ખામોશ’ બોલતો જોવા મળ્યો હતો. લગ્નની લીગલ ફોર્માલિટીઝ પૂરી કર્યા બાદ સોનાક્ષી ખુશીથી ઝૂમી ઉઠી હતી અને ઝહીરને ગળે લગાવ્યો હતો. આ દરમિયાન એક્ટ્રેસ ભાવુક થઈ ગઈ અને રડતા-રડતા બોલી - ’હું મારા આંસુ રોકી શકી નહીં...’ આ વીડિયોમાં કપલ અને તેમના માતા-પિતા સિવાય એક્ટર સિદ્ધાર્થ, હુમા કુરેશી અને સાકિબ સલીમ પણ જોવા મળી રહ્યા છે.

23 જૂને દિવસ દરમિયાન થયેલા આ રજિસ્ટર્ડ મેરેજ પછી સોનાક્ષી અને ઝહીરે સાંજે શિલ્પા શેટ્ટીની રેસ્ટોરાં બાસ્ટન ખાતે રિસેપ્શન પાર્ટી આપી હતી. આ પાર્ટીમાં સલમાન ખાન અને કાજોલ સહિત ઘણા સેલેબ્સ આવ્યા હતા.

# દેશી ગર્લ પ્રિયંકા ચોપરાએ પગના ઘા પર લસણ રગડ્યું

(એજન્સી) મુંબઇ | પ્રિયંકા ચોપરા અસલ દેશી ગર્લ પુરવાર થઈ છે. ઓસ્ટ્રેલિયામાં તેને ’ધી બ્લફ’ના શૂટિંગ વખતે પગમાં ઈજા થયા બાદ તેણે તળિયાના ભાગે લસણ રગડ્યું હતું. પ્રિયંકાએ વિવિધ વીડિયો શેર કર્યા છે. તેમાંથી તે એક વીડિયોમાં પોતાના પગ પર લસણ રગડતી જણાય છે. આ વીડિયો જોઈ ચાહકો ચિંતિત બન્યા હતા અને તેને ફરી કોઈ એક્શન દ્રશ્યના શૂટિંગમાં ઈજા થઈ કે કેમ તેવી પૂછપરછ કરી હતી. કેટલાક ચાહકોએ તેને લસણના ઉપયોગનું



કારણ પણ પૂછ્યું હતું. પ્રિયંકાએ એક ચાહકને જવાબ આપતાં કહ્યું હતું કે આ રીતે લસણ ઘસવાથી તાવ અને સોજાની તકલીફમાં ફાયદો થાય છે. તેનો આ વીડિયો અને આ જવાબ વાયરલ થયાં છે.



# PALAK TIWARI ની તસવીરો પર ઈબ્રાહિમે કરી કોમેન્ટ, ફેન્સે કહી આ વાત

(એજન્સી) મુંબઇ | ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની જેમ તેની પુત્રી પલક તિવારીએ પણ આજે ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક ખાસ નામ બનાવ્યું છે. પલક ખૂબ જ નાની ઉંમરમાં પોતાની ઓળખ બનાવી ચૂકી છે. તે ઘણા મ્યુઝિક વીડિયો અને ફિલ્મોમાં જોવા મળી છે. તેની પ્રોફેશનલ લાઈફની સાથે સાથે પલક તેની પર્સનલ લાઈફને લઈને પણ ઘણી વખત ચર્ચામાં રહે છે. બી-ટાઉનમાં પલક અને ઈબ્રાહિમ અલી ખાનની મિત્રતાની ઘણી ચર્ચા છે. બંને ઘણીવાર સાથે જોવા મળે છે. સ્ટાર કિડ્સ સોશિયલ મીડિયા પર એકબીજાની તસવીરો પર ખુલ્લેઆમ કોમેન્ટ કરે છે. આ દરમિયાન હવે ઈબ્રાહિમે પલકની તસવીર પર એવી રીતે કોમેન્ટ કરી છે કે લોકો કહી રહ્યા છે કે તેમની રિલેશનશિપ ફિક્સ છે. એક્ટ્રેસ પલક તિવારીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની લેટેસ્ટ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં પલક હંમેશાની જેમ ખૂબ જ હોટ અને ગોર્જિયસ લાગી રહી છે. આ તસવીરો પલકના વેકેશનની છે, જેમાં તે ફુલ-ઓન મસ્તી કરતી જોવા મળી રહી છે. આ તસવીરોમાં પલક ગ્રે કલરના લોઅર સાથે ગ્રીન કલરની ફુલ સ્લીવ્ઝ ટોપ પહેરેલી જોવા મળે છે. પલકના ખુલ્લા વાળ અને તેની સ્માઈલે માત્ર ફેન્સ જ નહીં પરંતુ ઈબ્રાહિમ અલી ખાનનું પણ દિલ જીતી લીધું છે. પલક તિવારીની આ તસવીરો જોઈને ઈબ્રાહિમ અલી ખાન પોતાની જાતને કોમેન્ટ કરવાથી રોકી શક્યા નથી. કોમેન્ટ કરતા ઈબ્રાહિમે લખ્યું, ‘તમે સારા દેખાઈ રહ્યા છો.’ પલકે પણ ઈબ્રાહિમની આ કોમેન્ટ પર એક ઈમોજી શેર કર્યું છે. ઈબ્રાહિમની આ કોમેન્ટ બાદ ફેન્સ સોશિયલ મીડિયા પર બંનેના સંબંધ વિશે વાત કરી રહ્યા છે. આ કોમેન્ટ બાદ ઘણા યુઝર્સે ઈબ્રાહીમને સલાહ આપી કે તે પહેલા પોતાના કરિયર પર ધ્યાન આપે. આ સિવાય ઘણા ફેન્સે કહ્યું કે આ બંનેની જોડી ખૂબ જ સુંદર છે. આ સિવાય અન્ય યુઝર્સે પૂછ્યું કે શું સંબંધની પુષ્ટિ થઈ છે? પલકની આ તસવીરો પર આવી અનેક કોમેન્ટ્સ આવી રહી છે.

# તેજસ્વી-કરણના બ્રેકઅપનું સત્ય આવ્યું બહાર, કપલની વાયરલ તસવીરે ખોલ્યું રહસ્ય

(એજન્સી) મુંબઇ | કરણ કુન્દ્રા અને તેજસ્વી પ્રકાશ ટેલી વર્લ્ડના સૌથી ફેવરિટ કપલ્સમાંથી એક છે. બંનેની મુલાકાત બિગ બોસ સીઝન 15માં થઈ હતી અને ત્યાંથી જ તેમની લવ સ્ટોરી શરૂ થઈ હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કરણ કુન્દ્રા અને તેજસ્વીના બ્રેકઅપની અટકળો ચાલી રહી છે. તેમના બ્રેકઅપના સમાચાર વચ્ચે, હવે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને લંડનમાં સાથે જોવા મળી રહ્યા છે. બે અઠવાડિયા પહેલા આ કપલના બ્રેકઅપના સમાચાર ખૂબ ચર્ચામાં હતા. જો કે, અભિનેતાએ રોમેન્ટિક ફોટા શેર કરીને તમામ સમાચારોને ફગાવી દીધા હતા. ગઈકાલે ફરી એકવાર બ્રેકઅપના સમાચાર આવ્યા અને હવે તેજસ્વીએ પોતાની પોસ્ટમાં બધુ સ્પષ્ટ કરી દીધું છે. બિગ બોસ 15ના સ્પર્ધક રાજીવ અડતિયા દ્વારા લંડનનો કરણ અને તેજસ્વી સાથે સંબંધિત એક વીડિયો ઈન્ટરનેટ પર શેર કરવામાં આવ્યો છે. રાજીવ અચાનક લંડનમાં તેજસ્વી પ્રકાશ અને કરણ કુન્દ્રાને મળ્યો અને ત્રણેયે સાથે ખૂબ જ મસ્તી કરી. આ વીડિયોમાં રાજીવ સેને કહ્યું- તેજરનના ચાહકો, મને કહેવા માટે તમારો આભાર કે તે બંને લંડનમાં છે. આ લોકોએ મને કહ્યું પણ નહીં. તમને જણાવી દઈએ કે રાજીવ આડતીયા કરણ અને તેજસ્વી બંનેના સારા મિત્ર છે. રાજીવ તેની બિગ બોસ સીઝનમાં સ્પર્ધક તરીકે ગયો હતો. બ્રેકઅપની અફવાઓ વચ્ચે, તેજસ્વી પ્રકાશે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કરણ કુન્દ્રા સાથેની કેટલીક તસવીરો શેર કરી છે. ફોટામાં કપલ લંડનમાં વેકેશન એન્જોય કરતા જોવા મળે છે.



એક તસવીરમાં, તેજસ્વી કરણના ખભા પર માથું રાખીને હસતી હોય છે. કરણ અને તેજસ્વી લંડન બ્રિજની સામે એકબીજાની આંખોમાં ડૂબેલા જોવા મળે છે. બંને એક ફોટોમાં રોમેન્ટિક પોઝ આપી રહ્યાં છે.

આ તસવીરો પરથી સ્પષ્ટ છે કે તેજસ્વી પ્રકાશ અને કરણ કુન્દ્રાનું બ્રેકઅપ થયું નથી. બંને લંડનમાં વેકેશન માણી રહ્યા છે. ફોટાની સાથે તેજસ્વીએ કેપ્શન દ્વારા તેની અને કરણની વાતચીત પણ શેર કરી છે. તેણે લખ્યું, “કરણ- હું તેણીને શ્રેષ્ઠ રીતે ક્લિક કરું છું. અથવા, તેજસ્વી- પ્રેમ એટલે ઓળખ. તમારું મનપસંદ કેપ્શન પસંદ કરો.” અભિનેત્રીની આ પોસ્ટથી ચાહકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# રિતેશ દેશમુખની ડેબ્યૂ વેબસિરીઝનું ટ્રેલર લોન્ચ ફાર્મા કંપનીના ગોરખધંધાનો કરશે પર્દાફાશ કરશે

મુંબઇ | લોકોને માત્ર રિતેશ દેશમુખની કોમેડી જ પસંદ નથી પરંતુ તે ગંભીર ભૂમિકામાં પણ દર્શકોને પસંદ કરે છે. તેણે એક વિલનથી લઈને મરાઠી ફિલ્મ વેદ સુધી ઘણી સુપરહિટ ફિલ્મો કરી છે. હવે તે OTT પ્લેટફોર્મ પર વેબ સિરીઝ ડેબ્યૂ કરી રહ્યો છે. હાલમાં જ તેની આગામી સિરીઝ પિલનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં તે ફાર્મા કંપનીનો પર્દાફાશ કરતો જોવા મળે છે. રિતેશ દેશમુખ એક એવો બોલિવૂડ એક્ટર છે જે જાણે છે કે કોઈ પણ પાત્રમાં કેવી રીતે જીવનનો શ્વાસ લેવો. કોમેડી હોય કે નેગેટિવ રોલ, લોકો તેનો દરેક રોલ પસંદ કરે છે. મોટા પડદા બાદ હવે તે ધીમે ધીમે OTT પ્લેટફોર્મ પર પણ પોતાની પકડ મજબૂત કરી રહ્યો છે. તેની ‘પ્લાન એ-પ્લાન બી’ વર્ષ 2022માં નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બાદ હવે તે વેબ સિરીઝમાં પણ ડેબ્યુ કરી રહ્યો છે. રિતેશ ફરી એકવાર OTT પ્લેટફોર્મ પર ‘પિલ’ સાથે દર્શકો માટે પાછો ફરી રહ્યો છે, જેનું વિસ્ફેટક ટ્રેલર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું છે. વેબ સિરીઝ ‘પિલ’માં રિતેશ દેશમુખનું આ પાત્ર છે. રિતેશ દેશમુખના આગામી પ્રોજેક્ટની વાર્તા તેની પાછલી ફિલ્મો કરતા સાવ અલગ છે. ‘પિલ’નું આ 1 મિનિટ 50 સેકન્ડનું ટ્રેલર ખરેખર અદ્ભુત છે. રિતેશ દેશમુખ આ સિરીઝમાં ડૉ. પ્રકાશ ચૌહાણની ભૂમિકા ભજવી રહ્યો છે, જે કંપનીના ડેપ્યુટી મેડિસિન કંટ્રોલર છે. આ ટ્રેલરની શરૂઆતમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે ડ્રગ્સની હેરાફેરીનું નેટવર્ક દૂર-દૂર સુધી ફેલાયેલું છે. એવી કેટલીક કંપનીઓ છે જે લંકા’ જેવી છે અને તેમને નિયંત્રિત કરવા માટે ‘રામનગરી’ની રચના કરવામાં આવી છે જે ‘મેડિસિન ઓથોરિટી ઓફ ઈન્ડિયાક’ છે. આ નાનકડી ઝલકમાં એક સત્ય સામે આવ્યું છે કે કેવી રીતે એક ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા બનાવવામાં આવેલી દવાઓ ખાવાથી કેટલાક લોકો મરી રહ્યા છે અને કેટલાક લોકો બીમાર પડી રહ્યા છે.જે બાદ તે ફાર્મા કંપનીની તપાસ થાય છે અને ત્યાંથી સમગ્ર નાટકનો પર્દાફશ થાય છે. કંપનીનો માલિક પણ ટ્રેલરમાં રિતેશ દેશમુખને ધમકી આપતો જોવા મળે છે. હવે કંપનીની તપાસ દરમિયાન તેના જીવનમાં શું ઊથલપાથલ આવશે તે તો સિરીઝ રિલીઝ થયા બાદ જ ખબર પડશે.




# સૂર્યા-જાહ્નવીની ફિલ્મ કર્ણ અભેરાઇએ ચડી ગઇ



(એજન્સી) મુંબઇ | રાકેશ ઓમપ્રકાર મહેરાની ૩૫૦ કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી ફિલ્મ ’કર્ણ’ અભેરાઈે ચડી ગઇ હોવાની ચર્ચા છે. આ ફિલ્મમાં સાઉથનો સુપરસ્ટાર સૂર્યા કર્ણની ભૂમિકા ભજવવાનો હતો જ્યારે જાહ્નવી કપૂર દ્રોપદીના રોલમાં જોવા મળવાની હતી.

ચર્ચા અનુસાર ફિલ્મનું ૩૫૦ કરોડનું બજેટ ભારે પડયું હોવાનું કહેવાય છે. બોલીવૂડમાં અત્યારે જંગી બજેટ ધરાવતી કેટલીય ફિલ્મો ફલોપ થઈ ચૂકી છે ત્યારે આ પ્રોજેક્ટ પાછળ ૩૫૦ કરોડ ખર્ચવાનું વ્યવહારુ જણાયું ન હતું. ફિલ્મના પ્રિ પ્રોડક્શન તથા લૂક ટેસ્ટ વગેરે માટે અત્યાર સુધીમાં ૧૫ કરોડ ખર્ચાઈ ચૂક્યા હતા. ફિલ્મના અન્ય કલાકારોમાં અલી ફઝલ, વિજય વર્મા અને અવિનાશ તિવારી સામેલ હતા. આ એક પેન ઈન્ડિયા ફિલ્મ બનવાની હતી. હિંદી ઉપરાંત તમિલ અને તેલુગુ ભાષામાં પણ તે રીલિઝ થવાની હતી. રાકેશ ઓમપ્રકાશ મહેરાનો આ ડ્રીમ પ્રોજેક્ટ હતો.

# ‘યે રિશ્તા ક્યા...’ની અક્ષરાને બ્રેસ્ટ કેન્સર

## એક્ટ્રેસ હિના ખાને કહ્યું, ’ત્રીજા સ્ટેજનું કેન્સર છે, સારવાર ચાલી રહી છે ’



(એજન્સી) મુંબઇ | ટેલિવિઝન એક્ટ્રેસ હિના ખાન વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હિના ખાન બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. તે કેન્સરના ત્રીજા સ્ટેજમાં છે. તેણે પોતે આ સમાચાર સોશિયલ મીડિયા પર ફેન્સ સાથે શેર કર્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતી વખતે એક્ટ્રેસે કહ્યું કે તેની સારવાર શરૂ થઈ ગઈ છે. તે દરેકના પ્રેમ માટે આભારી છે.

હાલમાં જ સમાચાર આવ્યા હતા કે હિના ખાન કેન્સરથી પીડિત છે, પરંતુ ભાગ્યે જ કોઈએ આ સમાચાર પર વિશ્વાસ કર્યો હશે. પરંતુ હવે જ્યારે એક્ટ્રેસે પોતે જ તેના કેન્સરની બીમારીનો ખુલાસો કર્યો છે, ત્યારે દરેક ફેન્સ શોકમાં ગરકાવ છે. બ્રેસ્ટ કેન્સર વિશે વાત કરતાં એક્ટ્રેસે લખ્યું, ’મારા વિશે કેટલીક અફવાઓ ચાલી રહી છે. હું તમારા બધા સાથે એક જરૂરી સમાચાર શેર કરવા માગુ છું.

ખાસ કરીને જેઓ મને પ્રેમ કરે છે. મારી કાળજી રાખે છે. મને ત્રીજા સ્ટેજનું બ્રેસ્ટ કેન્સર છે. તેની સારવાર શરૂ કરવામાં આવી છે. ઘણી સમસ્યાઓનો સામનો કરવા છતા હું તમને ભરોસો આપું છું કે હું ઠીક છું. હું આ બીમારી સામે લડવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છું. આ સમયે હું તે દરેક કામ કરવા તૈયાર છું જે મને મજબૂત રાખશે.’

બ્રેસ્ટ કેન્સર વિશે જણાવતા હિનાએ કહ્યું કે તેની પ્રાઈવસીનું ધ્યાન રાખવું જોઈએ. વધુમાં કહ્યું, ’હું તમારા પ્રેમ અને સન્માનની પ્રશંસા કરું છું, પરંતુ આ સમયે મારી પ્રાઇવસીનું ધ્યાન રાખવું જોઈએ. મને અને મારા પરિવારને વિશ્વાસ છે કે હું કેન્સરની લડાઈ જીતી જઈશ અને જલ્દી સ્વસ્થ થઈ જઈશ. પણ ત્યાં સુધી થોડું ધ્યાન રાખજો. આ સમયે મને તમારા પ્રેમ અને પ્રાર્થનાની ખૂબ જ જરૂર છે.’

### યે રિશ્તા ક્યા કહેલાતા શો પ્રસિદ્ધિ

હિના ખાન ટેલિવિઝન શો ’યે રિશ્તા ક્યા કહેલાતા’માં અક્ષરાના રોલથી જાણીતી છે. આ શોમાં તેમણે સંસ્કારી વહુનો રોલ નિભાવીને દરેક ઘરમાં પોતાની જગ્યા બનાવી હતી. આ પછી તે ’બિગ બોસ 11’માં પણ જોવા મળી હતી. હિના આ શોની વિજેતા તો નથી બની, પરંતુ બિગ બોસથી તેની લોકપ્રિયતા બમણી થઈ ગઈ છે.

ટેલિવિઝન શો ઉપરાંત તેમણે વેબ શો અને મૂવીઝમાં કામ કર્યું છે. હિના ખાને ઘણા મ્યુઝિક વીડિયોમાં પોતાની એક્ટિંગથી લોકોના દિલ જીતી લીધા છે.

# 'બાપુ'એ અંગ્રેજોને ફરી ઘરભેગા કરી દીધા: અક્ષર અને કુલદીપની બોલિંગથી ઈંગ્લિશ ટીમ ગૂંચવાઈ




એજન્સી અમેરિકા તા 28

ભારતે ઈંગ્લેન્ડને હરાવીને T-20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. જીત એકતરફી હતી. કેપ્ટન રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવે રન બનાવ્યા. કુલદીપ યાદવ અને અક્ષર પટેલે ઈંગ્લેન્ડને ઓલઆઉટ કર્યું હતું. ભારત 29 જૂને રાત્રે 8 વાગ્યે આફ્રિકા સામે ટકરાશે. આફ્રિકા પ્રથમ વખત વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચ્યું છે. ગયાનાની પિચ પર જ્યાં ઈંગ્લિશ બેટિંગ 103 રનમાં સમેટાઈ ગઈ હતી ત્યાં રોહિતનો બેટિંગમાં આત્મવિશ્વાસ તેણે સૂર્યકુમારને કહેલી વાતમાં સ્પષ્ટ જોવા મળ્યો હતો. લિયામ લિવિંગસ્ટન બોલિંગ કરી રહ્યો હતો. રોહિતે સૂર્યાને કહ્યું- આગળ નાખશે તો શોટ મારીશ. મતલબ કે આગળ બોલ ફેંકવા દો હું મોટો શોટ રમીશ. બીજા જ બોલ પર રોહિતે લિવિંગ્સ્ટનને સિક્સર ફટકારી. રોહિત-સૂર્યા બાદ બાકીનું કામ કુલદીપ, અક્ષર અને બુમરાહની બોલિંગે પૂરું કર્યું હતું.

બટલર, બેયરસ્ટો અને બ્રુક જેવા બેટર સ્પિનમાં ફસાઈ ગયા. સોલ્ટ જેવા વિસ્ફોટક બેટર બુમરાહે સ્લોઅર પર આઉટ કર્યા હતા. ભારત હવે આવતીકાલે બાર્બાડોસમાં સાઉથ આફ્રિકા સામે ટાઈટલ માટે મેચ રમશે, જે પ્રથમ વખત વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી છે. ભારતે 2007માં ટાઈટલ જીત્યું હતું અને 2014ની ફાઈનલમાં હાર મળી હતી.

## પ્લેયર ઑફ ધ મેચ- ટીમ ઈન્ડિયાનો 'બાપુ' અક્ષર પટેલ

અક્ષર જ્યારે બેટિંગ કરવા આવ્યો ત્યારે તેણે 6 બોલમાં 10 રન બનાવ્યા હતા. અને એક છગ્ગો માર્યો. ઈનિંગ્સ માત્ર 10 રનની હતી, પરંતુ ઈંગ્લેન્ડ પર દબાણ લાવવા માટે જરૂરી ટોટલ મળી ગયું હતું. અક્ષરે 4 ઓવર નાંખી, 23 રન આપ્યા અને 3 વિકેટ લીધી. અક્ષરની ચારેય ઓવરમાં વિકેટો પડી. પહેલી ઓવરના પહેલા જ બોલ પર ઈંગ્લિશ કેપ્ટન જોસ બટલરની વિકેટ લીધી હતી. બીજી ઓવરમાં જોની બેરસ્ટોની અને ત્રીજી ઓવરમાં મોઈન અલીની વિકેટ લીધી હતી. ચોથી ઓવરમાં કુલદીપની સાથે લિયામ લિવિંગસ્ટન રનઆઉટ થયો હતો. ભારતની જીતના અન્ય હીરો રોહિત શર્મા: ભારતીય કેપ્ટને 57 રન બનાવ્યા. 4 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. રોહિતે આ ઈનિંગ 39 બોલમાં 146 રનના સ્ટ્રાઈક રેટથી રમી હતી. ઈંગ્લેન્ડના બોલર્સને હાવી થવા નહતા દીધા અને રનરેટ પણ નીચે આવવા દીધો નહોતો.

## છેલ્લી 10 ICC ટુર્નામેન્ટમાં 5 ફાઈનલ રમ્યા

તેનાથી અંદાજો લગાવી શકીએ છીએ કે ભારતીય ટીમે છેલ્લા 10 વર્ષમાં જે 10 ICC ટુર્નામેન્ટ રમી છે, તેમાંથી પણ 5 વખત ચેમ્પિયન બન્યાના એકદમ નજીક આવીને મેચ ગુમાવી છે. દરમિયાન એ કહેવું પણ ખોટું નથી કે ભારતીય ટીમ પણ ચોકર્સ બનતી જઈ રહી છે. જોકે આમાં એક વાત એ પણ છે કે ભારતીય ટીમ 5 વખત ફાઈનલ રમી ચૂકી છે. જ્યારે ચોકર્સ આફ્રિકી ટીમ સેમિ ફાઈનલમાં જ હારતી રહી છે. તેણે પણ આ વખતે પહેલી વખત ફાઈનલમાં એન્ટ્રી કરી છે. આ સાઉથ આફ્રિકી ટીમના વર્લ્ડ કપ (વનડે-ટી20) ઈતિહાસની પહેલી ફાઈનલ છે, પરંતુ બીજી તરફ ભારતીય ટીમની પાસે આ વખતે ખિતાબ જીતીને ICC ટ્રોફીનો દુકાળ ખતમ કરવાની તક છે. સાથે જ એ પણ જણાવવાની તક છે કે તે ચોકર્સ નથી. આ સાઉથ આફ્રિકી ટીમના વર્લ્ડ કપ (વનડે-ટી20) ઈતિહાસની પહેલી ફાઈનલ છે,

# રડતા રોહિતને કોહલીએ શાંત કરાવ્યો સ્ટમ્પ માઈકમાં જગજાહેર થઈ ભારતીય કેપ્ટનની બેટિંગ સ્ટ્રેટેજી

એજન્સી અમેરિકા તા 28



10 વર્ષ બાદ ટીમ ઈન્ડિયા T-20 વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી છે. ભારતીય ટીમે ત્રીજી વખત ફાઈનલમાં જગ્યા બનાવી છે. ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને 68 રનથી હરાવ્યું હતું. આ સાથે રોહિત શર્માની કેપ્ટન્સીવાળી ટીમે 2022 T-20 વર્લ્ડ કપની હારનો બદલો પણ પૂરો કરી લીધો છે. ટીમ છેલ્લે 2014માં ફાઈનલમાં પહોંચી હતી. આ મેચમાં ઘણી ક્ષણો જોવા મળી હતી. જીત બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્મા ભાવુક થઈ ગયો હતો.

ફિલ સોલ્ટે 5 રન પર રોહિતને જીવનદાન આપ્યું હતું. દર વખતની જેમ આ વખતે પણ સ્ટમ્પ માઈક પર રોહિતનો અવાજ રેકોર્ડ થયો હતો. આદિલ રાશિદની ઓવરમાં સૂર્યકુમાર યાદવ સાથે વાત કરતાં તેણે કહ્યું- જો હું તેને મૂકીશ તો આપીશ. એટલે કે જો તે બોલને ઉપર ફેંકશે તો હું મોટો શોટ મારીશ. રોહિત ભાવુક થયો હતો અને કોહલીએ શાંત કરાવ્યો.

રોહિત ભાવુક થયો હતો અને કોહલીએ શાંત કરાવ્યો. સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામેની જીત બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્મા ભાવુક થઈ ગયો હતો. રોહિત મેચ બાદ ડ્રેસિંગ રૂમમાં પોતાના આંસુ લૂછતો જોવા મળ્યો હતો. વિરાટ કોહલી રોહિત પાસે ગયો અને તેને સંભાળ્યો ઈંગ્લેન્ડની બોલિંગ દરમિયાન જોફ્રા આર્ચર બીજી ઓવર નાખવા આવ્યો હતો. રોહિતે પોતાની ઓવરના છેલ્લા બોલ પર કટ શોટ માર્યો હતો. બેકવર્ડ પોઈન્ટ પર ઊભા સોલ્ટે એક સરળ કેચ છોડ્યો. રોહિતે બેક ઓફ લેન્થ બોલને કટ મારી. બોલ સોલ્ટના હાથમાંથી સરકી ગયો. ઈંગ્લેન્ડ સામેની ઈનિંગની 11મી ઓવરમાં રન આવી રહ્યા ન હતા. આદિલ લિયામ લિવિંગસ્ટોન બોલિંગ કરી રહ્યો હતો. રોહિતે બેક ઓફ લેન્થ બોલને કટ મારી.

રોહિતે સૂર્યાને કહ્યું- જો આ આગળ નાખશે તો હું શોટ મારીશ. બીજા જ બોલ પર તેણે લિયામ લિવિંગસ્ટોનના ફુલ લેન્થ બોલ પર સિક્સર ફટકારી. ત્રીજી ઓવરમાં, ટોપલીએ મિડલ સ્ટમ્પ પર વિરાટ કોહલીને ફુલ લેન્થ બોલ ફેંક્યો. કોહલીએ ડીપ મિડવિકેટ પર શાનદાર સિક્સર ફટકારી હતી. તે જ ઓવરમાં, તેણે ફરીથી તે જ શોટ રમવાનો પ્રયાસ કર્યો અને બોલ્ડ થયો. કોહલીએ 9 રન બનાવ્યા હતા. આ ટૂર્નામેન્ટમાં તેનો કુલ સ્કોર 75 રન છે.

# ઈંગ્લેન્ડને આ ભૂલ ભારે પડી, રોહિતે ઉઠાવ્યો પૂરેપૂરો ફાયદો

રોહિત શર્માની કપ્તાનીવાળી ભારતીય ટીમે T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. અંગ્રેજોને હરાવ્યા બાદ ભારતે હવે 29 જૂને દક્ષિણ આફ્રિકા સામે ટાઈટલ મેચ રમવાની છે. વરસાદથી પ્રભાવિત આ મેચ દરમિયાન ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈંગ્લેન્ડને કઈ ભૂલ ભારે પડી? ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ભારતને બેટિંગ માટે પહેલા આમંત્રણ આપ્યું એ તેમની મોટી ભૂલ સાબિત થઈ. રોહિત શર્માએ આ મુશ્કેલ પિચ પર ઈંગ્લેન્ડના કેપ્ટનના ખોટા નિર્ણયનો પૂરો ફાયદો ઉઠાવ્યો. પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 16.4 ઓવર બેટિંગ કરીને 103 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તો ચાલો જાણીએ ભારતની જીતના 5 હીરો વિશે.

# સૂર્યકુમારે ફટકારી ગગનચુંબી સિક્સર

ટીમ ઈન્ડિયાનો સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ T20 વર્લ્ડકપમાં સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. સૂર્યાએ યુએસએ સામે અણનમ 50 રન અને અફઘાનિસ્તાન સામે 53 રનની ઈનિંગ રમી હતી. તેણે ઓસ્ટ્રેલિયા સામે પણ 31 રન બનાવીને મોટું યોગદાન આપ્યું હતું. હવે તેણે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલા T20 વર્લ્ડકપની સેમિફાઈનલમાં પોતાની સ્ટાઈલિશ બેટિંગ સ્ટાઈલ બતાવી છે. સૂર્યાએ ગગનચુંબી સિક્સ ફટાકારી સૂર્યાએ ક્રિસ જોર્ડનની ઓવરમાં ઈંગ્લેન્ડે ગત T20 વર્લ્ડકપમાં ભારતીય ટીમને આપ્યો હતો.

# રોહિત શર્માએ એક સાથે બે મોટા રેકોર્ડ બનાવી T-20 વર્લ્ડકપની રેકોર્ડબુકમાં ઉથલપાથલ મચાવી

અમેરિકા તા 28

T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલીસ્ટ નક્કી થઈ ગઈ છે. આ વર્ષે ભારતીય ટીમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે અને ટીમ ફાઈનલમાં પહોંચી છે. સેમિફાઈનલમાં ભારતે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને હરાવીને 2022ના વર્લ્ડ કપનો બદલો પણ લઈ લીધો હતો. સેમિફાઈનલમાં કેપ્ટન રોહિત શર્માએ શાનદાર ઈનિંગ રમીને ઘણા રોકોર્ટ પોતાને નામે કર્યા હતા. ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા પોતાના કરિયરમાં એક પછી એક મોટી ઉપલબ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. ગુરુવારે ઈંગ્લેન્ડ સામે રમાયેલી T-20 વર્લ્ડ કપની બીજી સેમિફાઈનલ મેચમાં રોહિતે શાનદાર બેટિંગ કરીને ફિફ્ટી ફટકારી હતી. હિટમેને 39 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. તેમજ મેચમાં 146.15ના સ્ટ્રાઈક રેટથી 57 રન બનાવ્યા હતા.

આ સાથે સિક્સર કિંગે બે મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. રોહિત 50 છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો રોહિત શર્મા T20 વર્લ્ડ કપમાં 50 છગ્ગા મારનાર એકમાત્ર ભારતીય ખેલાડી બની ગયો છે. હવે તે માત્ર ક્રિસ ગેલના રેકોર્ડથી પાછળ છે. જેણે વર્લ્ડ કપમાં 63 સિક્સર ફટકારી છે. રોહિત માત્ર બીજો ખેલાડી છે જેણે 50 સિક્સરનો આંકડો પાર કર્યો છે. આ સાથે હિટમેને સાબિત કરી દીધું છે કે તેને અસલી સિક્સર કિંગ કેમ કહેવામાં આવે છે. આ મામલામાં ઈંગ્લેન્ડનો જોસ બટલર ત્રીજા સ્થાને છે. જેણે 43 સિક્સર ફટકારી છે. T20 વર્લ્ડ કપની બીજી સેમિફાઈનલમાં રોહિતની શાનદાર ઈનિંગની મદદથી ભારતીય ટીમે 172 રન બનાવ્યા હતા.

# સેમિફાઈનલ મેચમાં થઈ ચિટીંગ? અફઘાનના કોચે કર્યો મોટો ખુલાસો

એજન્સી અમેરિકા તા 28



સાઉથ આફ્રિકા અફઘાનિસ્તાનને હરાવીને ફાઈનલમાં પહોંચ્યું હાર બાદ અફઘાનિસ્તાનના કોચ જોનાથન ટ્રોટે પોતાનું મૌન તોડ્યું સેમિફાઈનલ મેચ માટે આવી પિચ ના હોવી જાઈએ: જોનાથન ટ્રોટ T20 વર્લ્ડકપ 2024ની પ્રથમ સેમિફાઈનલ સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રમાઈ હતી. અફઘાનિસ્તાનને ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાયેલી સેમિફાઈનલ મેચમાં 9 વિકેટે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

હવે મેચ બાદ અફઘાનિસ્તાનના કોચ જોનાથન ટ્રોટે પોતાનું મૌન તોડ્યું અને પિચ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે સેમિફાઈનલ મેચ માટે આવી પિચ ના હોવી જાઈએ. જોનાથન ટ્રોટનું નિવેદન જોનાથન ટ્રોટે મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હું મારી જાતને મુશ્કેલીમાં મૂકવા માંગતો નથી, પરંતુ હું ખાટી દ્રાક્ષની જેમ બોલવા માંગતો નથી, પરંતુ આ તે પિચ નથી કે જેના પર તમે વર્લ્ડકપની સેમિફાઈનલ રમવા માગો છો. આ નિષ્પક્ષ ટૂર્નામેન્ટ હોવી જોઈએ. અફઘાન કોચે આગળ કહ્યું, 'હું એવું નથી કહેતો કે પિચ સ્પિન અથવા સીમ મૂવમેન્ટ વિના સંપૂર્ણપણે સપાટ હોવી જોઈએ. સેમિફાઈનલ મેચની સ્થિતિ સેમીફાઈનલ મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમનો આ નિર્ણય તેમના માટે સાવ ખોટો સાબિત થયો. પ્રથમ બેટિંગ કરતા ટીમ 11.5 ઓવરમાં માત્ર 56 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાન માટે, અઝમતુલ્લા ઓમરઝાઈએ ડબલ આંકડો પાર કર્યો અને 10 રન બનાવ્યા, જે ટીમ માટે સૌથી વધુ સ્કોરર હતો. ત્યારબાદ લક્ષ્યનો પીછો કરતી વખતે સાઉથ આફ્રિકાએ 8.5 ઓવરમાં 1 વિકેટે જીત મેળવી હતી.

# પંતની સ્ફૂર્તી જોઈને સૌ કોઈ દંગ રહી ગયા

ગુયાનામાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ગુરુવારે રમાયેલી T-20 વર્લ્ડ કપની સેમીફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં શ્રેષ્ઠતા દર્શાવી હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયા ખૂબ જ સંતુષ્ટ દેખાઈ રહી હતી. ટીમના ખેલાડીઓએ દરેક ક્ષેત્રમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે સિવાય ઋષભ પંતની શાનદાર ફિલ્ડિંગ જોઈને દર્શકો ખુશખુશાલ થઇ ગયા હતા. પંતે મોઈન અલીને એવી રીતે સ્ટમ્પ કર્યા કે અંગ્રેજો દંગ રહી ગયા. આઠમી ઓવરમાં મોઈન અલીને આપ્યો આંચકો આ દ્રશ્ય આઠમી ઓવરના પહેલા જ બોલ પર જોવા મળ્યું હતું. શરૂઆતથી જ મુશ્કેલીમાં રહેલી ઈંગ્લિશ ટીમને સંભાળવા માટે મોઈન અલી ત્રીજા સ્થાને આવ્યો હતો. તે 9 બોલમાં 8 રન બનાવીને રમી રહ્યો હતો. દરમિયાન અક્ષર પટેલ બોલિંગ કરવા આવ્યો હતો. જ્યારે તેણે પહેલો બોલ નાખ્યો ત્યારે મોઈનને માર પડ્યો હતો. મોઈને બોલને આગળ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના પેડ સાથે અથડાયો અને વિકેટની નજીક ગયો. આ દરમિયાન ઋષભ પંતે ચપળતા બતાવી અને તરત જ બોલ ઉપાડ્યો અને સ્ટમ્પ પર મુકેલી વિકેટો વેરવિખેર કરી દીધી.

# દુનિયાના નં. 1 પેરા બેડમિન્ટન ખેલાડી બની આઈએએસ સુહાસ યતિરાજે રચ્યો ઈતિહાસ

એજન્સી નવી દિલ્હી તા 28

BWF પેરા બેડમિન્ટન વર્લ્ડ રેન્કિંગમાં ફ્રેન્ચ દિગ્ગજ લુકાસ માઝુરને પાછળ છોડીને સુહાસ યતિરાજે વિશ્વનો નંબર વન ખેલાડી બન્યા છે. ઉત્તર પ્રદેશ કેડરના આ IAS અધિકારીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાનને હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. અર્જુન પુરસ્કાર વિજેતા સુહાસે જીત્યો ચેમ્પિયનશિપનો ખિતાબ ટોક્યો પેરાલિમ્પિક્સની SL-4 કેટેગરીની ટાઈટલ મેચમાં 40 વર્ષીય અર્જુન પુરસ્કાર વિજેતા સુહાસે લુકાસ માઝુર સામે હારનો સામનો કરતા સિલ્વર મેડલથી કામ ચલાવ્યું પડ્યું હતું. સુહાસના નામે હવે 60 હજાર 527 પોઈન્ટ છે જે લુકાસ માઝુર (58 હજાર 953) કરતા વધુ છે. સુહાસે X પર ખુશી વ્યક્ત કરતા લખ્યું હતું કે, 'ફાઈનલી વિશ્વનો નંબર વન, મને જણાવતા આનંદ થાય છે કે મારા જીવનમાં મેં પ્રથમ વખત, હું બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન પેરા બેડમિન્ટન રેન્કિંગમાં મેન્સ સિંગલ્સમાં નંબર વન રેન્કિંગ મેળવ્યું છે. લાંબા સમય બાદ મેં વિશ્વના નંબર વન ખેલાડી ફ્રાન્સના લુકાસ માંઝુરનું સ્થાન લીધું છે. તમારા આશીર્વાદ અને શુભકામનાઓ માટે ખૂબ ખૂબ આભાર.'

# સેમિફાઈનલમાં હાર બાદ રાશિદ ખાને શેર કરી ઈમોશનલ પોસ્ટ

એજન્સી અમેરિકા તા 28

T20 વર્લ્ડકપ 2024માં અફઘાનિસ્તાનનું શાનદાર પ્રદર્શન સાઉથ આફ્રિકા સામે અફઘાનિસ્તાનનો કારમો પરાજય સેમિફાઈનલમાં હાર બાદ રાશિદ ખાને ઈમોશનલ પોસ્ટ કરી T20 વર્લ્ડકપ 2024ની પ્રથમ સેમિફાઈનલમાં સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 9 વિકેટ હરાવ્યું હતું. અફઘાનિસ્તાનની હારથી લાખો પ્રશંસકોનું દિલ તૂટી ગયું હતું. તેણે T20 વર્લ્ડકપ 2024માં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ સેમિફાઈનલ મેચમાં સાઉથ આફ્રિકા સામે એકતરફી હારનો સામનો કરવો પડ્યો હતો. અફઘાનિસ્તાનની હાર બાદ કેપ્ટન રાશિદ ખાન ઘણો ભાવુક જોવા મળ્યો હતો. સેમિફાઈનલ બાદ તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પણ શેર કરી હતી. રાશિદે આ દ્વારા પોતાની લાગણી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે અમે આ T20 વર્લ્ડકપ હંમેશા યાદ રાખીશું.

## રાશિદ ખાને ઈમોશનલ પોસ્ટ શેર કરી


વાસ્તવમાં રાશિદે X પર કેટલીક તસવીરો શેર કરી છે. આમાં તે પોતાના કોચ અને ટીમ સાથે જોવા મળી રહ્યો છે. રાશિદે ઈમોશનલ કેપ્શન પણ લખ્યું છે. તેણે લખ્યું, 'આ T20 વર્લ્ડકપ અમે હંમેશા યાદ રાખીશું. આ ટીમના દરેક ખેલાડીએ હંમેશા અમને આગળ રાખ્યા. મને આનો ગર્વ છે. આ પછી અમે શાનદાર વાપસી કરીશું. આપ સૌનો આભાર.''

## મેચની સ્થિતિ

સેમિફાઈનલ મેચમાં અફઘાનિસ્તાનની ટીમ 56 રનના સ્કોર પર પડી ગઈ હતી. આ દરમિયાન ટીમે 11.5 ઓવર રમી હતી. અફઘાનિસ્તાન દ્વારા આપવામાં આવેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની ટીમે 8.5 ઓવરમાં મેચ જીતી લીધી હતી.



# શ્રીલંકાના મુખ્ય કોચ સિલ્વરવુડે રાજીનામું આપ્યું:સલાહકાર કોચ જયવર્દનેએ પણ પદ છોડ્યું



એજન્સી શ્રીલંકા તા 28

શ્રીલંકાના મુખ્ય કોચ ક્રિસ સિલ્વરવુડે મુખ્ય કોચ પદેથી રાજીનામું આપી દીધું છે. સિલ્વરવુડ એપ્રિલ 2022 થી આ પદ પર હતા. એપ્રિલમાં SLCએ તેમનો કાર્યકાળ ચાલી રહેલા T20 વર્લ્ડ કપ સુધી લંબાવ્યો હતો. પૂર્વ કેપ્ટન મહેલા જયવર્દને પણ બુધવારે કન્સલ્ટન્ટ કોચનું પદ છોડી દીધું છે. વાનિન્દુ હસરાંગાની કેપ્ટનશીપની શ્રીલંકાની ટીમ T20 વર્લ્ડ કપ 2024ના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થઈ ગઈ હતી. તે બાંગ્લાદેશ અને સાઉથ આફ્રિકા સામે હારી ગયું હતું.

હું ઘણી સારી યાદો સાથે જઈ રહ્યો છું- સિલ્વરવુડ ઈંગ્લેન્ડ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂકેલા સિલ્વરવુડે એક નિવેદનમાં કહ્યું, 'આંતરરાષ્ટ્રીય કોચ બનવાનો અર્થ છે લાંબા સમય સુધી પ્રિયજનોથી દૂર રહેવું. મારા પરિવાર સાથે ચર્ચા કર્યા પછી, હું ભારે હૃદયથી ઘરે પરત ફરવાનો અને મારા પરિવાર સાથે સમય પસાર કરવાનો નિર્ણય લઈ રહ્યો છું. શ્રીલંકન ક્રિકેટનો ભાગ બનવું મારા માટે ગર્વની વાત છે. હું ઘણી બધી સારી યાદો સાથે વિદાય લઈ રહ્યો છું. શ્રીલંકાએ સિલ્વરવુડ કોચિંગ હેઠળ 2022માં T20 એશિયા કપ જીત્યો હતો સિલ્વરવુડના કોચ તરીકેના કાર્યકાળ હેઠળ, શ્રીલંકાએ 2022માં T20 એશિયા કપ જીત્યો અને તેમના કાર્યકાળ દરમિયાન 2023 ODI એશિયા કપની ફાઈનલમાં જગ્યા બનાવી.

# IPLના આ 7 બોલરોને મળશે જંગી પગાર, બીસીસીઆઈએ કોન્ટ્રાક્ટમાં કર્યા સામેલ

એજન્સી નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયા 6 જુલાઈથી ઝિમ્બાબ્વે સામે 5 મેચની સિરીઝ રમશે. આ માટે ભારતે ઘણા નવા ખેલાડીઓને ટીમમાં સામેલ કર્યા છે. ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર તુષાર દેશપાંડેને પણ ટીમમાં જગ્યા મળી છે. ટીમમાં સ્થાન મેળવવાની સાથે જ તુષારને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કરારમાં સામેલ કરવામાં આવ્યો છે. એક રિપોર્ટ અનુસાર તેની સાથે સાત બોલરોને ફાસ્ટ બોલિંગનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ યાદીમાં લખનૌ સુપર જાયન્ટ્સનો ફાસ્ટ બોલર મયંક યાદવ પણ સામેલ છે. આ ખેલાડીઓને મળ્યો કોન્ટ્રાક્ટ તુષાર દેશપાંડેએ ડોમેસ્ટિક મેચોની સાથે IPLમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. તે સ્થાનિક મેચોમાં મુંબઈ માટે રમે છે. તુષાર ઈન્ડિયા A તરફથી પણ રમી ચૂક્યો છે. તેણે ઈંગ્લેન્ડ A સામે 15 વિકેટ લીધી હતી. આ સાથે મુંબઈ તરફથી રમતા તેની રણજી સિઝન પણ શાનદાર રહી હતી. તુષારનું જોરદાર પ્રદર્શન જોઈને તેને ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો હતો. આ સાથે ફાસ્ટ બોલિંગનો કોન્ટ્રાક્ટ પણ આપવામાં આવ્યો.

# જીત બાદ પણ ખુશ નથી એડન માર્કરામ

એજન્સી અમેરિકા તા 28




વર્લ્ડકપની આ સિઝન દરમિયાન પિચને લઈને સતત સવાલો ઉઠી રહ્યા છે સાઉથ આફ્રિકા જીતવા છતાં ટીમનો કેપ્ટન એડન માર્કરામ ખુશ નથી દક્ષિણ આફ્રિકાની ટીમના કેપ્ટન એડન માર્કરામે પણ પોતાનો વિચાર વ્યક્ત કર્યો ICC T20 વર્લ્ડ કપ 2024ની પ્રથમ સેમિફાઈનલ યોજાઈ ગઈ છે. જેમાં દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનની ટીમો આમને-સામને હતી. એવું માનવામાં આવતું હતું કે આ ટીમોએ અત્યાર સુધી કરેલા પ્રદર્શન બાદ સેમિફાઈનલ પણ રસપ્રદ બની રહેશે, પરંતુ એવું બિલકુલ થયું નહીં. લગભગ એકતરફી મેચમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો અને અફઘાનિસ્તાનની સફરનો અંત આવ્યો. આ વર્ષના વર્લ્ડકપમાં ફરી એકવાર પીચના મુદ્દાઓ શરૂ થયા છે. સાઉથ આફ્રિકા જીતવા છતાં ટીમનો કેપ્ટન એડન માર્કરામ ખુશ નથી અને મજાકમાં પણ કહ્યું કે સારું છે, અમારે આ પીચ પર ફરીથી રમવાની જરૂર નથી. તેનો અર્થ સમજી શકાય છે.એડન માર્કરામે મેચ બાદ કહ્યું કે અમે આ પીચ પર ફરીથી નહીં રમવા માટે ખુશ છીએ. તેણે કહ્યું કે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન પિચો પડકારજનક હતી. તે કહેવું મુશ્કેલ છે કે વિકેટ મુશ્કેલ હતી, કારણ કે તે હંમેશા બેટ્સમેનની રમત ન હોઈ શકે.

આવી વિકેટો પર જીત મેળવવાના રસ્તાઓ શોધવું મહત્વપૂર્ણ હતું. માર્કરામે કહ્યું કે અમે અમારી આખી કરિયર દરમિયાન આ જ કરી રહ્યા છીએ. એક જગ્યાએથી બીજી જગ્યાએ, વિવિધ પરિસ્થિતિઓમાં રમવું. ફરી એકવાર અમારે પિચને અનુરૂપ થવું પડશે.

**સંક્ષિપ્ત સમાચાર**

## કરાચીમાં અચાનક મળ્યા 22 મૃતદેહ, અપાયું હાઈ એલર્ટ

મૃતદેહોમાંથી કોઈની ઓળખ થઈ શકી નથી મોતનું કારણ હીટવેવ માનવામાં આવી રહ્યું છે ડ્રગ્સની લતને કારણે કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા પાકિસ્તાનના કરાચી શહેરમાં રહસ્યમય મોતના કારણે ખળભળાટ મચી ગયો છે. અહીં વિવિધ વિસ્તારોમાંથી 22 મૃતદેહો મળી આવ્યા હતા. પાકિસ્તાની NGOના પ્રયાસો છતાં 22 મૃતદેહોમાંથી કોઈની ઓળખ થઈ શકી નથી. બુધવારે રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે મંગળવારે 5 નવા મૃતદેહો મળ્યા બાદ હવે મૃતદેહોની સંખ્યા વધીને 22 થઈ ગઈ છે. આ પછી શહેરમાં સ્થિતિ વણસી હતી. મૃત્યુને લઈને વધી ચિંતા આ રહસ્યમય મૃત્યુને લઈને ચિંતાઓ પણ ઘણી વધી ગઈ છે. કરાચીના વિવિધ વિસ્તારોમાંથી વધુ 5 મૃતદેહો મળ્યા છે. તેણે કહ્યું કે તેમાંથી ત્રણ ડ્રગ્સના બંધાણી હતા. જો કે હજુ સુધી એક પણ લાશની ઓળખ થઈ નથી. પાકિસ્તાની મીડિયા અનુસાર છિપા સંગઠન શહેરમાં એમ્બ્યુલન્સ નેટવર્ક ચલાવે છે અને તેણે પુષ્ટિ કરી છે કે અજાણ્યા મૃતદેહોની સંખ્યા 22 પર પહોંચી ગઈ છે. આ મૃતદેહો દાવા વગરના છે કારણ કે મૃતકોના કોઈ સંબંધી તેમને લેવા આવ્યા ન હતા. આ મૃત્યુનું કારણ શું છે? પિોર્ટ અનુસાર કરાચીમાં આ મોતનું કારણ હીટવેવ માનવામાં આવી રહ્યું છે. બંદર શહેરમાં કાળઝાળ ગરમીના કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે. શહેરના અનેક નાગરિકો આ ગરમીથી પ્રભાવિત થયા છે, જેમાંથી ઘણાને હીટસ્ટ્રોકના કારણે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. તે જ સમયે મૃત મળી આવેલા આ લોકોના મૃત્યુનું બીજું કારણ પણ કહેવામાં આવી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવી રહ્યું છે.

## હેલિકોપ્ટરમાંથી ઉતરતી ગર્લફ્રેન્ડ માટે બનાવ્યા પૈસાના બંડલના પગથિયા

એક અમીર વ્યક્તિનો વિચિત્ર વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ બોયફ્રેન્ડે ગર્લફ્રેન્ડ માટે બનાવ્યા પૈસાના બંડલના પગથિયા રશિયન બિઝનેસમેન સર્ગેઈ કોસેન્કોએ પોતાની ગર્લફ્રેન્ડ સાથે આ વીડિયો શેર કર્યો આખી દુનિયામાં અલગ-અલગ લોકો વસે છે પરંતુ અમુક લોકોની એવી વિચિત્ર હરકત હોય છે કે જેને જોઈને તમને હસવું આવે. હાલમાં જ આવા જ એક વ્યક્તિનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેણે પોતાની અમીરી એવી રીતે બતાવી છે કે જે જોઈને તમે દંગ રહી જશો. ગર્લફ્રેન્ડ માટે બનાવ્યા પૈસાના બંડલના પગથિયા હકીકતમાં ઈન્ટરનેટ પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ એક અમીર વ્યક્તિનો વીડિયો હોય શકે કારણે તેણે પોતાની ગર્લફ્રેન્ડ માટે આવી હરકત કરી છે કે, જેની ચર્ચા જોરશોરથી કરી રહ્યા છે. રશિયન બિઝનેસમેન સર્ગેઈ કોસેન્કોએ પોતાની ગર્લફ્રેન્ડ સાથે આ વીડિયો શેર કર્યો છે. તેણે પોતાની ગર્લફ્રેન્ડનને હેલિકોપ્ટરમાંથી નીચે ઉતારવા માટે પૈસાના બંડલથી પગથિયા બનાવ્યા છે. હેલિકોપ્ટર નીચે થોડા અંતર સુધી એવું લાગે છે કે જાણે નોટોના જાડા બંડલની જાજમ પથરાયેલી છે જેના પર છોકરી ચાલી રહી છે.

## કંગાળી દૂર કરવા માટે શાહબાઝ સરકારે લીધો મોટો નિર્ણય, વેચશે PIA ?

પાકિસ્તાનથી મળી રહેલી માહિતિ અનુસાર પાકિસ્તાન સરકાર ટૂંક સમયમાં PIAનું ખાનગીકરણ કરવા જઈ રહી છે અને આ માટેની તમામ પ્રારંભિક તૈયારીઓ કરી લેવામાં આવી છે. બુધવારે મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન હાલમાં રૂપિયાની ભારે અછતનો સામનો કરી રહ્યું છે. આ ઉણપને દૂર કરવા માટે પાકિસ્તાન સરકાર હવે દેશના સરકારી વિભાગોને ખાનગી હાથમાં સોંપવા માટે તૈયાર છે. ચીન પહેલાથી જ CPEC દ્વારા પાકિસ્તાનના ઘણા મહત્વપૂર્ણ સંસાધનોમાં દખલ કરી રહ્યું છે અને હવે વિદેશમાં પાકિસ્તાનની ઓળખ ગણાતી PIA પણ એક ખાનગી કંપનીના નિયંત્રણમાં આવવા જઈ રહી છે. હરાજી માટે 6 કંપનીઓની પસંદગી મળતી માહિતિ અનુસાર, 6 કંપનીઓને ખાનગીકરણ માટે સરકાર દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. અંતિમ પ્રક્રિયામાં આ 6 કંપનીઓ એરલાઈનની હરાજીમાં ભાગ લેશે. પેપરવર્ક પૂર્ણ કરવા જણાવ્યું છે. દરમિયાન, અધિકારીઓ શોર્ટલિસ્ટેડ કંપનીઓને હરાજી સંબંધિત જરૂરી માહિતી આપી રહ્યા છે.

## ગાઝામાં ટૂંક સમયમાં હમાસ શાસનનો અંત આવશે : ઇઝરાયેલની ચેતવણી

ટૂંક સમયમાં તે ઈઝરાયેલમાં હમાસ શાસનને બદલવાની યોજના અમલી કરશે હમાસ અને ઈઝરાયેલ વીતેલા આઠ મહિનાથી યુદ્ધ લડી રહ્યા છે. ઈઝરાયેલે હમાસ સંગઠનને ખતમ કરવા સંકલ્પ લીધો છે , અને આ સંકલ્પ ગાઝાના લોકોને ભારે પડી રહ્યો છે. ગાઝામાં સર્જાયેલી માનવીય સ્થિતિઓને જોઈ વિશ્વભરના લોકોમાં આક્રોશ વધી રહ્યો છે. પરંતુ ઈઝરાયેલ પોતાના સંકલ્પમાં ટસથી મસ થવા નથી માગતું. ઈઝરાયેલનું કહેવું છે કે ટૂંક રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તજાચી હાનેગ્બીએ હર્જિલિયા સંમેલનમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે ગાઝામાં શાસન કરવાની હમાસની ક્ષમતાને ખતમ કરવાથી, જે દેશો ગાઝાની સરકાર સાથે મળીને કામ કરવા માંગે છે તેમના માટે તકો ખૂલશે. તેમણે ગાઝાએ કહ્યું કે ગાઝામાં જે નવું નેતૃત્વ સત્તા સંભાળશે તેમાં ઈઝરાયેલના અબ્રાહમ સમજૂતીના ભાગીદાર, અમેરિકા, યુરોપિયન સંઘ અને સંયુક્ત રાષ્ટ્ર સામેલ હશે.

### PMએ વિપક્ષને પૂછ્યું- શું તમે તાલિબાન સાથે ડીલ કરી શકશો, જનતાને મૂર્ખ ન સમજો

# બ્રિટનમાં ચૂંટણી પહેલા સુનક અને સ્ટારમર વચ્ચે તકરાર



**એજન્સી લંડન તા 28**

સુનકે કીર સ્ટારમર પર જનતાને ખોટા વચનો આપવાનો આરોપ લગાવ્યો હતો. બ્રિટનમાં 4 જુલાઈએ સામાન્ય ચૂંટણી યોજાશે. આ પહેલા બ્રિટિશ પીએમ ઋષિ સુનક અને લેબર પાર્ટીના નેતા કીર સ્ટારમર વચ્ચે બુધવારે રાત્રે એક મહત્વપૂર્ણ ટીવી ડિબેટ થઈ હતી. આ ચર્ચા દરમિયાન ભારે હંગામો જોવા મળ્યો હતો. બંને નેતાઓએ એકબીજા પર અંગત પ્રહારો પણ કર્યા હતા. તાજેતરના સર્વેમાં, ઋષિ સુનક સ્ટારમરથી 20 પોઈન્ટથી પાછળ છે. આવી સ્થિતિમાં, પીએમ પાસે તેમના વિપક્ષી ઉમેદવાર પર જીત મેળવવાની છેલ્લી તક હતી. પોલિટિકોના અહેવાલ મુજબ, આ ચર્ચામાં સુનક તેના વિપક્ષી નેતા પર પ્રભુત્વ જમાવતો જોવા મળ્યો હતો. ચર્ચામાં સુનક અને સ્ટારમર વચ્ચે ભારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ચર્ચામાં સુનક અને સ્ટારમર વચ્ચે ભારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. 75 મિનિટની આ ડિબેટમાં સુનકે તેના હરીફ સ્ટારમરને ખૂબ જ પરેશાન કર્યા હતા. સુનકે પોતાના ભાષણમાં કહ્યું કે, દેશની અર્થવ્યવસ્થાને ઠીક કરવા માટે તેમનાથી સારો કોઈ વિકલ્પ નથી.

### સ્ટારમેરે સુનકની રવાન્ડા યોજનાની સફળતા પર શંકા વ્યક્ત કરી.

તેમણે જનતાને દેશની સુરક્ષાને લેબર પાર્ટી પાસે ગીરો ન રાખવાની અપીલ કરી હતી. આ પછી, સ્ટારમેરે કહ્યું કે જો સુનકની રવાન્ડા યોજના શરૂ કરવામાં આવે તો પણ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશની બહાર મોકલવામાં 300 વર્ષ લાગશે. સ્ટારમેરે સુનકની રવાન્ડા યોજનાની સફળતા પર શંકા વ્યક્ત કરી. અહેવાલો અનુસાર જ્યારે આ બંને નેતાઓ ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે ઘણા લોકો બહાર પેલેસ્ટાઈનના સમર્થનમાં નારા લગાવી રહ્યા હતા. ચર્ચા દરમિયાન તેમનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. YouGov પોલ અનુસાર, આ ચર્ચામાં બંને ઉમેદવારોએ સમાન 50 ટકા પોઈન્ટ મેળવ્યા છે.

### સુનકે ગેરકાયદેસર ઈમિગ્રેશનના મુદ્દા પર સ્ટારમર પર નિશાન સાધ્યું.

બ્રિટનમાં ગેરકાયદેસર સ્થળાંતર એક મોટો મુદ્દો બની ગયો છે. આને ઘટાડવા માટે મજૂર નેતા સ્ટારમેરે કહ્યું કે, તેઓ સ્થળાંતર કરનારાઓને તેમના દેશ (ઈરાન, સીરિયા, અફઘાનિસ્તાન) પાછા મોકલશે. આ નિવેદન પર સુનકે તરત જ તેને ઘેરી લીધો. સુનકે કહ્યું: શું સ્ટારમર ઈરાનમાં ખામેની સાથે મુલાકાત કરશે? શું તેઓ આનાથી સંબંધિત તાલિબાન સાથે કોઈ સોદો કરી શકશે? આ માત્ર બકવાસ છે.

**તેમણે જનતાને લેબર પાર્ટીના શરણે ન જવાની અપીલ કરી હતી** સુનકે આરોપ લગાવ્યો કે વિપક્ષી નેતા સ્ટારમર માત્ર પરિવર્તનની વાત કરે છે, પરંતુ તેની પાસે તેની કોઈ યોજના નથી. તેમણે કહ્યું કે, માત્ર પરિવર્તનની વાતો કરવાથી પરિવર્તન આવતું નથી. સુનકે કહ્યું કે તે કર અને કલ્યાણ ઘટાડશે. જેથી લોકોને વધુમાં વધુ રોજગારી મળે અને તેમની બચત થાય. સુનકે કહ્યું કે ઈમિગ્રેશન, ટેક્સ અને મહિલાઓના અધિકારો જેવા મુદ્દાઓ પર દેશની સાથે ઊભા રહેવાની જરૂર છે. તેમણે જનતાને લેબર પાર્ટીના શરણે ન જવાની અપીલ કરી હતી. ચર્ચા દરમિયાન, સ્ટારમેરે સુનક પર કટાક્ષ કર્યો અને કહ્યું કે દેશના પીએમ એટલા સમૃદ્ધ છે કે તેઓ સામાન્ય અંગ્રેજોની સમસ્યાઓને સમજી શકતા નથી.

## માલદીવ્સના રાષ્ટ્રપતિ મુઈઝ્ઝૂ પર કાળો જાદુ કરવાની કોશિશ: રાજ્યમંત્રી 3 આરોપીઓ અરેસ્ટ

**એજન્સી માલદીવ્સ તા 28**

માલદીવ્સનાં પર્યાવરણ રાજ્ય મંત્રી ફાતિમથ શમાનાઝની રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુ પર કાળો જાદુ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. સ્પેનિશ ન્યૂઝ એજન્સી EFE અનુસાર, ફાતિમથ સિવાય બે વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે તમામને 7 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે.

જો કે હજુ સુધી આ મામલે માલદીવ્સ સરકાર તરફથી કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. અગાઉ પોલીસે ફાતિમથના ઘરની તલાશી લીધી હતી. આ દરમિયાન ત્યાંથી કાળા જાદુ સાથે જોડાયેલી ઘણી વસ્તુઓ મળી આવી હતી. ફાતિમથ રાષ્ટ્રપતિ કાર્યાલયમાં કામ કરતા મંત્રી એડમ રમીઝના પત્ની છે. આ પહેલા પણ ફાતિમથ પ્રેસિડેન્ટ મુઈઝ્ઝુ સાથે મેલ સિટી કાઉન્સિલના સભ્ય રહી ચૂક્યા છે. પછી મુઈઝ્ઝુ રાજધાની માલેના મેયર હતા. ગયા વર્ષે પ્રમુખ બન્યા બાદ ફાતિમાથે પણ કાઉન્સિલમાંથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ તે રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન મુલિયાજના



રાજ્ય મંત્રી બન્યા. બાદમાં તેમની બદલી પર્યાવરણ મંત્રાલયમાં કરવામાં આવી હતી.

માલદીવ્સમાં કાળો જાદુ ફંડિતા અથવા સિહુરુ તરીકે ઓળખાય છે. ઈસ્લામિક કાયદામાં આને ગંભીર અપરાધ કહેવામાં આવ્યો છે. જો કે, આ હોવા છતાં, માલદીવ્સમાં મોટી સંખ્યામાં લોકો કાળો જાદુ કરે છે. ગયા મહિને, પોલીસે મુઇઝ્ઝુની પાર્ટીના એક નેતા પર કાળો જાદુ કરવા બદલ 60 વર્ષના એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

2018 માં, આ બે લોકો પર રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોને પલટાવવા માટે કાળો જાદુ કરવાનો આરોપ હતો. ઓગસ્ટ 2018માં માલદીવ્સના કુલહુધુફુશી ટાપુ પર 4 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર સપ્ટેમ્બર 2018માં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિપક્ષની જીત સુનિશ્ચિત કરવા માટે કાળો જાદુ કરવાનો આરોપ હતો. ડિસેમ્બર 2015માં, માલદીવ્સના ઈસ્લામિક મંત્રાલયે એક જાહેર નિવેદન જાહેર કરીને ચેતવણી આપી હતી કે સમાજમાં કાળો જાદુ વ્યાપક છે અને જનતાએ આવી પ્રથાઓથી દૂર રહેવાની જરૂર છે. અગાઉ 2013ની રાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામોને પલટાવવા માટે પણ કાળા જાદુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માટે મતદાન મથક પર શાપિત નાળિયેર અને કાળા જાદુવાળી ઢીંગલી રાખવામાં આવી હતી,ત્યારબાદ તે રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન મુલિયાજના પર્યાવરણ મંત્રાલયમાં કરવામાં આવી હતી.

માલદીવ્સમાં કાળો જાદુ ફંડિતા અથવા સિહુરુ તરીકે ઓળખાય છે. ઈસ્લામિક કાયદામાં આને ગંભીર અપરાધ કહેવામાં આવ્યો છે. જો કે, આ હોવા છતાં, માલદીવ્સમાં મોટી સંખ્યામાં લોકો કાળો જાદુ કરે છે.

## પાકિસ્તાને ભૂલ સુધારી, મહારાજા રણજીતસિંહની પ્રતિમાને ફરી સ્થાપિત કરી

**એજન્સી પાકિસ્તાન તા 28**

શિખ સમાજના પ્રથમ શાસક મહારાજા રણજીતસિંહની પ્રતિમા કરતારપુરમાં સ્થાપિત કરાઈ પાકિસ્તાનના લાહોરમાં કટ્ટરપંથીઓએ થોડા વર્ષો પહેલા મૂર્તિ તોડી નાખી હતી ગાઉ લાહોર કિલ્લામાં મહારાજા રણજીતસિંહની સમાધિ પાસે સ્થાપિત હતી પાડોશી દેશ એવા પાકિસ્તાને પોતાની ભૂલ સુધારી લીધી છે. શિખ સામ્રાજ્યના પ્રથમ શાસક મહારાજા રણજીતસિંહની પ્રતિમાને રિપેરિંગ કરાયા બાદ 450 જેટલા શિખ શ્રદ્ધાળુઓની હાજરીમાં બુધવારે કરતારપુર સાહિબમાં ફરીથી સ્થાપિત કરી લેવામાં આવી છે. આ પ્રતિમા હેલા લાહોરમાં આવેલા કિલ્લામાં મહારાજા રણજીતસિંહની સમાધિ પાસે સ્થાપિત કરાઈ હતી. જેને ધાર્મિક કટ્ટરપંથીઓએ ક્ષતિગ્રસ્ત કરી દીધી હતી. શિખ સમુદાયની મહત્ત્વની ગુરુદ્વારા પાકિસ્તાન અને ભારતના શિખ સમુદાયના સભ્યોએ મહારાજાના પ્રતિમા સ્થાપિત કરાતા તેની સામે ફોટા પડાવ્યા હતા. પંજાબ સુબાના પ્રથમ શિખ મંત્રી અને પાકિસ્તાન શિખ ગુરુદ્વારા પ્રબંધક કમિટીના અધ્યક્ષ રમેશસિંહ અરોડાએ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

કરતારપુર સાહિબને ગુરૂદ્વારા દરબાર સાહિબના નામથી પણ ઓળખવામાં આવે છે. આ લાહોરથી આશરે 150 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં ભારતીય સીમા પાસે આવેલું છે. લાહોરના કિલ્લામાં પ્રતિમાને નુકસાન થયું હતું રમેશસિંહ અરોરાએ જણાવ્યું હતું કે, 'અમે આજે ગુરુદ્વારા દરબાર સાહિબ, કરતારપુર સાહિબમાં સ્થાનિક અને ભારતીય શીખોની હાજરીમાં મહારાજા આવશે, જેને લાહોર કિલ્લામાં નુકસાન થયું હતું.' '' 44 વર્ષીય પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N)ના નેતાએ કહ્યું કે પુનઃસ્થાપિત પ્રતિમા કરતારપુર સાહિબ ખાતે મુખ્યત્વે એટલા માટે સ્થાપિત કરવામાં આવી હતી.

## અમેરિકાએ ફરી ભારતની લોકસભા ચૂંટણીને લઈ આવું નિવેદન આપ્યું

**એજન્સી અમેરિકા તા 27**

અમેરિકાએ જણાવ્યું કે ચૂંટણી પરિણામોમાં અમેરિકા કોઈનો પક્ષ નથી લેતું ચૂંટણીમાં 65 કરોડ મતદાતાઓને અમેરિકાએ શુભકામના આપી

પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાએ ભારતની ચૂંટણી અંગે નિવેદન આપ્યું અમેરિકાએ વધુ એકવાર ભારતમાં લોકસભા ચૂંટણીની પ્રશંસા કરી છે. વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યૂ મિલરે બુધવારે જણાવ્યું કે અમેરિકી સરકાર વિશ્વના ઈતિહાસમાં લોકતંત્રની સૌથી મોટી પ્રક્રિયા ઉજવી રહી છે. અને તેમને આને અસાધારણ સિદ્ધિ જણાવી. મિલરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું ચૂંટણીના પરિણામોમાં અમેરિકા કોઈનો પક્ષ નથી લેતો. આ મામલે ભારતના લોકો જ નિર્ણય કરી શકે છે. અમેરિકામાં કેટલા જૂથો અને લોકો ભારતમાં લોકશાહી તોડવા માંગે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચૂંટણીમાં હરાવવા માટે લોકોએ અહીંથી પૈસા મોકલ્યાનું સ્વીકાર્યું છે તે અંગે પૂછવામાં આવતા મિલરે કહ્યું, 'હું કોઈ ચોક્કસ રિપોર્ટની વાત નથી કરી રહ્યો વાત કરી શકતા નથી. મને ખબર નથી કે તે શેનો ઉલ્લેખ કરી રહ્યો છે. પરંતુ હું તમને કહી શકું છું કે જ્યારે ભારતની ચૂંટણીની વાત આવે છે, ત્યારે અમે યુએસ સરકાર તરફથી ખૂબ જ સ્પષ્ટ છે કે અમે વિશ્વના ઈતિહાસમાં લોકશાહીની સૌથી મોટી કવાયતની ઉજવણી કરી રહ્યા છીએ. આ એક અસાધારણ સિદ્ધિ હતી. તેમણે આગળ કહ્યું, 'ફરીથી, જ્યારે ચૂંટણી પરિણામોની વાત આવે છે, ત્યારે અમે પક્ષ લેતા નથી. આ ભારતની જનતાએ નક્કી કરવાનું છે.



## જુગારખાનામાં 33 કરોડ જીત્યા બાદ ખુશીમાં શખ્સને હાર્ટએટેક આવ્યો

**એજન્સી અમેરિકા તા 28**

આટલા બધા પૈસા જીતવાની ખુશી સહન ન થઈ શકી શખ્સને હાર્ટએટેક આવ્યા બાદ હોબાળો થયાનો વીડિયો વાયરલ એવું કહેવાય છે કે ખુશી થવા પર આંખોથી આંસુ છલકાઈ પડતા હોય છે. પરંતુ એક શખ્સ એટલો રાજી થયો કે તેના હૃદયના ધબકારા અટકી ગયા હતા. આ ઘટના સિંગાપુરની છે. સિંગાપુરના એક જુગારખાનામાં શખ્સે એટલા બધા પૈસા જીત્યા અને આની ખુશી સહન ન થઈ શકી. અને તેને હાર્ટએટેક આવી ગયો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના 22 જૂનના રોજ સિંગાપુરના મરિના બે સેંડસ કેસિનોમાં બની હતી. કેસિનોમાં હોબાળો થયાનો વીડિયો વાયરલ મળતી માહિતી મુજબ, તે વ્યક્તિએ 3.2 મિલિયન પાઉન્ડ (એટલે કે અંદાજે 33 કરોડ રૂપિયા)નો જેકપોટ જીતતાની સાથે જ હવામાં કૂદવાનું શરૂ કર્યું અને મુક્કાઓ ફેંકવાનું શરૂ કર્યું.

પરંતુ, બીજી જ ક્ષણે તે બેભાન થઈ ગયો અને જમીન પર પડ્યો. આ દરમિયાન કેસિનોમાં હાજર લોકો અને કર્મચારીઓમાં હોબાળો મચી ગયો હતો. વાયરલ થઈ રહેલા વીડિયોમાં પુરુષની સાથે રહેલી મદદ માટે વિનંતી કરતી જોઈ શકાય છે. હોસ્પિટલમાં દાખલ

ઘટના પછી, કેસિનો સ્ટાફ તરત જ એક્શનમાં આવી ગયો અને તે વ્યક્તિને તબીબી સહાય પૂરી પાડવાનો પ્રયાસ કર્યો. વ્યક્તિને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

## બોલીવિયામાં સત્તા પલટાવવાનો નિષ્ફળ પ્રયાસ: સૈનિકોએ રાષ્ટ્રપતિ ભવનને ઘેરી લીધું

**એજન્સી દક્ષિણ અમેરિકા તા 28**

આ ફૂટેજ બોલીવિયાના પ્રેસિડેન્શિયલ પેલેસના છે, જ્યાં એક સૈન્ય વાહન પેલેસના દરવાજા સાથે અથડાતું દેખાય છે.

દક્ષિણ અમેરિકાના દેશ બોલીવિયામાં બુધવારે સત્તા પલટાવવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો. બોલીવિયાના સૈનિકોએ રાજધાની લા પાઝમાં રાષ્ટ્રપતિ ભવન પર હુમલો કર્યો હતો. આ પછી આર્મીના ટોપ જનરલ જોસ જ્યુનિગાએ કેટલાક સૈનિકો સાથે લશ્કરી વાહનમાં રાષ્ટ્રપતિ ભવનમાં ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, 3 કલાકમાં જ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેનું બોલીવિયન ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. વીડિયો અનુસાર, બુધવારે બોલીવિયાના સુરક્ષા દળોએ શહેરના મુખ્ય ચોકને ઘેરી લીધો હતો. આ પછી એક સૈન્ય વાહન રાષ્ટ્રપતિ ભવનના દરવાજાને ટકકર મારવા લાગ્યું. આ દરમિયાન જવાનોએ અંદર ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. આર્મી ચીફ જનરલ હોજેએ કહ્યું કે તેઓ દેશમાં




લોકશાહી ફરીથી લાવવા માંગે છે. તેઓ રાષ્ટ્રપતિ લુઈસ આર્સેનું સન્માન કરે છે, પરંતુ દેશની સરકારમાં પરિવર્તન લાવવાની જરૂર છે. સરકારના સમર્થનમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સૈનિકોએ તેમને રોકવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા. બોલીવિયન પોલીસે ત્રણ કલાકની અંદર આર્મી જનરલની ધરપકડ કરી હતી. બોલીવિયન પોલીસે ત્રણ કલાકની અંદર આર્મી જનરલની ધરપકડ કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું- આ બોલીવિયાના લોકો અને લોકતંત્રની જીત છે હુમલાના થોડા સમય બાદ સેના પીછેહઠ કરી અને જનરલ હોજેની ધરપકડ કરવામાં આવી. નિષ્ફળ સત્તાપલટા બાદ રાષ્ટ્રપતિએ કહ્યું કે લોકશાહીની રક્ષા માટે દેશની જનતાએ એકજુથ થવાની જરૂર છે. આ બોલીવિયન લોકો અને લોકશાહીની જીત છે. તેની ધરપકડ કરવામાં આવી તે પહેલાં, જનરલ હોજે આરોપ મૂક્યો હતો કે તે રાષ્ટ્રપતિ આર્સે હતા જેમણે સત્તા પલટાવાનો પ્રયાસ કરવા કહ્યું હતું. આર્મી ચીફે મીડિયાને જણાવ્યું કે રાષ્ટ્રપતિએ તેમની સાથે દેશની સ્થિતિ પર ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે આ સપ્તાહ સરકાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં તેમને જનતાનો ટેકો જાય તો તેમની લોકપ્રિયતામાં વધારો થવાની શક્યતા છે. આર્મી જનરલને થોડા દિવસ પહેલા જ બરતરફ કરવામાં આવ્યા હતા બોલીવિયાના સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, જનરલ હોજેને આ અઠવાડિયે તેમના પદ પરથી હટાવવામાં આવ્યા હતા.

### આ 4 કિસ્સામાં જાણો, જેણે અમેરિકન ચૂંટણીનાં પરિણામોને બદલી નાખ્યાં

# US પ્રમુખપદની ડિબેટમાં ટ્રમ્પ V/S બાયડન



**એજન્સી અમેરીકા તા 28**

વર્ષ 1858...યુએસ રાજ્ય ઈલિનોઈસમાં સેનેટ (રાજ્યસભા)ની ચૂંટણીઓ યોજાઈ રહી હતી. રિપબ્લિકન પાર્ટીના અબ્રાહમ લિંકન અને નોર્ધર્ન ડેમોક્રેટ્સના સ્ટીફન ડગ્લાસ વચ્ચે સ્પર્ધા હતી. જ્યાં જ્યાં ડગ્લાસ ભાષણ આપતાં ત્યાં ત્યાં લિંકન પણ પહોંચી જતો. ડગ્લાસે તેનાં ભાષણોમાં જે કહ્યું એમાં લિંકન ખામીઓ કાઢતો. લિંકનના આવી રીતે પીછો કરવાથી કંટાળીને ડગ્લાસે તેને ડિબેટ માટે પડકાર્યો. તકની રાહ જોતો લિંકન તરત જ તૈયાર થઈ ગયો. આવી જ તર્જ પર 1960માં 102 વર્ષ પછી પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચા થઈ હતી. આવતીકાલે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાયડન અમેરિકાના પ્રમુખપદની ચર્ચાના ઈતિહાસને આગળ ધપાવતા એકબીજાનો સામનો કરશે. આ 14મી રાષ્ટ્રપતિની ચર્ચા હશે. આ ચર્ચા 64 વર્ષ પછી ટીવી સ્ટુડિયોમાં પાછી ફરશે. એ એટલાન્ટામાં મીડિયા નેટવર્ક CNNના સ્ટુડિયોમાં હાથ ધરવામાં આવશે. ડિબેટ રાત્રે 9 વાગ્યે શરૂ થશે. જોકે ભારતીય સમય મુજબ જોવા જઈએ તો આ ડિબેટ 28 જૂન, શુક્રવાર, સવારે 6:30 વાગ્યે શરૂ થશે. 5 નવેમ્બરની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં સપ્ટેમ્બરમાં બીજી ચર્ચા યોજાશે, જેનું આયોજન ABC દ્વારા કરવામાં આવશે. 5

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં ઉમેદવારો વચ્ચે મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચાઓ થાય છે. એના આધારે મતદારો ઉમેદવારો વિશે અભિપ્રાય બનાવે છે. એને પ્રેસિડેન્શિયલ ડિબેટ કહેવામાં આવે છે. ટીવી પર ડિબેટ જોનારાઓએ કેનેડીને વધુ સારું રેટ કર્યું. એ જ સમયે રેડિયો પર ચર્ચા સાંભળનારાઓએ નિક્સનને વિજેતા જાહેર કર્યા. એનું કારણ એ હતું કે નિક્સનની વિદેશનીતિ પર ઊંડી પકડ હતી, તેઓ રેડિયો ડિબેટમાં પણ નિષ્ણાત હતા, જોકે 1960ની ચૂંટણી કેનેડી જીતી ગયા હતા. આ ચર્ચા એટલી લોકપ્રિય બની હતી કે અમેરિકામાં દરેક ત્રીજી વ્યક્તિ તેને જોતી હતી.સોશિયલ મીડિયા: સોશિયલ મીડિયા પણ જીત કે હાર નક્કી કરવામાં મદદરૂપ છે. અહીં જનતાની પ્રતિક્રિયા પણ બતાવે છે કે કોનો હાથ ઉપર હતો. મતદાન હેતુ સર્વે: એજન્સીઓ મતદાન હેતુ સર્વે કરે છે. લોકોને પૂછો કે શું ચર્ચાએ તેમનો મતદાનનો નિર્ણય બદલ્યો છે. જે ઉમેદવાર વધુ લોકોના મનને બદલે છે તે વિજેતા છે. અમેરિકન પ્રમુખપદની ચર્ચાઓ ક્યાં યોજાય છે? 1960માં અમેરિકાની પ્રથમ પ્રેસિડેન્શિયલ ડિબેટ ટીવી સ્ટુડિયોમાં અને એબીસી દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી. આ પછી સતત 3 ચૂંટણીઓ (1964, 1968 અને 1972)માં કોઈ ચર્ચા થઈ નથી.

સિટી એક્સપ્રેસ
SATURDAY 29 JUNE-2024
AHMEDABAD

## ગાંધીનગરમાં ઉકળાટ વધતાં નાગરિકો પરેશાન

ગાંધીનગર | ગાંધીનગરમાં ગત સોમવારે સામાન્ય વરસાદ પડ્યા પછી આંતરે દિવસે ઝરમર વરસાદ પછી નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ગાંધીનગરમાં ધૂપછાંવભર્યા માહોલ વચ્ચે કેટલાક વિસ્તારોના છૂટાછવાયા તેમજ ઝરમર વરસાદ વરસીને બંધ થઈ જતાં ઉકળાટમાં વધારો થયો છે. દિવસ દરમિયાન ધૂપછાંવનો માહોલ જામતા લોકોમાં વરસાદની મીટ બંધાઈ હતી. પરંતુ વરસાદે હાથતાળી આપતાં નગરજનો અસહ્ય ઉકળાટથી તોબા પોકારી ઉઠયા છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ઠેરઠેર સારા વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરી છે.

## મુસાફરોનો કિંમતી સામાન ચોરતી ગેંગનાં 3 ઝડપાયા

ગાંધીનગર | ગાંધીનગરમાં મુસાફરોને બેસાડી નજર ચુકવીને કિંમતી સર સામન ચોરી લેતી રીક્ષા ગેંગનાં પાંચ ઈસમો પૈકીનાં ત્રણને લોકલ ક્રાઈમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે ઝડપી લીધા છે. પોલીસે કુલ રૂ. 1 લાખ 30 હજારનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ, કલોલ અને સાબરમતી પોલીસ મથકમાં નોંધાયેલા કુલ ચાર ગુનાઓનો ભેદ ઉકેલી કાઢ્યો છે. ગાંધીનગરમાં છેલ્લા ઘણા વખતથી રીક્ષા ગેંગ મુસાફરોને મંજિલ સુધી પહોંચાડવા રિક્ષામાં બેસાડી તકનો લાભ લઈ કિંમતી સર સામના ચોરીને નાસી જતી હોવાની બૂમરાણ ઉઠી હતી.




### NEWS BRIEF

## અમદાવાદ આવતી-જતી ઇન્ડિગોની બે ફ્લાઇટ રદ



અમદાવાદ | દિલ્હી ઉપર વાતાવરણ જાણે કોપાયમાન થયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. થોડા દિવસ અગાઉ જ્યાં કાળઝાળ ગરમી પડી રહી હતી ત્યાં વહેલી સવારે જોરદાર વરસાદ વરસતા એરપોર્ટ પર ટર્મિનલ-1ની દીવાલ તૂટી પડતા દુર્ઘટના સામે આવી છે. જેમાં કેટલાક લોકો ઘાયલ પણ થયા હોવાની માહિતી મળી રહી છે. આ દુર્ઘટના અને હવામાનની અસર અમદાવાદની હવાઈ મુસાફરી પર પડી છે. કારણ કે, દિલ્હીથી આવતી એક ફ્લાઈટ અને અમદાવાદથી દિલ્હી જતી એક ફ્લાઈટ એમ બે ફ્લાઈટ રદ કરવી પડી છે. જ્યારે દિલ્હીથી આવતી એક ફ્લાઈટ અઢી કલાક મોડી પડી છે. આથી એરપોર્ટ પર મુસાફરો રઝળી પડ્યા હતા.

## PCBએ SG હાઈવે પર કારમાંથી દારૂ અને બીયરનો જથ્થો ઝડપ્યો



અમદાવાદ | અમદાવાદ PCB એ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થાર કારમાં ભરેલ વિદેશી દારૂની બોટલ અને ટીનના બીયર જપ્ત કર્યા હતા. સમગ્ર ઘટનામાં કાર સાથે 17 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો સાથે 5 આરોપીઓ પોલીસ ચોપડે ફરાર છે. પીસીબીને બાતમી મળી હતી કે રાજસ્થાનથી નિકળેલી કાર સરખેજ થઈને ચોટીલા તરફ જઈ રહી છે ત્યારે પીસીબીએ સરખેજ વિસ્તારમાં કાર રોકી હતી અને તેમાંથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો હતો,સમગ્ર ઘટનામાં પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે,વિદેશી દારૂની બોટલ અને બીયર મળીને 1614 નંગ,કાર અને દારૂની કિંમત સાથે 17 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયા છે.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 27 જૂનના રોજ 158મું અંગદાન થયું



અમદાવાદ | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 27 જૂનના રોજ 158મું અંગદાન થયું હતું. હોસ્પિટલ ખાતે થયેલ અંગદાનની વાત કરીએ તો મજૂરી કામ કરતા 43 વર્ષીય હરિસિંહ ચૌહાણને ઉદયપુર નજીક બાઈક પર એક્સિડેન્ટ થતા સઘન સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા. સિવિલમાં સારવાર દરમિયાન 26-6-2024ના રોજ ડોક્ટરોએ હરિસિંહને બ્રેન ડેડ જાહેર કર્યા હતા. હરિસિંહ અપરિણીત હોવાથી તેમના માતા તેમજ ભાઈ મહેન્દ્રસિંહ અને અન્ય હાજર પરિવારજનોને સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સની ટીમે હરિસિંહના બ્રેન ડેડ હોવા તેમજ અંગદાન વિશે સમજાવતા તેમણે પરોપકાર ભાવ સાથે અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો.

## અમદાવાદ SOGએ 5 લાખનું MD ડ્રગ્સ ઝડપ્યું, એકની કરી ધરપકડ




અમદાવાદ | અમદાવાદમાં ફરી એક વાર ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ SOGએ 51.400 ગ્રામ એમડી ડ્રગ્સ પકડ્યુ છે અને સાથે જ એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ એમડી ડ્રગ્સની કિંમત બજારમાં રૂપિયા 5.14 લાખ જેટલી આંકવામાં આવી રહી છે. અમદાવાદ SOGએ એમડી ડ્રગ્સની સાથે એક આરોપીની ધરપકડ કરી છે, આરોપીનું નામ ફિરોઝ ઉર્ફે ભાઈમિયા મેવાતી જણાવવામાં આવી રહ્યું છે. સાથે જ SOGની ટીમે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને મધ્યપ્રદેશના અન્ય આરોપી ભૂરા મેવાતીની શોધખોળ પણ શરૂ કરી છે.

### SG હાઇવે, ગોતા, બોડકદેવ, થલતેજ, બોપલ સહિતમાં વીજળીના કડાકાભડાકા સાથે મેઘરાજા પધાર્યા

# અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

(એજન્સી) અમદાવાદ | તા.28

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી દીધી છે, ત્યારે આગાહી મુજબ આજે સાંજે અમદાવાદમાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા છે. શહેરના બોડકદેવ, સિંધુભવન, થલતેજ, વેજલપુર, સેટેલાઈટ, પાલડી, સહિત અલગ અલગ ઘણા વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે અમદાવાદમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા લોકોમાં એક ખુશી જોવા મળી રહી છે. સાંજે આવેલા વરસાદ બાદ અમદાવાદવાસીઓને ગરમી અને બફારામાંથી થોડાક અંશે રાહત મળી છે. શહેરના અન્ય વિસ્તાર ગોતા, ઈસ્કોન, એસજી હાઈવે, પ્રહલાદનગર, શિવરંજનીમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે.



### શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાયા

શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે. પાલડીના જલારામ અંડરપાસમાં બે સ્થળે પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પાણી ભરાવા ઉપરાંત RCCનું સ્ટ્રકચર પણ તૂટી ગયું અને સળિયા દેખાવા લાગ્યા છે. ત્રણ માસ પહેલા જ આ અંડરપાસનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થયું હતું.

### ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ

ગુજરાતના અનેક વિસ્તારોમાં ચોમાસાનો વરસાદ ચાલુ થઇ ગયો છે. કચ્છ, મોરબી, જામનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, આણંદ, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

### શહેરના ક્યા વિસ્તારોમાં ખાબક્યો વરસાદ ?

સરખેજ, પ્રહ્લાદનગર, ઈસ્કોન, બોપલ, ગોતા, સિંધુ ભવન, નહેરૂનગર, ઘાટલોડિયા, રાણીપ, વેજલપુર, વૈષ્ણવદેવી, લો ગાર્ડન, જમાલપુર, અંજલિ ચાર રસ્તા, પરિમલ ગાર્ડન, મેમનગર, શાસ્ત્રીનગર, પાલડી, લો-ગાર્ડન, નારણપુરા એસ.જી હાઈવે સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકાભડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી.

### અમદાવાદવાસીઓને બફારામાંથી થોડાક અંશે રાહત મળી....

અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે મેઘરાજાનું આગમન થયું છે અમદાવાદમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં બપોર બાદ SG હાઈવે, ગોતા, બોપલ સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકાભડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. અમદાવાદમાં સાંજે પાંચ વાગ્યા પછી વરસેલા વરસાદી ઝાપટાએ લોકોને ગરમીમાં રાહત આપી છે, અમદાવાદવાસીઓને બફારામાંથી થોડાક અંશે રાહત મળી છે. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. પરંતુ સાંજે શાળાઓ છૂટવાના સમયે આવેલા વરસાદે બાળકોને શાળાએથી ઘરે જવામાં તકલીફ પડી હતી. સાંજે સાડા પાંચ કલાકે 20 મિનિટ સુધી વરસેલા વરસાદથી રોડ રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં હતા. સાંજે માર્કેટમાં નીકળેલા અનેક લોકો અચાનક આવેલા વરસાદી ઝપટામાં પલળ્યા હતા. દ્વિચક્રી વાહન ચાલકો પણ વરસાદની મજા લેતા જતા જોવા મળ્યા હતા.

## રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર માટે રૂપિયા 185 કરોડ મંજૂર




(એજન્સી) રાજકોટ | તા.28

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર માટે રૂપિયા 185 કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર નિર્માણની મહાનગરપાલિકાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેના માટે કુલ રૂ.185.79 કરોડના અંદાજિત ખર્ચે રાજકોટમાં કટારીયા ચોકડી પર અંડરબ્રિજ અને ફ્લાય ઓવર બ્રિજના ફેઝ-2નું કામ, રૈયા ગામથી સ્માર્ટ સિટીના ડી.પી. રોડ પર વોકળા બ્રિજ નિર્માણ, 150 ફૂટ રીંગ રોડ પર કટારીયા ચોકડીથી સ્માર્ટ સિટી જતા રોડ પર ત્રણ બ્રિજના વાઈડનીંગ કામ તેમજ ખોખળ દળ નદી ઉપર કોઠારીયા તથા લાપાસરીને જોડતા માર્ગ પર હાઈ લેવલ બ્રિજ બનાવવાના કામોનો સમાવેશ થાય છે.

**CMએ મહાનગરપાલિકાની દરખાસ્તને આપી સૈદ્ધાંતિક મંજૂરી**

**શિહોર નગરપાલિકામાં ટાઉનહોલ બનાવવા CMએ આપી મંજૂરી :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિહોર નગરપાલિકામાં ટાઉનહોલ બનાવવાના હેતુસર રૂ. 8 કરોડ 31 લાખ 50 હજારના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમણે ગોંડલ નગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નિર્માણ માટે રૂપિયા 6 કરોડ 92 લાખ 84 હજારના કામો મંજૂર કર્યા છે.

## અમદાવાદમાં ગેરેજમાંથી ગાડીઓ ચોરતી ગેંગના ત્રણ શખસ ઝડપાયા, પોલીસે 4 ગાડી કબજે કરી

(એજન્સી) અમદાવાદ | તા.28

અમદાવાદમાં ચોરી અને લૂંટની ઘટનાઓ સતત પ્રકાશમાં આવી રહી છે. શહેરમાં ગેરેજમાં મુકેલી ગાડીઓની ચોરીના બનાવો છેલ્લા એક મહિનામાં વધી રહ્યાં છે. ત્યારે પોલીસે સરખેજ, આનંદનગર અને ઘાટલોડિયામાં ગેરેજમાંથી કારની ચોરી કરનારી ગેંગના ત્રણ શખસને ચાર ગાડીઓ સાથે ઝડપી પાડ્યાં છે. પોલીસે તેમની પાસેથી કુલ 22 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. અમદાવાદમાં સરખેજ, આનંદનગર અને ઘાટલોડિયામાં છેલ્લા એક મહિનામાં ચાર જેટલી લક્ઝુરિયસ કારની ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી.

**બે BMW સહિત ચાર કાર મળી આવી**

ગેરેજમાં રિપેરિંગ કરવા આવેલી કારની ચોરી કરતી ગેંગ અમદાવાદમાં સક્રિય થઈ ગઈ છે. ત્યારે આ ગુનાને ઉકેલી નાંખવા માટે અમદાવાદ ઝોન-7




એલસીબી દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ખાનગી બાતમીને આધારે પોલીસે કાર ચોરીનો ગુનો ઉકેલી નાંખ્યો છે. પોલીસે અમદાવાદનો એક અને રાજકોટના બે આરોપીની ધરપકડ કરી છે. તે ઉપરાંત હજી રાજકોટના બે આરોપી ફરાર હોવાથી તેમને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. પોલીસે આ ત્રણ આરોપી પાસેથી બે BMW, I20 અને મારુતિ બલેનો કાર જપ્ત કરી છે.

## પૂર્ણેશ મોદીની શાહ-નડ્ડા સાથે સૂચક મુલાકાત

### રાહુલ ગાંધી સામે કેસ કરનાર પૂર્ણેશ મોદીને રાષ્ટ્રીય સંગઠનમાં લઈ જવાશે કે પ્રદેશ પ્રમુખ બનાવાશે?

(એજન્સી) અમદાવાદ | તા.28

ગત 4 જૂનના રોજ લોકસભા ચૂંટણી 2024નાં પરિણામો જાહેર થયાં હતાં. ત્યાર બાદ ત્રીજીવાર બનેલી મોદી સરકારમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા હતા, જેથી તેમના અનુગામી કોણ બનશે એને લઈ ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં આગામી તારીખ 4 અને 5 જુલાઈના રોજ બોટાદ સ્વામિનારાયણ મંદિર ખાતે ભારતીય જનતા પાર્ટીની વિસ્તૃત બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ બેઠક અગાઉ સુરત પશ્ચિમના ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીની કેન્દ્રીય મોવડીમંડળ સાથે મુલાકાત કરી હોવાની સૂચક તસવીરો બહાર આવી છે.



## એમ.એસ. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનો વધુ એકવાર હંગામો, VCના બંગલામાં ઘૂસીને ઉગ્ર વિરોધ પ્રદર્શન

### હોસ્ટેલમાં રહેવા અને જમવાની ફીમાં વધારા સામે વડોદરાની MS યુનિ.ના વિદ્યાર્થીઓનો ઉગ્ર દેખાવ

(એજન્સી) વડોદરા | તા.28

વડોદરા શહેરની એમ.એસ. યુનિવર્સિટી વધુ એક વખત વિવાદમાં આવી છે. યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેવા અને જમવાની વાર્ષિક ફીમાં વધારો કરવાના સત્તાધીશોના નિર્ણય સામે વિદ્યાર્થીઓ દ્વારા આજે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.

આ ઘટનાને પગલે એસીપી સહિત પોલીસનો કાફલો વીસી બંગલે દોડી ગયો હતો. આ ઉપરાંત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, પી.આર.ઓ અને ચીફ વોર્ડન અધિકારી પણ તાબડતોડ વાઈસ ચાન્સેલરના બંગલે પહોંચી ગયા હતા અને યુનિવર્સિટીના સત્તાધીશોએ સમજાવવાનો પ્રયાસ કર્યો છતાં વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન અને સૂત્રોચાર યથાવત રાખ્યા હતા. ઉલ્લેખનીય છે કે સૌથી વધુ વડોદરા બહારના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને પોતાનો અભ્યાસ કરે છે. ત્યારે આ હોસ્ટેલમાં રહેવા અને જમવાની ફી વધારાથી ઘણા વિદ્યાર્થીઓનું બજેટ પણ વિખરાઈ જાય તેવી સ્થિતિ છે.

### વરસતા વરસાદમાં ઉગ્ર વિરોધ કર્યો



હોસ્ટેલમાં એડમિશન માટે વિદ્યાર્થીઓને ફરજિયાત પણે રૂપિયા 24 હજાર ચૂકવવા પડશે અને હોસ્ટેલ મેસમાં ભોજન કરો કે ના કરો પણ ફૂડ બિલ પણ ચૂકવવુ પડશે. વિદ્યાર્થીઓએ જૂના નિયમ મુજબ હોસ્ટેલમાં એડમિશન આપવાની માગ કરી છે અને તમામ વિદ્યાર્થીઓએ શુક્રવાર સાંજે વાઈસ ચાન્સેલરના નિવાસસ્થાનમાં ઘૂસીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. વરસતા વરસાદમાં વિદ્યાર્થીઓએ વાઈસ ચાન્સેલરના બંગલામાં રામ ધુન અને હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.

### હોલસેલમાં શાકભાજીનો ભાવ 30થી 40 ટકા ઘટ્યો છતાં છૂટક વેપારીઓનો જૂના ભાવ યથાવત્


## 3 જ દિવસમાં શાકભાજીના ભાવમાં ફેરફાર

(એજન્સી) અમદાવાદ | તા.28

ગુજરાતમાં છેલ્લા દશથી વધુ દિવસથી છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે, જેને કારણે શાકભાજીના પાકમાં ઉત્પાદન વધ્યું છે. રાજ્યના વિવિધ એપીએમસી માર્કેટમાં શાકભાજીનો જમાવડો થયો છે, જેને કારણે ત્રણ દિવસ અમદાવાદ શહેરના જમાલપુરના એપીએમસી માર્કેટમાં શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ગઈકાલથી (27 જૂન) શાકભાજીના ભાવમાં 30થી 40 ટકાનો ઘટાડો થયો છે. આ ભાવ ઘટાડો માત્ર હોલસેલરો માટે ફાયદારૂપ સાબિત થઈ રહ્યો છે. કેમ કે, હોલસેલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં પણ છુટક વેપારીઓ ગ્રાહકો પાસેથી જૂના ભાવ જ વસુલી રહ્યાં છે. છુટક વેપારીઓ ભાવમાં ઘટાડો ન કરતા હાલ ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે.

**છુટક વેપારીઓનું જૂના ભાવે જ વેચાણ**

અમદાવાદ શહેરના જમાલપુર ખાતેના એપીએમસી માર્કેટમાં ત્રણ દિવસ અગાઉ 25 જૂનના રોજ જે શાકભાજીના ભાવ હતા, તેના કરતા આજના ભાવમાં 40 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. માર્કેટમાં શાકભાજીની આવકમાં વધારો થતા હોલસેલના વેપારી માલનો જલદી નિકાલ કરવા માટે છુટક વેપારીને સસ્તા શાકભાજી આપી રહ્યા છે. કારણ કે, વરસાદને કારણે શાકભાજી ઝડપથી બગડી જાય છે અને હાલમાં અમદાવાદ શહેરમાં પાંચ દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના રહેલી છે.



### બહારનું ખાવું એટલે રોગને આમંત્રણ

## શાકમાં વંદો, અથાણાંમાંથી ગરોળી અને કોલ્ડડ્રીંકમાંથી નીકળ્યો કાનખજૂરો...

(એજન્સી) અમદાવાદ | તા.28

છેલ્લા ઘણાં સમયથી ખાણીપીણીની વસ્તુઓમાં જીવ જંતુ જોવા મળ્યા હોય તેવા કેટલાંય કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. તેવામાં જમવાની જગ્યાએ જેર પિરસવામાં આવતું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

### અથાણાના ડબ્બામાંથી ગરોળી નીકળી



અમદાવાદના આનંદનગર જોધપુરમાં રાવલ પરિવારે 28 મેના રોજ વેજલપુર સ્થિત શ્રેયસ કોમ્પલેક્ષમાં આવેલા જૈન ગૃહઉદ્યોગમાંથી અથાણું ખરીદ્યુ હતું. પરિવાર રોજ અથાણુ ખાતા હતા. પરંતુ ગઈ કાલે (27 જૂન) અથાણુ પૂરુ થવાના આરે આવતા તેમાંથી ચમચી વડે વધેલુ અથાણુ બહાર નીકાળતા આખી નાની ગરોળી નીકળી હતી. વિશેષમાં પરિવારે જણાવ્યુ હતું કે, અથાણુ રોજ ખાતા હોવાથી છેલ્લા એક મહિનાથી પરિવારને ઝાડા ઊલટીની અસર રહી હતી.

### સરખેજમાં ઠંડા પીણાની બોટલમાંથી કાનખજુરો નીકળ્યો

સરખેજના ગંજ પાન પાર્લર માંથી ગ્રાહકે ઠંડા પીણાની બોટલ ખરીદી હતી. બોટલ ખોલતા તેમાંથી કાનખજુરો નીકળ્યો હોવાનું જાણવા મળ્યુ હતું. ત્યારબાદ આ સમગ્ર ઘટનાનો ગ્રાહકે વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. આ ઠંડુ પીણુ પીવાથી ગ્રાહકે તબિયત પણ લથડી હોવાનો દાવો ગ્રાહકે કર્યો હતો.

### નરોડામાં હોટલના પંજાબી શાકમાંથી વંદો નીકળ્યો



થોડા દિવસ પહેલાં અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં આવેલી મયૂર હોટલના પંજાબી શાકમાંથી પણ વંદો નીકળ્યો હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરવામાં આવ્યો છે. જે પંજાબી શાક હતું એમાં જ્યારે ગ્રાહકે કાઢ્યું ત્યારે એમાં વંદા જેવું નીકળ્યું હતું. આ અંગેનો વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં પણ મૂકવામાં આવ્યો છે. દિન-પ્રતિદિન ખાણી-પીણીની ચીજવસ્તુઓમાંથી આ રીતે જીવાત અને વંદાઓ નીકળવાની ઘટનાઓ બની રહી છે.